પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૩-૦૧-૨૦૨૬-શનિવાર, સુરત

30th ANNIVERSARY

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# વેનેઝુએલા પર અમેરિકી હવાઈ દળના હુમલા

## રાજધાની કારાકાસમાં રાત્રે ઓછી ઉંચાઈએ ઉડતા વિમાનો દેખાયા બાદ એક પછી એક સાત ધડાકા થતા વીજળી ગુલ

નવી દિલ્હી, તા. ૦૩

વેનેઝુએલાની રાજધાની કારાકાસમાં શનિવારે સવારે ઓછામાં ઓછા ૭ ધડાકા થયા છે. પ્રથમ ધડાકો સ્થાનિક સમય અનુસાર રાત્રે લગભગ ૨ વાગ્યે થયો હતો.આ સાથે જ શહેર ઉપરથી ઓછી ઊંચાઈએ ઉડતા વિમાનોનો અવાજ પણ સંભળાયો હતો. ધડાકાનો અવાજ સાંભળતા જ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં લોકો ગભરાઈને રસ્તાઓ પર આવી ગયા હતા.કારાકાસના ઘણા વિસ્તારોમાંથી દૂર-દૂર સુધી લોકોને બહાર ઊભેલા જોવામાં આવ્યા હતા. આ ઘટના પર વેનેઝુએલા સરકાર તરફથી તાત્કાલિક કોઈ



પ્રતિક્રિયા આવી નથી.રોયટર્સના અહેવાલ મુજબ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં જોરદાર અવાજો સંભળાયા હતા. શહેરનો દક્ષિણી વિસ્તાર, જે એક મોટા સૈન્ય અડ્ડાની નજીક છે, ત્યાં વીજળી પણ ગુલ થઈ ગઈ હતી. આ પહેલા વેનેઝુએલાએ ૫ અમેરિકી નાગરિકોની ધરપકડ કરી હતી.

આ પહેલા અમેરિકી બ્રોડકાસ્ટર ટકર કાર્લસને દાવો કર્યો હતો કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ વેનેઝુએલા સાથે યુદ્ધની ઘોષણા કરી શકે છે. ટકર કાર્લસને આ વાત પોતાના ઓનલાઈન શો 'જજિંગ ફ્રીડમ'માં કહી હતી.

અનુસંધાન પાના ૭ પર

# પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ પર લાખો શ્રદ્ધાળુઓનું માઘ સ્નાન

### માઘ મેળાના પહેલા દિવસે ભક્તોની ભીડ જામી : સંતો-મહંતો :ઋષિઓએ પણ સ્નાન કર્યું

નવી દિલ્હી, તા. ૦૩

પ્રયાગરાજ. પોષ પૂર્ણિમા અને માઘ મેળાના પહેલા દિવસે, પ્રયાગરાજમાં ભક્તો શ્રદ્ધાનું પવિત્ર સ્નાન કરી રહ્યા છે, અને લાખો લોકો તેમના પૂર્વજોની પૂજા કરવા માટે પવિત્ર નદીઓમાં સ્નાન કરવા પહોંચ્યા છે. સામાન્ય જનતાની સાથે, ત્રિવેણી સંગમમાં સંતો અને ઋષિઓનો મેળાવડો પણ જોવા મળે છે. પ્રયાગરાજના કિન્નર અખાડાના મહામંડલેશ્વર સ્વામી કલ્યાણી નંદગિરી પણ માઘ મેળા માટે પહોંચ્યા હતા. માઘ મેળામાં પહોંચેલા કિન્નર અખાડા મહામંડલેશ્વર સ્વામી કલ્યાણી નંદગિરીએ IANS સાથેની વાતચીતમાં કહ્યું, "હું ભારતના તમામ ભક્તોને કહેવા માંગુ છું કે આ વખતે આપણને ભવ્ય મીની કુંભનું વરદાન મળ્યું છે. મુખ્યમંત્રી યોગીના નેતૃત્વમાં ભક્તો માટે ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. હું બધા માટે માતા ગંગાને પ્રાર્થના કરીશ કે તે બધાના દુઃખ દૂર કરે. માઘ મેળાના પ્રસંગે મેળા અધિકારી ઋષિ રાજે પણ કહ્યું કે

મોટી સંખ્યામાં ભક્તોને ધ્યાનમાં રાખીને તમામ તૈયારીઓ કરવામાં આવી છે. તેમણે IANS સાથેની વાતચીતમાં કહ્યું કે "પોષ પૂર્ણિમાના શુભ અવસર પર માઘ મેળો શરૂ થઈ ગયો છે. સવારે ૮ વાગ્યા સુધીમાં લગભગ ૬૫ લાખ ભક્તોએ પવિત્ર સ્નાન કર્યું હતું. "ભક્તો અને યાત્રાળુઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે અને વિવિધ ઘાટ પર સ્નાન કરી રહ્યા છે."તેમણે વધુમાં જણાવ્યું કે શ્રદ્ધાળુઓ માટે ચેન્જિંગ રૂમ અને બાથરૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રયાગરાજ જિલ્લા મેજિસ્ટ્રેટ મનીષ કુમાર વર્માએ સુરક્ષા વ્યવસ્થા અંગે વાત કરતા જણાવ્યું કે સવારે શુભ મુહૂર્ત આવતાની સાથે જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સ્નાન કરવા માટે આવી રહ્યા છે. શ્રદ્ધાળુઓનો પ્રવાહ અવિરત ચાલુ રહે છે, અને સ્નાન કર્યા પછી, લોકો સુરક્ષિત રીતે તેમના સ્થળોએ જવા રવાના થઈ રહ્યા છે. તમામ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઘાટ અને શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે પોલીસ અને અધિકારીઓ તૈનાત છે.

અનુસંધાન પાના ૭ પર



# ઓપરેશન સિન્દુર રોકવા ચીને પણ મધ્યસ્થી કરી હોવાન પાક.નો દાવો

### ચાર દિવસે પૂર્વે ચીને કરેલા દાવાને પાક.નું સમર્થન

નવી દિલ્હી, તા. ૦૩

પાકિસ્તાને ચીનના 'ઓપરેશન સિંદૂર' દરમિયાન મધ્યસ્થીના દાવાને સમર્થન આપ્યું છે. ચીનના દાવા સંબંધિત પ્રશ્નના જવાબમાં પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ ગુરુવારે પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે ચીનના નેતાઓ તે દિવસોમાં પાકિસ્તાની નેતૃત્વ સાથે સતત સંપર્કમાં હતા. ચીનના નેતાઓએ ભારતીય નેતૃત્વ સાથે પણ કેટલીક વાતચીત કરી હતી.

પાકિસ્તાનનું આ નિવેદન ચીનના વિદેશ મંત્રી વાંગ યીના નિવેદન બાદ આવ્યું છે. વાંગ યીએ ૩૦ ડિસેમ્બરે બીજિંગમાં કહ્યું હતું કે ચીન વિશ્વના ઘણા સંઘર્ષોને ઉકેલવામાં મદદ કરતું રહ્યું છે. તેમણે જણાવ્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ દરમિયાન પણ ચીને મધ્યસ્થી કરી હતી.પાકિસ્તાન સરકારે ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કર્યા હતા. પાકિસ્તાનનું કહેવું હતું કે ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન ટ્રમ્પની રાજદ્વારી પહેલ અને મધ્યસ્થીએ એક મોટા યુદ્ધને ટાળવામાં મદદ કરી.પાકિસ્તાની સરકારે પોતાના ઓફિશિયલ સ્ટેટમેન્ટમાં કહ્યું હતું કે ટ્રમ્પે નવી દિલ્હી અને ઈસ્લામાબાદ બંને સાથે વાત કરીને યુદ્ધવિરામમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. આનાથી બે પરમાણુ શક્તિ ધરાવતા દેશો વચ્ચે યુદ્ધની આશંકા ટળી ગઈ.ચીન અને ટ્રમ્પના દાવાઓથી વિપરીત, ભારત સરકારે પહેલા પણ સ્પષ્ટપણે કહ્યું છે કે આ સમગ્ર મામલામાં કોઈ ત્રીજા દેશની કોઈ ભૂમિકા નહોતી. ભારતનું કહેવું છે કે આ તણાવ સીધો ભારત અને પાકિસ્તાનની સેનાઓ વચ્ચેની વાતચીતથી જ સમાપ્ત થયો.ભારત અનુસાર, ભારે નુકસાન થયા પછી પાકિસ્તાનના સૈન્ય અધિકારીએ ભારતીય સૈન્ય અધિકારીનો સંપર્ક કર્યો હતો.

ભારતનું કહેવું છે કે પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ

અનુસંધાન પાના ૭ પર

# નેપાળમાં વિમાન રનવે પરથી લપસી ગયું : ૫૦ મુસાફરોનો બચાવ

### રનવે પરથી લપસી ગયેલુ વિમાન નદી પાસે અટકી જતા મોટી દુર્ઘટના ટળી

નવી દિલ્હી, તા. ૦૩

નેપાળના ભદ્રપુર એરપોર્ટ પર શુક્રવારે રાત્રે લેન્ડિંગ કરતી વખતે બુદ્ધ એરનું એક વિમાન રનવે પરથી લપસી ગયું. અધિકારીઓનું કહેવું છે કે વિમાનમાં ૫૦ મુસાફરો હતા. બધા સુરક્ષિત છે અને તેમને બહાર કાઢવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિમાન કાઠમંડુથી ભદ્રપુર જઈ રહ્યું હતું. રાત્રે લગભગ ૯ વાગ્યે ભદ્રપુરમાં લેન્ડિંગ દરમિયાન એ રનવે પરથી નીચે ઊતરી ગયું. વિમાન રનવેથી લગભગ ૨૦૦ મીટર દૂર એક નાની નદી પાસે અટકી ગયું. આ દરમિયાન વિમાનને પણ નુકસાન થયું.શુક્રવારે સાંજે નેપાળમાં ભદ્રપુર એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન બુદ્ધ એરનું એક પેસેન્જર વિમાન રનવે પરથી લપસી ગયું હતું. રાહતની મોટી વાત એ છે કે વિમાનમાં સવાર તમામ ૫૦ મુસાફરો અને ચાર ક્રૂ-સભ્યો સુરક્ષિત છે. એવું કહેવામાં આવ્યું હતું કે નજીકમાં એક નદી હતી. જો વિમાન રોકાયું ન હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત.કાઠમંડુ પોસ્ટ અનુસાર, બુદ્ધ એર ફ્લાઈટ ૯૦૧એ સ્થાનિક સમય મુજબ રાત્રે ૮:૨૩ વાગ્યે કાઠમંડુથી ઉડાન ભરી હતી. આ વિમાન કેપ્ટન શૈલેષ લિમ્બુ ઉડાડી રહ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

# બદ્રીનાથમાં માઈનાસ ૧૩ ડીગ્રી રાજસ્થાન, એમપીમાં કાતિલ ઠંડી

### માઉન્ટ આબુ પર શૂન્ય ડીગ્રી તાપમાન

નવી દિલ્હી, તા. ૦૩

રાજસ્થાનમાં નવા વર્ષમાં પહેલીવાર તાપમાન ૦ ડિગ્રીએ પહોંચ્યું છે. હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પારો ગગડ્યો છે. રણ પ્રદેશના જિલ્લાઓ બાડમેર, બીકાનેરમાં પણ કડકડતી ઠંડી રહી. સીકર, હનુમાનગઢ સહિત ૧૦ જિલ્લાઓમાં ધુમ્મસનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

જ્યારે મધ્ય પ્રદેશમાં આગામી ૩ દિવસ ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે પછી તીવ્ર ઠંડી પડશે. ભોપાલ અને ઈન્દોરમાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના મતે જાન્યુઆરીમાં ૧૫ થી ૨૦ દિવસ સુધી કોલ્ડવેવ રહી શકે છે. કડકડતી ઠંડીનો દોર બીજા સપ્તાહમાં શરૂ થશે, જે અંત સુધી ચાલુ રહેશે.

ઉત્તરાખંડમાં કેદારનાથ, બદ્રીનાથ અને હેમકુંડ સાહિબ સહિત પિથોરાગઢમાં બરફ પડ્યો જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ઠંડી વધી ગઈ છે. ૭ શહેરોમાં તાપમાન શૂન્યથી નીચે પહોંચી ગયું. બદ્રીનાથમાં તાપમાન માઈનસ ૧૩ ડિગ્રી નોંધાયું.

બીજી તરફ, દિલ્હીમાં શનિવારે સવારનું તાપમાન ૧૦ ડિગ્રી નોંધાયું. આ સાથે AQI ૨૨૨ રેકોર્ડ કરવામાં આવ્યો.

# જનતાએ ચૂંટીને મોકલેલા ૩૦ ટકા સાંસદો ગૃહમાં મૌન બેસી રહ્યાં

### સંસદમાં ૬૦થી ૭૦ ટકા સંસદ સભ્યોએ સક્રિયતા દાખવી

નવી દિલ્હી, તા. ૦૩

દેશની જનતા સાંસદોને ચૂંટીને લોકસભામાં પોતાનો અવાજ પહોંચાડવા મોકલે છે, પરંતુ સંસદમાં ૩૦ ટકા સાંસદ જનતાના મુદ્દા ઉઠાવવા મોં પણ ખોલતા નથી. રસપ્રદ વાત એ છે કે પહેલા સત્રને બાદ કરતા એવું એકપણ સત્ર નથી, જ્યારે ૬૦-૭૦ ટકાથી વધુ સાંસદોએ સદનમાં સક્રિયતા દેખાડી હોય, હાલની ૧૮મી લોકસભાના ગત શિયાળુ સત્રમાં ૫૪૨માંથી માત્ર ૩૭૭ સાંસદોએ ડિબેટમાં ભાગ નહોતો લીધો, જ્યારે ૧૬૫ મુંગા જ રહ્યા.આ પહેલા જુલાઈ-૨૦૨૫ના મોન્સૂન સત્રમાં તો માત્ર ૨૫૧ સાંસદોએ જ ભાગીદારી કરી હતી. ખાસ બાબત એ છે કે ૭૩.૩૮ કલાક ચાલશે. શીતકાલીન સત્રમાં ગૃહમંત્રી અમિત શાહ, જગદંબિકા પાલ, સૌગત રાય અને મનીષ તિવારીને બાદ કરતા એવા કોઈ મંત્રી સાંસદ નહોતા, જે એક કલાકથી વધુ બોલ્યા હોય. ૧૮મી લોકસભાના કુલ ૩૬૭.૫૧

કલાક ચાલેલા ૬ સત્રોમાં માત્ર પાંચ-સાત નેતા જ એવા છે કે જેમનો ૧ કલાકથી વધુ સમય બોલવાનો રેકોર્ડ છે.સંસદના રેકોર્ડ મુજબ અનેક સાંસદોએ સદનમાં ભાગીદારી માટે ઉપસ્થિતિની માત્ર વિધિ જરૂર કરી પણ ચૂપ જ રહ્યા, તેમાં અનેક મોટા ચહેરા છે. ૧૮મી લોકસભામાં પહેલા બીજા અને ત્રીજા સત્રમાં ૪૮૨-૪૮૨ સંસદ સભ્ય આવેલા જ્યારે ૬૦ ગેરહાજર રહેલા, જ્યારે ચોથા સત્રમાં ૪૮૫ આવેલા અને ૫૭ ગેરહાજર રહેલા. પાંચમામાં ૪૯૪ આવેલા અને ૫૮ ગેરહાજર રહેલા, જ્યારે ગત છઠ્ઠા સત્રમાં ૪૮૬ હાજર અને ૫૬ સાંસદ ગેરહાજર રહેલા, સંસદમાં રેકોર્ડમાં રજિસ્ટર પર હસ્તાક્ષરના આધારે ૧૫ દિવસના ગત શિયાળુ સત્રમાં હેમામાલિની એક પણ દિવસ નહોતા આવ્યા.

પ્રિયંકા ગાંધી એક દિવસ, અખિલેશ યાદવ બે દિવસ, મનોજ તિવારી એક દિવસ, અસદુદ્દીન ઓવૈસી અને શશી થરૂર ત્રણ દિવસ, રવિ કિશન ૯ દિવસ, શત્રુઘ્નસિંહા ૭ દિવસ ગેરહાજર રહેલા.૧૮મી લોકસભાના ૬ સત્રોમાં વડાપ્રધાન મોદી કુલ ૫ કલાક, ૫૫

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં વાંદરાઓનો ઉપદ્રવ નાથવા આઠ લોકોની ભરતી

### લંગૂરનો અવાજ કાઢી શકે તેવા લોકો વિધાનસભા બહાર તૈનાત કરાશે

નવી દિલ્હી, તા. ૦૩

દિલ્હી વિધાનસભા પરિસરમાં વાંદરાઓના વારંવાર ઘૂસવા અને ઉપદ્રવ મચાવવાની સમસ્યાનો સામનો કરવા માટે વિધાનસભા પ્રશાસને નવી યુક્તિ શોધી કાઢી છે. વાંદરાઓને ભગાડવા માટે લંગૂરના અવાજની નકલ કરનારા લોકોને તૈનાત કરવાની યોજના બનાવવામાં આવી છે.

લોક નિર્માણ વિભાગ (PWD)એ લંગૂરોના અવાજ કાઢનારા લોકોની ભરતી માટે ટેન્ડર પણ બહાર પાડ્યું છે. અધિકારીઓના મતે, પહેલા તેમની પાસે લંગૂરની નકલ કરનારા લોકો હતા, પરંતુ તેમનો કરાર સમાપ્ત થઈ ગયો છે.હવે પ્રશાસન કાર્યકારી દિવસો અને શનિવારે પ્રશિક્ષિત કર્મચારીઓને તૈનાત કરવાની યોજના બનાવી રહ્યું છે, જેમાંથી દરેક કર્મચારી ૮ કલાકની શિફ્ટમાં કામ કરશે. આ કર્મચારીઓ લંગૂરના અવાજની નકલ કરીને વાંદરાઓને ભગાડશે. નિષ્ણાત પોતાની સાથે એક લંગૂર પણ લાવશે.

અધિકારીઓએ જણાવ્યું કે વિધાનસભાની આસપાસ ડઝનબંધ વાંદરાઓ હાજર રહે છે. તેઓ અવારનવાર તાર અને ડીશ એન્ટેના

અનુસંધાન પાના ૭ પર


# દરેક ડીલમાં પોતાના પરિવારનો ફાયદો જોતા યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પ

### ૨૦૨૫માં જે-જે દેશો સાથે સોદા કર્યા તેનાથી ટ્રમ્પના ફેમિલી બિઝનેસ વધ્યો : અમેરિકી અખબારના દાવો

નવી દિલ્હી, તા. ૦૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો બીજો કાર્યકાળ ટ્રમ્પ પરિવાર માટે કમાણીનું સાધન બની રહ્યો છે. ન્યૂયોર્ક ટાઈમ્સના એક રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ સરકારે છેલ્લા એક વર્ષમાં જે-જે દેશો સાથે મોટી ડીલ કરી, તે જ દેશોમાંથી ટ્રમ્પ પરિવારનો કારોબાર પણ ઝડપથી વધ્યો.

ટ્રમ્પ જ્યારે ફરીથી વ્હાઈટ હાઉસ પહોંચ્યા, ત્યારે તેમણે પહેલા કાર્યકાળની જેમ આ વચન આપ્યું ન હતું કે તેમનો પરિવાર નવા આંતરરાષ્ટ્રીય સોદા નહીં કરે. પરંતુ, ક્યારેક ક્રિપ્ટોને છેતરપિંડી ગણાવનારા



ટ્રમ્પ હવે પોતે ક્રિપ્ટોને પ્રોત્સાહન આપી રહ્યા છે. ટ્રમ્પ પરિવારનો કારોબાર હવે રિયલ એસ્ટેટથી આગળ ક્રિપ્ટો, છૈં, ડેટા સેન્ટર્સ સુધી ફેલાઈ ચૂક્યો છે.

આલોચકોનું કહેવું છે કે ટ્રમ્પના બીજા કાર્યકાળમાં રાષ્ટ્રપતિ પદ અમેરિકા માટે ઓછું અને પરિવાર માટે વધુ કામ કરતું દેખાઈ રહ્યું છે. એપ્રિલ ૨૦૨૫માં સાઉદી સમર્થિત ગોલ્ફ ટુર્નામેન્ટ દરમિયાન ટ્રમ્પે લખ્યું- 'આ અમીર બનવાનો શાનદાર સમય છે, પહેલા કરતા પણ વધુ અમીર.' તેઓ આ જ માર્ગે ચાલી રહ્યા છે.

# લક્ષણ વિના પૈંક્રિયાઝ કેન્સરનું એઆઈ દ્વારા સચોટ નિદાન થયું

### પ્રારંભીક અવસ્થાનું કેન્સર એઆઈએ શોધી કાઢયું

નવી દિલ્હી, તા. ૦૩

ચીનમાં ૫૭ વર્ષના મજૂર કિઉ સિજુન ડાયાબિટીસની તપાસ કરાવીને પાછા ફર્યા હતા. ૩ દિવસ પછી તેમને હોસ્પિટલમાંથી એક ડોક્ટરે ફોન કર્યો. તેમણે સિજુનને ફરીથી આવવા કહ્યું. સિજુન ગભરાઈ ગયા. તેમને ત્યારે જ કોઈ અનિષ્ટની આશંકા થઈ.

તેઓ સાચા હતા. તપાસમાં તેમને સ્વાદુપિંડ (પેન્ક્રિયાઝ)ના કેન્સરનું નિદાન થયું. પરંતુ સારા સમાચાર એ હતા કે આ કેન્સર ખૂબ જ પ્રારંભિક અવસ્થામાં પકડાઈ ગયું. ખરેખર, હોસ્પિટલ છૈંની મદદથી રોગોની ઓળખની ચકાસણી કરી રહ્યું હતું. ડોકટરોએ તરત જ ઓપરેશન કરીને ટ્યુમર કાઢી નાખ્યું. AI ટૂલને કારણે તરત જ તેની જાણ થઈ ગઈ.

પેન્ક્રિયાઝ કેન્સર સૌથી ઘાતક કેન્સરોમાંનું એક માનવામાં આવે છે. આમાં માત્ર ૧૦ ટકા દર્દીઓ જ ૫ વર્ષ સુધી જીવિત રહી શકે છે. એનું સૌથી મોટું કારણ એ છે કે એને શરૂઆતના તબક્કામાં પકડવું ખૂબ મુશ્કેલ હોય છે. સામાન્ય રીતે એના લક્ષણો ત્યારે જ સામે આવે છે, જ્યારે કેન્સર ઘણું વધી ગયું હોય છે. આના કારણે જ એપલના CEO સ્ટીવ

અનુસંધાન પાના ૭ પર

# યમનમાં સાઉદી અરબના હુમલામાં ૭ અલગતાવાદી લડવૈયાઓના મોત

### સરકાર-અલગતાવાદી જૂથ વચ્ચે ભયાનક યુદ્ધ ફાટી નીકળ્યું

નવી દિલ્હી, તા. ૦૩

યમનમાં સાઉદી અરેબિયાના હવાઈ હુમલામાં ૭ અલગતાવાદી લડવૈયાઓના મોત થયા. આ ઘટના શુક્રવારે દક્ષિણી પ્રાંતના હદ્રામૌતમાં બની હતી, જ્યાં અલગતાવાદી સંગઠન સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (STC)ના એક ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યું હતું. આમાં ૨૦થી વધુ લોકો ઘાયલ પણ થયા છે.

આ દરમિયાન યમન સરકારે સૈન્ય કાર્યવાહી કરીને અલગતાવાદી જૂથ પાસેથી મહત્વપૂર્ણ મિલિટરી બેઝ પાછો પોતાના કબજામાં લેવાનો દાવો કર્યો છે. હદ્રામૌતના ગવર્નર સાલેમ અલ-ખાનબાશીએ જણાવ્યું કે સુરક્ષા દળો ફક્ત STCના કબજામાંથી સૈન્ય ઠેકાણાઓને પાછા લેવાનો પ્રયાસ કરી રહ્યા છે.

STC યમનનું એક અલગતાવાદી સંગઠન છે, જે યમનના દક્ષિણી ભાગને આઝાદ કરાવવા માટે લડી રહ્યું છે. આ સંગઠનને છઈનું સમર્થન મળે છે.

સાઉદી અરેબિયાએ મંગળવારે સવારે યમનના મુકલ્લા પોર્ટ પર બોમ્બમારો કર્યો હતો. તેણે આરોપ લગાવ્યો હતો કે UAEના ફુજૈરા પોર્ટ પરથી આવેલા બે જહાજોમાંથી અહીં હથિયારો અને સૈન્ય વાહનો ઉતારવામાં આવી રહ્યા હતા. આ જહાજોના ટ્રેકિંગ સિસ્ટમ બંધ હતા.

સાઉદી અરેબિયાનું કહેવું છે કે આ હથિયારો સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (STC) નામના અલગતાવાદી જૂથને આપવામાં આવી રહ્યા હતા, જે શાંતિ અને સ્થિરતા માટે ખતરો બની શકે છે. તેથી વાયુસેનાએ મર્યાદિત હવાઈ હુમલો કરીને હથિયારો અને સૈન્ય વાહનોને નિશાન બનાવ્યા.

સાઉદી અરેબિયા અને UAE છેલ્લા ૧૦ વર્ષથી યમનમાં હુતી વિદ્રોહીઓ સામે લડી રહ્યા છે, પરંતુ તેઓ ત્યાં અલગ-અલગ જૂથોને સમર્થન આપે છે.





# વનિતા આર્ટ ગેલેરી ખાતે વિશેષ આર્ટ એક્ઝીબીશન ખુલ્લુ મુકાયું

## ૨૫ કલાકારોની ૪૫ પેઈન્ટિંગ્સ અને 3 સ્કલ્પચર્સનું આકર્ષક પ્રદર્શન

સુરત, તા.૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની આર્ટ એન્ડ કલ્ચર કમિટી દ્વારા તા. ૨, ૩ અને ૪ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન વનિતા આર્ટ ગેલેરી, અઠવા ગેટ, સુરત ખાતે એક વિશેષ આર્ટ એક્ઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો આજથી ઉત્સાહભેર શુભારંભ થયો છે.

આ આર્ટ એક્ઝીબીશનમાં કુલ ૨૫ પ્રતિભાશાળી કલાકારોએ ભાગ લીધો છે, જેમના દ્વારા એક્ઝીબીશનમાં ૪૫ પેઈન્ટિંગ્સ તથા ૩ સ્કલ્પચર્સનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. આ પ્રદર્શન દ્વારા કલા પ્રેમીઓ શાંતિપૂર્ણ અને સર્જનાત્મક વાતાવરણમાં વિવિધ કલાત્મક કૃતિઓનો આનંદ માણી શકે તેવી ઉત્તમ તક પૂરી પાડવામાં આવી છે.

શુક્રવાર, તા. ૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે આર્ટ એક્ઝીબીશનનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે અવધ ગૃપના શ્રી લવજીભાઈ બાદશાહ ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના વરદ્ હસ્તે એક્ઝીબીશનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત શહેરના કલાકારોની કલા, સર્જનાત્મકતા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે આ આર્ટ એક્ઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું છે. કલાકારો પોતાની પ્રતિભા રજૂ કરી શકે તે માટે ચેમ્બરે આ એક્ઝીબીશન થકી તેઓને મંચ પુરો પાડયો છે, જેમાં વિવિધ પ્રતિભાશાળી કલાકારોની રચનાઓ પ્રદર્શનમાં મુકવામાં આવી છે, જે દર્શકોને રંગો, વિચારો અને કલાત્મક કથાઓ સાથે જોડશે. આ પ્રદર્શન કલા પ્રેમીઓ, વિદ્યાર્થીઓ તથા સર્જનાત્મકતાની કદર કરનાર દરેક વ્યક્તિ માટે એક અનોખો અને પ્રેરણાદાયક અનુભવ સાબિત થશે.

ઉદ્ઘાટક અવધ ગૃપના શ્રી લવજીભાઈ બાદશાહે જણાવ્યું હતું કે, કલા માત્ર સૌંદર્યનો અનુભવ કરાવતી નથી પરંતુ સમાજને વધુ સંવેદનશીલ અને વિચારશીલ બનાવે છે. આવા આર્ટ એક્ઝીબીશન દ્વારા સ્થાનિક કલાકારોને ઓળખ મળે છે અને તેમની સર્જનાત્મક શક્તિઓ સમાજ સુધી પહોંચે છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કલા અને સંસ્કૃતિના પ્રોત્સાહન માટે લેવામાં આવેલી આ પહેલ પ્રશંસનીય છે. આર્ટ એક્ઝીબીશનના ઉદ્ઘાટન સમારોહ પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની આર્ટ એન્ડ કલ્ચર કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિબેન શેઠવાલા તથા કો–ચેરપર્સનો શ્રીમતી કૃતિકાબેન શાહ, સુશ્રી વનિતાબેન રાવત અને સુશ્રી અવનિબેન દેસાઈ તથા કમિટીના સભ્યો સુશ્રી માનસી વિરાની અને શ્રી જય ગોહિલ તેમજ લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમતી સ્વાતિબેન શેઠવાલાએ જણાવ્યું હતું કે, સુરતીજનો કલા અને સંસ્કૃતિનું મહત્વ સમજી શકે તેમજ તેને નજીકથી નિહાળી વધારેમાં વધારે લોકો તેની તરફ વળી શકે, સાથે જ કલાકારોની પણ પ્રતિભાની કદર થાય અને તેઓને વધુ પ્રોત્સાહન મળી શકે તે માટે આર્ટ એક્ઝીબીશન યોજાયું છે. આ પ્રદર્શન ત્રણ દિવસ માટે તમામ માટે ખુલ્લું રાખવામાં આવ્યું છે અને વધુમાં વધુ કલા રસિકો, વિદ્યાર્થીઓ અને સર્જનાત્મકતાની કદર કરનાર નાગરિકોને મુલાકાત લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

# કાંકરીયામાં ખેતીની જમીન પર પાંચ હજાર ટન ઘન કચરાના ગંજ ખડકાયા

### ગ્રામ્ય લોકોની ફરિયાદ છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી : દર્શન નાયક



સુરત, તા.૩

મોજે કાંકરીયા, તા. અંબિકા, જિ. સુરત ખાતે આવેલ સર્વે નંબર ૯૦ની ખેતીની જમીનમાં ૫૦૦૦ ટનથી વધુ સુરત મહાનગર પાલિકાનો ગંદો કચરો ગેરકાયદેસર રીતે નિકાલ કરી કાંકરીયા ગામના લોકોનું આરોગ્ય અને પર્યાવરણ બગાડવા બદલ કાર્યવાહીની માંગણી બાબતે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા કલેક્ટર, મ્યુનિ. કમિશનર તથા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સમક્ષ રજૂ કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, સુરત મહાનગર પાલિકા ખજોદ ખાતે સોલીડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટ ધરાવે છે. આ પ્લાન્ટમાં કચરાની પ્રોસેસિંગ અને રિસાયક્લિંગ કરી તેનો નિયમિત નિકાલ કરવાને બદલે, તે અંતરિયાળ વિસ્તારોના ગામોમાં ગેરકાયદેસર રીતે કચરો નાખી રહી છે. પર્યાવરણીય નિયમો અનુસાર, આ પ્રકારનો કચરો ગમે ત્યાં નાખી શકાય નહીં કે વેચી શકાય નહીં, કારણ કે તેમાં હાનિકારક તત્વો, માનવ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે તેવા પદાર્થો, રોગચાળો ફેલાવે તેવા તત્વો તથા પ્લાસ્ટિક જેવા અવિઘટિત પદાર્થો હોય છે.

મોજે કાંકરીયા, તા. અંબિકા, જિ. સુરત ખાતે ખેતીની જમીન માલિક દ્વારા આશરે ૫૦૦૦ ટનથી વધુ કચરો ગેરકાયદેસર રીતે જમા કર્યો છે. આ કચરો સુરત મહાનગર પાલિકાની ખજોદ સાઈટ પરથી લાવવામાં આવ્યો છે. વધુમાં, આ કચરામાં બાયો-મેડિકલ વેસ્ટ પણ મળી આવ્યું છે, જે ચેપી છે અને તેનાથી ગંભીર બીમારીઓ ફેલાવાનું જોખમ છે. આ બાબતે ગામના લોકોએ ફરિયાદ

#### જાહેર હિતમાં વિવિધ માંગણી

- ખાનગી ખેડૂત દ્વારા પોતાના ખેતરમાં આવો કચરો કેવી રીતે લાવીને નિકાલ કરવામાં આવ્યો તેની તપાસ કરવામાં આવે, જેનાથી ગામલોકોનું આરોગ્ય અને પર્યાવરણ નુકસાન થયેલ છે.
- સુરત મહાનગર પાલિકા દ્વારા કાયદાનો ભંગ કરીને આવો કચરો ખેતરોમાં કેવી રીતે નાખવામાં આવ્યો તેની પણ તપાસ કરવામાં આવે.
- ખજોદમાં સોલીડ વેસ્ટ વિભાગમાં કોઈ કૌભાંડ ચાલી રહ્યું છે કે કેમ તેની તપાસ કરવામાં આવે તેમજ અધિકારીઓની જાણ વિના આ કચરો બહાર જવો શક્ય નથી, તેથી તે કોના કહેવાથી અને કોના ઈશારે બહાર મોકલવામાં આવ્યો તેની તત્કાલ તપાસ કરવામાં આવે.
- સુરત મહાનગર પાલિકા નાગરિકો પાસેથી કચરા નિકાલનો વેરો લઈને ૭૫ કિલોમીટર દૂર ગેરકાયદેસર રીતે કચરો કેમ નાખી રહી છે? તેની પણ તપાસ કરવામાં આવે.
- આ માટે જવાબદાર વ્યક્તિઓ વિરુદ્ધ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા/કરાવવા તથા તેમાં શામેલ થવા બદલ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે.
- સુરત મહાનગર પાલિકામાં કચરા નિકાલ મુદ્દે કોઈ કૌભાંડ ચાલી રહ્યું છે કે કેમ તથા અધિકારીઓની સંડોવણી છે કે કેમ તેની વિજિલન્સ તપાસ કરવામાં આવે.

અનુસંધાન પાના ૭ પર

# પાટીદાર સમાજની હોસ્ટેલને પેઈડ નિર્મિત એફએસઆઈમાંથી મુક્તિ આપવા માંગ

### મેયર માવાણી નવ નિર્મિત હોસ્ટેલ અંગે વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ મેયરને રજૂઆત કરી

સુરત, તા.૩

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ, સુરત દ્વારા સમાજના ગરીબ અને મધ્યમ વર્ગીય વિધાર્થીઓના શૈક્ષણિક વિકાસના હેતુસર સમાજના તમામ વર્ગ પાસેથી રૂ.૧ થી લઈને યથાશકિત દાનની અપીલ કરીને સેવાના હેતુથી સુરત શહેરમાં હોસ્ટેલનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવેલ છે જેથી સમાજના ઉધોગપતિઓ, સમાજ શ્રેષ્ઠીઓ, સામાજીક આગેવાનો તેમજ દાતાઓ તેમજ સમાજના લોકોના સંયુકત સહકારથી નિર્માણાધિન હોસ્ટેલના શૈક્ષણિક સેવાકાર્યમાં સરકારશ્રીને અંદાજે રૂ.૩ કરોડની પેઈડ એફ.એસ.આઈ.માંથી મુકિત અપાવવા રજુઆત કરવામાં આવેલ, જે રજુઆત અંતર્ગત અંદાજે રૂ.૩ કરોડની પેઈડ એફ.એસ.આઈ.માંથી મુકિત મળી જશે તે મુજબની હૈયાધરપત સરકારશ્રીમાં સમાજનું પ્રતિનિધિત્વ કરતા રાજકીય આગેવાનો દ્વારા આપવામાં આવેલ.

આ બાબતે વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ મેયર શ્રી દક્ષેશ માવાણીને પત્ર લખી રજૂઆત કરતા જણાવ્યું હતું કે, સરકાર દ્વારા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરતને આપવામાં આવેલ ખાતરીથી વિપરીત અંદાજે રૂ.૩ કરોડની પેઈડ એફ.એસ.આઈ. નામંજુર કરવામાં આવેલ છે તેમ છતાં મેયર સહિત સમાજનું સરકારમાં પ્રતિનિધિત્વ કરતા આગેવાનો હાથ પર હાથ રાખીને બેઠા છે જે આશ્ચર્યજનક છે.

પાયલ સાકરિયાએ મેયરશ્રી માવાણીને જણાવ્યું કે, રાજયના વિધાર્થીઓ તેમજ યુવાનોને શૈક્ષણિક વ્યવસ્થા તેમજ તે વ્યવસ્થા અંતર્ગત ભૌતિક સુવિધાઓ પુરી પાડવાની જવાબદારી સરકારશ્રીની છે, જેમાં સરકારશ્રીની કામગીરી નબળી પુરવાર થયેલ હોવાથી સમાજના ઉત્થાન માટે આવનારી પેઢીને સક્ષમ બનાવવા સમાજના યુવાનોના શૈક્ષણિક વિકાસ, સંવર્ધન તેમજ શિક્ષિત નાગરિકોનું નિર્માણ કરવા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા સાર્થક પ્રયાસ કરેલ છે જેમાં તેઓને સરકારશ્રી દ્વારા અંદાજે ૩ કરોડ રૂપિયાની પેઈડ એફ.એસ.આઈ. એવા બહાના કાઢીને નકારવામાં આવેલ છે કે, જો શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરતને છુટ આપવામાં આવશે તો અન્ય સમાજને પણ છુટ આપવાની ફરજ પડશે, જે વાતો ૩ લાખ કરોડનું માતબર ફુલગુલાબી બજેટ ધરાવતા અને કહેવાતી સંવેદનશીલ સરકાર તેમજ શાસકોને શોભાસ્પદ

અનુસંધાન પાના ૭ પર

# આજે સાંજે સુરતમાં ભવ્ય રાજસ્વી સન્માન સમારોહનું આયોજન

### મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે

સુરત, તા.૩

સુરત શહેરની વિવિધ સંસ્થા અને સંગઠનોના સથવારે સમસ્ત લેઉવા પાટીદાર સમિતિ, સુરત આયોજિત ભવ્ય રાજસ્વી સન્માન સમારોહ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આવતીકાલ તા.૩/૧/૨૦૨૬ના રોજ સાંજે ૫.૪૦ વાગે રીવરવ્યુ હાઈટ્સની બાજુમાં, મોટા વરાછા ખાતે યોજાશે. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખશ્રી જગદીશ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા તથા શ્રી સી. આર. પાટીલ, રાજયના મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, શ્રી કૌશિકભાઈ વેકરીયા, મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, રાજયસભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકીયા તથા વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# ઉત્થાન ટ્રસ્ટ દ્વારા સાવિત્રીબાઈ ફૂલે જન્મ જયંતીની ઉજવણી કરાઈ





સુરત, તા.૩

ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સીવણ ક્લાસ ખાતે મહાન સમાજસુધારિકા સાવિત્રીબાઈ ફુલેનાં જન્મજયંતિ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખશ્રી પરેશ મેવાડાએ સાવિત્રીબાઈ ફુલેનાં જીવન, કાર્ય અને મહિલા શિક્ષણ ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન અંગે હાજર બહેનોને વિસ્તૃત માહિતી આપી હતી.

સાવિત્રીબાઈ ફુલેએ સ્ત્રી શિક્ષણનો દીવો પ્રગટાવી સમાજમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો. મુશ્કેલીઓ અને વિરોધ વચ્ચે પણ તેમણે નારીને શિક્ષિત બનાવવાનો સંકલ્પ કદી ન છોડ્યો. ભારતની પ્રથમ મહિલા શિક્ષિકા તરીકે સાવિત્રીબાઈ ફુલેએ મહિલાઓના હક માટે અવાજ ઊઠાવ્યો. તેમનું જીવન સંઘર્ષ, સમર્પણ અને સમાજસુધારાનું પ્રતીક છે. કાર્યક્રમ દરમિયાન બહેનોને પ્રેરણા મળે તેવા વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. આ

અનુસંધાન પાના ૭ પર





# નિરંકારની ઇચ્છામાં જીવન જીવવું જ સાચી સાધના છે : માતા સુદીક્ષાજી મહારાજ

### નવા વર્ષના સંદર્ભમાં નિરંકારી સત્ગુરુનો ખુશીઓ અને આશીર્વાદ ભરેલો પાવન સંદેશ

સુરત, તા.૩

"નિરંકારની ઈચ્છામાં જીવન જીવવું જ સાચી સાધના છે." આ પ્રેરણાદાયક સંદેશ નિરંકારી સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ દ્વારા નવા વર્ષના શુભ અવસર પર આયોજિત વિશેષ સત્સંગ સમારોહમાં આપવામાંઆવ્યો.

દક્ષિણ ગુજરાતના પ્રભારી શ્રી ઓન્કાર સિંહ જી જાણકારી આપતા જણાવ્યુંકે, નવાવર્ષ ના પ્રથમ દિવસે સત્ગુરુ માતાજી અને નિરંકારી રાજપિતાજીના પાવન સાનિધ્યમાં દિલ્હી સ્થિત ૮ નંબર મેદાન, બુરાડી ખાતે નવા વરસ ના પ્રારંભ અવસર પર વિસાળ સત્સંગનુ આયોજન કરવા મા આવ્યુ હતુ, જ્યાં તેમના દિવ્ય દર્શન અને પ્રેરણાદાયી પ્રવચન દ્વારા આંતરિક શાંતિ અને આધ્યાત્મિક ઊર્જાનો સુખદ આનંદ અનુભવાયો હતો. સત્ગુરુ માતાજીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે નવા વર્ષનો પ્રથમ દિવસ આપણને સંતોના વચનો સાંભળી અને તેને આપણા જીવનમાં સ્વીકારવાનો અમોલ અવસર આપે છે. જ્યાં સંસાર વર્ષની શરૂઆત મોજ-મસ્તી થી કરે છે, ત્યાં સંતો સત્ય અને સત્સંગનો માર્ગ પસંદ કરે છે. સત્સંગથી શરૂ થયેલું જીવન દરેક ક્ષણે નિરંકારનો અનુભવ મજબૂત બનાવે છે. તાર્કિક રીતે નવું વર્ષ ફક્ત ધરતી નો સૂર્યની આસપાસ એક ચક્કર અને ઋતુઓના પરિવર્તન છે. આપણે શુભેચ્છાઓ આપીએ છીએ અને નવા સંકલ્પો કરીએ છીએ, પરંતુ સાચો પરિવર્તન ત્યારે જ સાર્થક બને છે જ્યારે તે અંદરથી આવે છે. સંતો આત્મનિરીક્ષણ દ્વારા

અનુસંધાન પાના ૭ પર

# ઉમરપાડાથી પ્રિયાંશુબેન વસાવા ગુમ

સુરત, તા.૩

ઉમરપાડા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ નશારપુર ગામ, ઉમર ફળિયું, ઉમરપાડા રહેતા ગુણવંતભાઈ વસાવાના ૧૯ વર્ષીય પુત્રી પ્રિયાંશુ વસાવા ગુમ થયા છે. તેઓ શરીરે મજબૂત બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણે પીળું કુર્તી અને કાળી લેગીસ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉમરપાડા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# કોસંબાથી સંદીપભાઈ સુરેલા ગુમ

સુરત, તા.૩

કોસંબા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ સલીમ ટોકીઝ પાસે, તરસાડી, માંગરોળ ખાતે રહતા રમેશભાઈ સુરેલાના ૨૧ વર્ષીય પુત્ર સંદીપભાઈ સુરેલા ગુમ થયા છે. તેઓ શરીરે મજબૂત બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે વાદળી ચેક્સવાળો શર્ટ અને બ્લેક પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કોસંબા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# માંડવીથી નિર્મલાબેન રાઠોડ ગુમ

સુરત, તા.૩

માંડવી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ તડકેશ્વર ગામ, ટાંકી ફળિયું, માંડવી ખાતે રહતા ૨૧ વર્ષીય નિર્મલાબેન રાઠોડ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૪ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા માંડવી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# કામરેજથી રોહિત ઠુમ્મર ગુમ

સુરત, તા.૩

કામરેજ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ ઘર નં.વી-૩, ૫૦૧, સૌરાષ્ટ્ર ટાઉનશીપ-૨, જે. બી. ડિયમંડ સ્કૂલ પાસે, પસોદરા, પાટિયા, નવાગામ, કામરેજ ખાતે રહેતા દિનેશભાઈ ઠુમ્મરના પુત્ર રોહિત ઠુમ્મર ગુમ થયા છે. તેઓ શરીરે મજબૂત બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે મરૂણ શર્ટ અને બ્લેક પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કામરેજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# અમરોલીથી જાનવી ભેંડા ગુમ

સુરત, તા.૩

કામરેજ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ ઘર નં.૫૫, સ્વાગત રો-હાઉસ, રાધેક્રિષ્ના રેસી. માંકણા ગામ, કામરેજ (મૂળ રહે. ગામ-પીપળીયા, બાબરા, અમરેલી) ખાતે રહતા રામભાઈ ભેંડાના ૧૮ વર્ષીય પુત્રી જાનવી ભેંડા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૧ ફૂટ છે. તેમણે ગુલાબી ટૉપ અને સફેદ લેગીસ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કામરેજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# શેરી નાટક દ્વારા મોબાઈલ ફોનના વળગણથી થતા ગેરફાયદા રજૂ કરાયા




### હાથ ધોવાની યોગ્ય પદ્ધતિનું નિદર્શન કરી શાળાના બાળકોને માહીતગાર કરાયા

સુરત, તા.૩

ટી. એન્ડ ટી. વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ, સુરતના 5th સેમેસ્ટરના બી.એસસી. નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા , શાળા આરોગ્ય કાર્યક્રમની ઉજવણી થી આરોગ્ય શિક્ષણ દ્વારા ભક્ત કવિ શ્યામલ પ્રાથમિક શાળા, અસારાવાલા, સુરત ખાતે શાળા આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ નાટક અને નૃત્ય દ્વારા મોબાઈલના અતિશય ઉપયોગથી થતા ગેરફાયદા, હાથ ધોવાની યોગ્ય પદ્ધતિ, સ્વચ્છતા અને આરોગ્ય અંગે માહિતગાર કર્યા. શાળાના બાળકો માટે આંખ, દાંત, ગળા અને સામાન્ય સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી.

કાર્યક્રમ પ્રોફેસર શ્રી કિરણ દોમડીયાના માર્ગદર્શન હેઠળ તેમજ પ્રોફ. ભુમીકા ચૌધરી ,શિવાની પટેલ, જાગૃતિ પટેલ અને જાહ્નવી ઢીમર ના સહયોગથી યોજાયો હતો. કોલેજ ના નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા પોષણ અભિયાન અંતર્ગત ખીચડી, છાશ, સલાડ, સુખડી અને ફળોનું વિતરણ, તેમજ પૌષ્ટિક આહાર, સ્વચ્છ પાણીનું મહત્વ અને રોગોથી બચાવ અંગે શાળાના બાળકો માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમથી શાળાના વિદ્યાર્થીઓમાં આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ અંગે જાગૃતિ ફેલાઈ અને સમગ્ર કાર્યક્રમ પ્રશંસનીય રહ્યો.

# પ્રાથમિક શાળાઓના ૪૫૦ વિદ્યાર્થીઓ ડેરી તથા ઔદ્યોગિક ગૃહોની મુલાકાતે

### પ્રોજેક્ટ કલ્પના થકી વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે વ્યવહારુ જ્ઞાનનો અનુભવ મેળવ્યો

સુરત, તા.૩

સુરત જિલ્લા પંચાયત દ્વારા ‘પ્રોજેક્ટ કલ્પના’નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત જિલ્લાના તાલુકાઓની વિવિધ પ્રા.શાળાના ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓને વિવિધ અગ્રણી સંસ્થાઓની મુલાકાત કરાવવામાં આવી હતી. જિલ્લા પંચાયત દ્વારા ગયા વર્ષે શરૂ કરાયેલી નવીન શિક્ષણાત્મક પહેલ ‘પ્રોજેક્ટ કલ્પના’ હેઠળ આ વર્ષે પણ વિદ્યાર્થીઓને અનુભવ આધારિત વ્યવહારુ શિક્ષણ મળે તે હેતુથી

અનુસંધાન પાના ૭ પર

# અદાણી એન્ટરપ્રાઇઝે વાર્ષિક ૮.૯૦% સુધી ઉપજ આપતા રુ.૧૦૦૦ કરોડના NCDનો પબ્લિક ઇસ્યુ જાહેર કર્યો

અમદાવાદ, ૨ જાન્યુઆરી ૨૦૨૬: ૧૯૯૩ થી ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વ્યવસાયોના નિર્માણનો બહોળો અનુભવ ધરાવતી અને બજાર મૂડીકરણની દ્રષ્ટિએ ભારતના સૌથી મોટા લિસ્ટેડ બિઝનેસ ઈન્ક્યુબેટર્સ બની રહેલી અદાણી જુથની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝીઝ લિ. (AEL) એ સુરક્ષિત, રેટેડ, લિસ્ટેડ રિડીમેબલ, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સના તેના ત્રીજા પબ્લિક ઈશ્યુની જાહેરાત કરી છે. આ ઈસ્યુ તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, મંગળવારે ખુલશે અને તા.૧૯ જાન્યુઆરી-૨૬ના સોમવારે બંધ થશે. જેની વાર્ષિક ઉપજ ૮.૯૦% સુધી હશે. આ એનસીડી ૨૪ મહિના, ૩૬ મહિના અને ૬૦ મહિનાના સમયગાળા માટે ઉપલબ્ધ છે, જેમાં આઠ શ્રેણીમાં ત્રિમાસિક, વાર્ષિક અને સંચિત વ્યાજ ચુકવણી વિકલ્પો છે.

અદાણી ગ્રુપના ગ્રુપ ચીફ ફાયનાન્સિયલ ઓફિસર જુગેશિન્દર 'રોબી' સિંઘે જણાવ્યુ હતું કે કંપનીનો આ ત્રીજો દ્રઝઢ ઈશ્યુ ભારતના મૂડી બજારોમાં કંપનીના પ્રવેશને વિસ્તૃત કરવા અને લાંબા ગાળાના માળખાગત વિકાસમાં રિટેલ રોકાણકારોને હિસ્સેદાર બનાવવાના અમારા પ્રયાસમાં વધુ એક પગલું છે. તેમણે કહ્યું હતું કે આ પહેલાની અમારી બે ઓફરને મળેલો મજબૂત આવકાર અમારી વ્યૂહરચના અને નાણાકીય શિસ્તમાં વિશ્વાસને તાકાતવાન બનાવે છે.તેમણે ઉમેર્યું હતું કે AEL ભારતના આર્થિક પરિવર્તનને શક્તિ આપતા ભારતના એરપોર્ટ અને રસ્તાઓથી લઈને ડેટા સેન્ટર્સ અને ગ્રીન હાઈડ્રોજન સુધીના વ્યવસાયો બનાવવા પર ઈન્ક્યુબેટર તરીકે ધ્યાન કેન્દ્રિત કરે છે.

ICRA લિ. અને CARE રેટિંગ્સ લિ. દ્વારા AA અને 'સ્થિર' આઉટલુક રેટિંગ ધરાવતા પ્રસ્તુત આ NCD સમાન રેટિંગ ધરાવતા NCD અને ફિક્સ્ડ ડિપોઝિટની તુલનામાં સ્પર્ધાત્મક ઉપજ આપે છે. વહેલા તે પહેલાના ધોરણે ફાળવવામાં આવનાર રુ.૧૦૦૦ કરોડના આ ઈશ્યૂમાં રુ.૫૦૦ કરોડનો બેઝ ઈશ્યૂ




અદાણી ગ્રુપના ગ્રુપ ચીફ ફાયનાન્સિયલ ઓફિસર જુગેશિન્દર 'રોબી' સિંઘે જણાવ્યું હતું કે કંપનીનો આ ત્રીજો દ્રઝઢ ઇશ્યુ ભારતના મૂડી બજારોમાં કંપનીના પ્રવેશને વિસ્તૃત કરવા અને લાંબા ગાળાના માળખાગત વિકાસમાં રિટેલ રોકાણકારોને હિસ્સેદાર બનાવવાના અમારા પ્રયાસમાં વધુ એક પગલું છે.

અને ૫૦૦ કરોડ સુધીનો ગ્રીન શૂ વિકલ્પ શામેલ છે. આ ઈસ્યુ BSE અને NSE પર લિસ્ટેડ કરવાનો પ્રસ્તાવ છે.

ગયા વર્ષે જુલાઈમાં AELનો રુ.૧,૦૦૦ કરોડનો બીજો દ્રઝઢ ઈશ્યૂ પહેલા દિવસે માત્ર ૩ કલાકમાં સંપૂર્ણપણે ભરાઈ ગયો હતો. છૂટક રોકાણકારો માટે લિસ્ટેડ ડેટ પ્રોડક્ટ (NBFCs સિવાય) ઓફર કરતી છઈન્-એકમાત્ર ખાનગી કોર્પોરેટ છે. તાજેતરના વ્યાજ દરમાં ઘટાડા અને નરમ વ્યાજ દર ચક્રના સંદર્ભમાં સ્થિર નિશ્ચિત-આવકના માર્ગો શોધતા રોકાણકારો માટે છઈન્નો દ્રઝઢ ઈશ્યૂ યોગ્ય સમયે આવ્યો છે. પ્રત્યેક એનસીડીની મૂળ કિંમત રુ.૧૦૦૦ છે. દરેક અરજી ઓછામાં ઓછી ૧૦ એનસીડી માટે અને ત્યારબાદ ૧ એનસીડીના ગુણાંકમાં અને ઓછામાં ઓછી અરજી રુ.૧૦,૦૦૦ની કરવાની રહેશે.ઈશ્યુની રકમના ઓછામાં ઓછા ૭૫%નો ઉપયોગ કંપની દ્વારા મેળવેલા ઋણની પૂર્વ ચુકવણી કે ચુકવણી અથવા સંપૂર્ણ કે આંશિક ચુકવણી માટે અને/અથવા આવા દેવા પરના કોઈપણ વ્યાજ અને બાકીની રકમ (મહત્તમ ૨૫% સુધી) સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરાશે.છેલ્લા છ માસમાં છઈન્એ તેના હસ્તકના નવી મુંબઇ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને નાનાસા-પીડગાંવ ૐછર્ જેવા મોટા પ્રકલ્પોને સમયસર કાર્યાન્વિત કરી કાર્યક્ષમતાની તેની મુખ્ય તાકાત પુરવાર કરી છે. તદ્દુપરાંત ગૂગલ અને અદાણીકોનેક્સે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં ભારતના સૌથી મોટા AI ડેટા સેન્ટર કેમ્પસ અને નવા ગ્રીન એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે ભાગીદારી કરી છે. ઉપરાંત ઉત્તરાખંડમાં સોનપ્રયાગ અને કેદારનાથ વચ્ચેનો રોપવે અને બિહારમાં બે પ્રકલ્પ મુંગેર (સફિયાબાદ) થી સુલતાનગંજ રોડ અને સુલતાનગંજ રોડથી સબૌર રોડને હાઈબ્રિડ એન્યુઈટી મોડ મોડેલ હેઠળ જોડવાનો ત્રણ નવા પ્રોજેક્ટ્સ માટે એવોર્ડ લેટર પ્રાપ્ત થયો છે.




# દીપ્તિશ્રીમાં ઝળહળતો ફેશનનો મહોત્સવ

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ- ફેશન ઓફ ઈન્ડિયાના કર્ણધાર શ્રી રિન્ટુ નંદી અને સંચાલક શ્રી જીત ગનના માર્ગદર્શન હેઠળ 'દીપ્તિશ્રી' નામનો કાર્યક્રમ સફળતાપૂર્વક આયોજિત થયો. આ નામકરણ માટે સ્વયં કર્ણધારને સન્માન આપવામાં આવ્યું. મા એવી વ્યક્તિ છે જેના વગર એક ઘર અચલ બની જાય છે, અને સમાજમાં દરેક દીકરીમાં એક માતૃત્વનો રૂપ રહેલો છે. પોતાની માતાના જન્મદિનના અવસરે એ જ દિવસે એવો વિશાળ આયોજન કરવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં માનનીય મહેમાનો તરીકે હાજર હતા ડૉક્ટર ગૌતમ બેનર્જી, દેબરાજ મુખર્જી, મૈનાક ઘોષ, રોમિ કુમાર, જયંત દાસગુપ્ત અને અરિજીત નિયોગી. જજ મંડળી તરીકે સોમક સિન્હા અને બિજલી ઘોષ કર્મકાર હાજર રહ્યા. વિશેષ રનવે તરીકે સોમા પાલ, સુજાતા બણિક અને ડૉક્ટર અમૃતા ભટ્ટાચાર્યને જોવા મળ્યા.

આ કાર્યક્રમમાં કુલ ૮૦ મોડલ્સે ભાગ લીધો અને મુખ્ય રાઉન્ડમાં ૧૧ જણની પસંદગી થઈ. પેજન્ટા મોડલ્સમાં જયશિખા






મજુમદાર, દિશા ખાટા, હિયા વિશ્વાલ, દેબલિના દત્ત, સ્નેહા દાસ, બર્નિની પાલ, સુજાતા પાલિત, શ્રીજા વિશ્વાસ, ઋષિકા દત્ત, અન્ય પાંડે, બ્યુટી સરદાર, અદ્રિકા ઘોષ, અતીન્દ્રિલા સરકાર અને તાનિશા દાસ સહિત અનેક લોકો સામેલ હતા.

મિસ વિભાગમાં વિજેતા બની પ્રિયાંકા પોદ્દાર, જ્યારે દ્વિતીય અને તૃતીય સ્થાન ક્રમશઃ શ્રીજા ગાંગુલિ અને તુહિના મંડલે મેળવ્યા. કિડ્સ વિભાગમાં વિજેતા બની અશ્મિ રાય, દ્વિતીય સ્થાન અદજા સાહાને મળ્યું અને તૃતીય સ્થાન સાયનિકા મજુમદાર તથા મિસ્ટીએ સંયુક્ત રીતે મેળવ્યું. પરંપરા મુજબ ત્રણ સ્થાનની જગ્યાએ અહીં એક વધારાનું સ્થાન પણ આપવામાં આવ્યું, જે ઈપ્સિતા ઘોષે (ચોથી સ્થાન) મેળવ્યું.

કિડ્સ વિભાગમાં રિમિ રાય અને શો સ્ટોપર ધૂર્વી પ્રસાદનું પ્રદર્શન જેટલું સરાહનીય હતું, એટલું જ રનવે શો સ્ટોપર તરીકે ઉપ્પાસ્યા દાસ પણ ખાસ નોંધપાત્ર રહી. ઉપરાંત પેજન્ટા વિભાગમાં ગ્રેટા ચૌધુરી અને શો સ્ટોપર ઐશાની મજુમદારની રજૂઆત પણ ખૂબ જ આકર્ષક રહી.કાર્યક્રમના વિજેતાઓને ગોવામાં મફત પોર્ટફોલિયો શૂટ ઉપરાંત આર.પી. કૃષ્ણ પ્રોડક્શન હાઉસ અને સોમા બૂટિક તરફથી આકર્ષક પુરસ્કારો આપવામાં આવ્યા. આવો એક અદભુત શો ફરીથી ભવિષ્યમાં જોવા મળશે એવી આશામાં સમગ્ર દર્શકવર્ગ ઉત્સાહિત બની રહ્યો.

## અંબાજી પ્રાગટ્યોત્સવ પહેલાં સોનાનું મોટું દાન

# અમદાવાદના જય ભોલે ગ્રુપે રત્નોજડિત ૬૨૦ ગ્રામ સોનામાંથી બનેલા ૪૩.૫૧ લાખનો સુવર્ણ મુકુટ અર્પણ કર્યો

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં હાલમાં આસ્થા અને ભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. શાકંભરી નવરાત્રિના પવિત્ર દિવસો ચાલી રહ્યા છે, ત્યારે અમદાવાદના પ્રખ્યાત જય ભોલે ગ્રુપ દ્વારા અંબાજી માતાજીનાં ચરણોમાં એક અમૂલ્ય ભેટ ધરવામાં આવી છે. ગ્રુપ દ્વારા માતાજીને આશરે ૪૩.૫૧ લાખ રૂપિયાની કિંમતનો સુવર્ણ મુકુટ અર્પણ કરવામાં આવ્યો છે.

પોષી પૂનમ, એટલે કે મા અંબાનો પ્રાગટ્ય દિવસ નજીક છે, ત્યારે શાકંભરી નવરાત્રિના આઠમા દિવસે એટલે કે ૨ જાન્યુઆરીના રોજ આ વિશેષ પૂજા વિધિ યોજાઈ હતી.

આ મુકુટ અંદાજે ૬૨૦ ગ્રામ શુદ્ધ સોનામાંથી બનાવવામાં આવ્યો છે. મુકુટમાં અનેક પ્રકારના કીમતી હીરા અને રત્નો જડવામાં આવ્યાં છે, જે એની સુંદરતામાં વધારો કરે છે. રત્નો અને સોના સાથે આ મુકુટની અંદાજિત કિંમત ૪૩.૫૧ લાખ રૂપિયા છે.આ સુવર્ણ મુકુટ અર્પણ વિધિ સમયે જય ભોલે ગ્રુપના તમામ સભ્યો ઉત્સાહભેર હાજર રહ્યા હતા. આ ધાર્મિક કાર્યક્રમમાં અંબાજી મંદિરના ચેરમેન, જિલ્લા એસપી (SP), જિલ્લા વિકાસ અધિકારી (DDO) અને મંદિરના વહીવટદાર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને



મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.જય ભોલે ગ્રુપના દીપેશ પટેલે જણાવ્યું હતું કે પોષી પૂનમ અને મા અંબાના પ્રાગટ્ય પર્વના શુભ અવસરે માતાજીની સેવા કરવાનો આ એક લહાવો છે. નોંધનીય છે કે આ ગ્રુપ દ્વારા અગાઉ પણ માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાના ભાગરૂપે મંદિરમાં સોનાની વસ્તુઓ સુવર્ણ પાદુકા, સોનાનું ચામર અને સોનાના કુંડળની ભેટ આપવામાં આવી છે.પોષ સુદ પૂનમ એ માતા અંબાનો પ્રાગટ્ય દિવસ છે અને આ દિવસે શાકંભરી નવરાત્રિનો પૂર્ણાહુતિનો દિવસ પણ હોય છે. આ પવિત્ર અવસર પહેલાં માતાજીના શૃંગારમાં આ નવા સુવર્ણ મુકુટનો ઉમેરો થતાં ભક્તોમાં પણ ભારે આનંદની લહેર જોવા મળી રહી છે.૩ જાન્યુઆરીએ પોષી પૂનમના દિવસે સવારે ૧૦ શક્તિદ્વારા પર માતાજીની મહાઆરતી કરવામાં આવશે. ત્યાર બાદ માતાજીના ચલ સ્વરૂપને હાથી પર અંબાડીમાં બેસાડવામાં આવશે અને માતાજી નગરચર્યાએ નીકળશે. માતાજીની આ નગરયાત્રામાં ૪૦ જેટલાં ટેબલો-ઝાંખીઓ રહેશે. આખું અંબાજી કાલે માતાજીની ભક્તિમાં લીન થશે અને ઠેર ઠેર માતાજીનું સ્વાગત કરવામાં આવશે. સમગ્ર નગરયાત્રા દરમિયાન મંદિર ટ્રસ્ટ તરફથી ૨૧૦૦ કિલો સુખડીનો પ્રસાદ વિતરણ કરવામાં આવશે.

# બધાને એકસરખી પજવતી સર્વસામાન્ય સમસ્યાઃ એસિડિટી

લગ્ન સમારંભ, હોટેલ કે અન્ય જગ્યાએ ભરપેટ ભોજન પછી અથવા મોડી રાત્રે ખાધા પછી, દરેક વ્યક્તિએ ક્યારેક ને ક્યારેક તો છાતીમાં અસ્વસ્થતા, બળતરા અને ઊલટી થવા જેવો અનુભવ કર્યો હશે. આવી સમસ્યાઓમાંની એક છે ઍસિડિટી. આપણે તેને પિત્ત તરીકે પણ ઓળખીએ છીએ.

સહુ જાણીએ છીએ કે, ખોરાકના પાચનનું કામ શરીરમાં રહેલું અમ્લ અર્થાત્ કે ઍસિડ કરે છે. સામાન્ય પરિસ્થિતિમાં, આ ઍસિડ પોતાની જગ્યાએ રહે છે અને ચૂપચાપ તેનું કાર્ય કરે છે, પરંતુ ક્યારેક ક્યારેક, તે અન્નનળી તરફ ઉપર આવે છે, જેને કારણે આપણે પેટમાં કે છાતીમાં બળતરાનો અનુભવ કરીએ છીએ. જ્યારે ઍસિડિટી થાય છે, ત્યારે આપણા શરીરની અંદર ખરેખર શું થઈ રહ્યું હોય છે અને આપણે તેને કેવી રીતે નિયંત્રિત કરી શકીએ? તે જાણવું જોઈએ.ઍસિડિટીના મુખ્ય સંકેતોમાંનું એક છે, આપણને અસ્વસ્થ કરે તેવી બળતરા. તે સામાન્ય રીતે ખાધા પછી થાય છે અને છાતી અથવા ગળામાં અનુભવી શકાય છે. જ્યારે ઍસિડ અન્નનળીમાં પાછું ઉપરની તરફ વહે છે ત્યારે તે થાય છે, આ સ્થિતિને 'ઍસિડ રિફ્લક્સ' તરીકે ઓળખવામાં આવે છે. ઘણીવાર હાર્ટબર્ન સાથે મોઢામાં ખાટો કે કડવો સ્વાદ આવવો એ ઍસિડિટીનું બીજું સામાન્ય લક્ષણ છે. આ ત્યારે થાય છે જ્યારે પેટમાં ઍસિડ ગળામાં ઉપર ચઢે છે, જે સ્વાદની કળીઓને અસર કરે છે. ઍસિડિટી પેટમાં ભરાઈ જવાની અથવા પેટ ફૂલેલું અને ભારે થઇ ગયું હોય તેવી લાગણી થઈ શકે છે. તેને કારણે આપણે સતત અસ્વસ્થતાનો અનુભવ કરીએ છીએ. વારંવાર ઓડકાર આવવા પણ સામાન્ય છે કારણ કે શરીર અપચાને કારણે બનેલો વધારાનો ગૅસ છોડવાનો પ્રયાસ કરે છે. ઍસિડિટીથી થતી અગવડતા ઊબકાનું કારણ બની શકે છે. ગંભીર કિસ્સાઓમાં, આ ઊલટીમાં પરિણમી શકે છે. આ ઘણીવાર પેટમાં બળતરા અથવા ખોરાકના ઉપર ચઢવા અને પેટનું ઍસિડ મોં તરફ આવવાના કારણે થાય છે. તીવ્ર ઍસિડિટી, ખાસ કરીને જો તે સતત રહે, તો ક્યારેક માથાનો દુખાવો થઈ શકે છે. આ પેટના અસ્તરમાં બળતરાને કારણે શરીર પર પડતી તાણને કારણે હોઈ શકે છે અથવા તે ક્રોનિક અપચા સાથે સંકળાયેલી અસ્વસ્થતા અને તણાવ સાથે સંબંધિત હોઈ શકે છે. દરેક વ્યક્તિને આવાં બધાંજ લક્ષણો દેખાતા હોય તેવું જરૂરી નથી. તેની તીવ્રતા અને સમય બંને અલગ હોઈ શકે છે.અનેક કારણો હોય છે. તણાવ, આપણી જીવનશૈલી અને ખોરાકની પસંદગીઓ આ બધાની અસર થઇ શકે છે. લાક્ષણિક કારણોમાં જેનો સમાવેશ થાય છે, તે છે કસમયનું ભોજન, ખૂબ વધારે પડતું અથવા ખૂબ જ ઝડપથી ખાવું, ચરબીયુક્ત, તળેલા અથવા મસાલેદાર ખોરાક, કાર્બોનેટેડ અને કૅફીનયુક્ત પીણાં, તણાવ અને શારીરિક નિષ્ક્રિયતા ઍસિડિટીને ઉત્તેજિત કરતા ખોરાક-પીણાંપ કેટલાક ખોરાક અને પીણાં ઍસિડિટીને ઉત્તેજિત કરી શકે છે, જેમાં સામેલ છે, તેલયુક્ત અને મસાલેદાર ખોરાક, ખાટાં ફળો, ચા-કોફી અને અન્ય કૅફીનયુક્ત પીણાં, કાર્બોનેટેડ પીણાં, ચોકલેટ અને ચરબીયુક્ત ખોરાકપઅલબત્ત, ઍસિડિટી કેવી અને કેટલીવાર થાય છે તેનો આધાર એ વાત પર છે કે આપણી જીવનશૈલી કેવી છે. જો આપણું જીવન બેઠાડું હોય, પચવામાં ભારે હોય તેવું ભોજન લેતા હોઈએ, રાત્રે મોડેથી જમવાની કે ફરીથી ખાવાની ટેવ હોય તો ઍસિડિટી થવાની શક્યતા વધુ હોય છે. લાંબા ગાળાના તણાવ, ધૂમ્રપાન અને દારૂના ઉપયોગના પરિણામે પણ ઍસિડ રિફ્લક્સ થવાની શક્યતા વધુ હોય છે.અચાનક બળતરા માટે, ઘરગથ્થુ ઉપચાર ઝડપી રાહત આપી શકે છે. આપણા પરિવારોમાં પરંપરાગત રીતે આવા ઉપાયો લોકપ્રિય છે અને સાધારણ સમસ્યામાં તે કારગત પણ છે. એક ગ્લાસ ઠંડું દૂધ પીવું, એક ચમચી વરિયાળી ચાવીને ખાવી, આદુંની ચા પીવી, એક પાકેલું કેળું ખાવું, બેકિંગ સોડા પાણીમાં ભેળવીને તે પીણું પીવું, વગેરે ઘણા ઉપાયો અજમાવી શકાય છે. આયુર્વેદમાં પણ પિત્તના શમન માટે ઘણા ઉપચારો ઉપલબ્ધ છે.

# લગ્ન સીઝન માટે રેડી છો?



નમસ્કાર સખી સહેલીઓ સ્વાગત છે તમારું ફેશન વર્લ્ડમાં જ્યાં તમને મળશે નવા ટ્રેન્ડની માહિતી, કયાં કપડાં ક્યારે પહેરવા જોઈએ અને કેવી રીતે લગ્ન ગાળો ચાલે જ છે અને તમને બધાને સૌથી મોટો મૂંઝવતો પ્રશ્ન એટલે કે શું પહેરશું? મોટાભાગની મહિલાઓને કપડાં રિપીટ કરવા ગમતા નથી. તે ઉપરાંત કૈક નવું પણ પહેરવું હોય છે અને તેની સાથે, મગજમાં એ પણ વિચાર ચાલતો હોય છે કે, એવું કૈક બનાવીયે કે જે પછી ક્યારેક પણ મિક્સ એન્ડ મેચ કરી પહેરી શકાય.

આની માટે બેસ્ટ ઓપશન છે હેવી ફેબ્રિકનો ઘાઘરો અને પ્લેન ટોપ. હેવી ફેબ્રિક એટલે, જામેવાર કે બનારસી ફેબ્રિકનો ઘાઘરો અને તેની સાથે પ્લેન ફેબ્રિક એટલે કે, સિલ્ક ફેબ્રિકનો પ્લેન કુર્તો. આ કોમ્બિનેશન સાથે દુપટ્ટો ફેરવો કે નહીં એ તમારી પર્સનલ ચોઈસ પર આધાર રાખે છે. કરીનાએ રોયલ બ્લ્યૂ અને ગ્રે કોમ્બિનેશનમાં બનારસી ઘાઘરો પહેર્યો છે અને તેની સાથે પ્લેન બ્લુ કલરમાં સિલ્કનું પ્લેન ટોપ પહેર્યું છે.

બનારસી ફેબ્રિકમાં ઘાઘરો હોવાથી તેમાં કઈ પણ વર્ક કરવાની જરૂર નથી હોતી. બનારસી ફેબ્રિક પોતામાં જ એટલું રીચ છે કે તેમાં બીજું કઈ વર્ક કરવાની જરૂર હોતી નથી અને પહેરવા પછી હેવી લાગે છે.

આ ઘાઘરા સાથ તેને રોયલ બ્લુ કલરનો પ્લેન કુર્તો પહેર્યો છે કે જેની લેન્થ કાફ સુધી છે. કરીના જે ઘાઘરો પહેર્યો છે તેનો બેઝ રોયલ બ્લુ કલરનો છે અને તેની પર ડલ ગોલ્ડનું વીવિંગ કરેલુ છે. પ્લેન બ્લુ કુર્તામાં કલોઝ નેક રાખ્યું છે અને એલ્બો સ્લીવ્ઝ રાખી છે. આ લુક સાથે તેણે રોયલ બ્લુ કલરનો જ ફ્લોઈ દુપટ્ટો પહેર્યો છે. જેમાં સ્કોલોપ્સ શેપમાં ડલ ગોલ્ડ કલરનું વર્ક કરવામાં આવ્યું છે. દુપટ્ટાંના હિસાબે ઓવર ઓલ લુક ગ્રેસફુલ લાગે છે.

હેરસ્ટાઈલમાં તેણે સેન્ટર પાર્ટીશન લઇ લો બન રાખ્યો છે. અને કાનમાં મોટા ઈઅર રિંગ પહેરી તેના લુકને હાઈલાઈટ કર્યો છે. આ રીતે સિમ્પલ રહીને પણ ટ્રેન્ડી લાગી શકાય.; બીજો લુક છે ,આ એકદમ સેફ કોમ્બિનેશન છે કોઈ પણ ઉંમરની યુવતી કે મહિલાને સારું જ લાગે. મરૂન જામેવાર ઘાઘરા સાથે પ્લેન મરૂન કુર્તા. મારું બેઝ પર ગોલ્ડ કલરનું વીવિંગ છે. મરૂન સાથે ગોલ્ડ એ એક ટ્રેડિશનલ લુક આપે. આ એક ક્લાસિક કોમ્બિનેશન છે જે ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતું નથી. જયારે કઈ સૂઝે નહિ કે કયું કોન્બિનેશન પહેરવું છે ત્યાંરે તમે મરૂન અને ગોલ્ડ કોમ્બિનેશનનું સિલેક્શન કરી શકો. આ ફોટામાં મરૂન કલરનો જામેવારનો ઘાઘરો છે અને તેની સાથે પ્લેન મારું કુર્તો પહેર્યો છે. કુર્તાની નેકલાઈન યુ શેપની છે. જયારે ઓપન નેકલાઈન હોય ત્યારે તમે કોઈ નેક પીસ પહેરી શકો. નેક પીસની પસંદ તમારા બોડી ટાઈપ અનુસાર કરવી. આ લુક સાથે મરૂન કલરનો જ ફલોઈ દુપટ્ટો છે જેમાં ચારેય કોર્નરમાં ગોલ્ડ કલરની સ્કોલોપ્સ લેસ નાખવામાં આવી છે. કુર્તાની લેન્થ એ રીતે રાખવામાં આવી છે કે, ઘાઘરાની ડિઝાઈન દેખાય. જેટલી સિમ્પલ પેટર્ન હશે તેટલું જ એલિગન્ટ લાગશે. અને હેરસ્ટાઈલમાં જો વાળ બાંધેલા હશે તો તમારો મેકઅપ અને જ્વેલરી હાઈલાઈટ થશે. આ લુક કોઈ પણ વયની મહિલા પહેરી શકે. જેટલું બ્રાઈટ કલર કોન્બિનેશન હશે તેટલી તમારી બોડી ફ્રેમ ટ્રિમ થશે. કુર્તાની લેન્થ તમારી હાઈટ અને બોડી ટાઈપ પ્રમાણે રાખી શકાય. જો આ બન્ને કોમ્બિનેશનનું કમ્પેરિઝન કરીયે તો , રોયલ બ્લુ કોમ્બિનેશન એ યન્ગ યુવતી માટે છે જયારે મરૂન કલર કોમ્બિનેશન થોડો મેચ્યોર લુક આપે છે. બીજી ખાસ વાત ધ્યાન રાખવા જેવી એ છે કે, જયારે પણ બનારસી કે જામેવારનો પહેરવો હોય અને તમે તમારી ચોઈસ મુજબ કસ્ટમાઈઝડ કરવાના હોવ ત્યારે ખાસ એ ધ્યાન રાખવું કે, જામેવાર અને બનારસી ફેબ્રિક થોડું થીક હોય છે. તેથી ઘાઘરો કળી વાળો કરાવવો અને તમારી કમરના સાઈઝ મુજબ જ કરાવવો. ચુનવાળો ઘાઘરો કરાવવો નહિ, તેનાથી કમરનો ભાગ વધારે લાગશે. તેથી જો તમારું શરીર ભરેલું હશે તો વધારે જાડા લાગશો. હેવી ફેબ્રિકના ઘાઘરા બનાવતી વખતે બીજી વાત એ ધ્યાનમાં રાખવી કે ઘાઘરામાં ફ્યુસિન્ગ નાખવું અને ઘાઘરામાં નીચે ૧૦ થી ૧૫ ઈંચમાં કેન કેન નાખવું. જેથી જયારે તમે ઘાઘરો પહેરો ત્યારે થોડો શરીરથી અળગો રહે. અને તેનો ઓવરઓલ લુક સારો આવે છે. જામેવાર અને બનારસી ફેબ્રિકનું ટેક્ચર એટલું રીચ છે કે તેમાં કોઈ કામ કરાવવવાની જરૂર પડતી નથી અને સિમ્પલ ઘાઘરો પહેરવાથી પણ રીચ લુક આવે.



## તંત્રી લેખ...-

**શનિવાર, તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૬**

# જ્યારે જળ-જીવન જળ-મરણ બને છે

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અર્થતંત્રના સુધારા સાથે જનજીવન સુધારા ઉપર હંમેશાં ભાર મૂકે છે. સ્વચ્છ ભારત અને જળ-જીવન મિશન-અભિયાન અમલમાં છે. નલ સે જલ - પીવાનું પાણી દરેક ઘર સુધી પહોંચાડવાનું ધ્યેય છે, પણ ઇન્દોરમાં સુધરાઈના અસ્વચ્છ - વિષાણુયુક્ત પાણીની મોટી દુર્ઘટના સમગ્ર દેશ માટે શરમજનક છે - એક કલંક છે! રાજધાની નવી દિલ્હીમાં હવામાનના પ્રદૂષણે હાહાકાર મચાવ્યો છે અને સૌનું ધ્યાન પર્યાવરણ ઉપર કેન્દ્રિત છે, પણ જનજીવન માટે હવા સાથે પાણી પણ અનિવાર્ય છે. જળ-જીવન છે છતાં જળ-મરણનું કારણ - નિમિત્ત બની જાય તે આઘાતજનક છે. ભારતનાં શ્રેષ્ઠ - સ્વચ્છ શહેરનું બિરુદ વર્ષોથી ભોગવતા ઇન્દોર જ નહીં સમસ્ત દેશ ઉપર આ આઘાત છે અને તે કુદરતનો કોપ નથી, માનવસર્જિત છે. અપરાધી બેદરકારી છે. પાણીની પાઈપલાઈન જૂની, તૂટેલી હોવા છતાં સુધરાઈએ દરકાર કરી નહીં. સ્થાનિક રહેવાસીઓ દુર્ગંધયુક્ત પાણીની ફરિયાદ બે મહિનાથી કરી રહ્યા હતા, પણ સત્તાધીશ સુધરાઈના સભ્યો અને કર્મચારીઓએ પરવા કરી નહીં.

હવે કારણોની તપાસ કરવાની જરૂર નથી. કારણો સ્પષ્ટ છે. પાઈપલાઈનો બદલવાની જાહેરાત થઈ હોવા છતાં કોઈને ઉતાવળ કે ચિંતા નહોતી. માત્ર કર્મચારીઓ જ નહીં, ઉપરી અધિકારીઓ અને સુધરાઈના સભ્ય પણ જવાબદાર છે. જન-જીવન સાથે આ ખિલવાડ થયો છે તેથી તાત્કાલિક પાઈપલાઈનનું સમારકામ થાય અથવા બદલવામાં આવે અને જવાબદાર નેતાઓને પણ રુખસદ આપવામાં આવે - દાખલારૂપ સજા થાય તે જરૂરી છે.

ઇન્દોરની દુર્ઘટના પહેલાં - નવેમ્બર મહિનામાં જ ભોપાલ નજીકની વેલ્લોર ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજીના પરિસરમાં પ્રદૂષિત પાણીની ફરિયાદ થઈ હતી. ઘણા વિદ્યાર્થીઓ કમળાનો ભોગ બન્યા ત્યારે હો-હા થઈ હતી પણ સત્તાધીશોના કાને અવાજ પહોંચ્યો નહીં. ઇન્દોરમાં ભાજપનું શાસન છે અને એવી વાત પણ બહાર આવી છે કે સમાજવિરોધી તત્ત્વોએ પાઈપલાઈનની ભાંગફોડ કરી છે. તપાસમાં જો આ વાત સાબિત થાય તો તે વધુ ગંભીર છે. રાજકીય પક્ષોની સત્તાખોરીમાં જનતાના જીવ જોખમમાં મુકાય અથવા ગુમાવાય તે લોકતંત્ર નથી.

ઇન્દોરની દુર્ઘટના પછી મહાનગર મુંબઈ જેવાં શહેરોએ સક્રિય બનવાની જરૂર છે. મુંબઈ માટે આ 'ચેતવણી' છે. મોદી સરકાર બ્રિટિશકાળના જૂના-પુરાણા કાયદા રદ કરે છે તેવી રીતે જૂની-પુરાણી પાઈપલાઈનો અને ગટરની પાઈપો પણ બદલવી જોઈએ. ફરિયાદ આવે અને રોગચાળો ફેલાય ત્યાં સુધી રાહ જોવાય નહીં. નેતાઓ સુધરાઈની સત્તા મેળવવા તલપાપડ છે ત્યારે આ વિષય પણ ચૂંટણીની ચર્ચાના કેન્દ્રમાં આવવો જોઈએ.

**ઇન્દોરની દુર્ઘટના પહેલાં - નવેમ્બર મહિનામાં જ ભોપાલ નજીકની વેલ્લોર ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના પરિસરમાં પ્રદૂષિત પાણીની ફરિયાદ થઈ હતી. ઘણા વિદ્યાર્થીઓ કમળાનો ભોગ બન્યા ત્યારે હો-હા થઈ હતી પણ સત્તાધીશોના કાને અવાજ પહોંચ્યો નહીં.**

# બીમારી જૂની, ચર્ચા નવી

કોંગ્રેસના ૧૪૦મા સ્થાપના દિનના એક દિવસ પહેલાં પક્ષની કાર્યકારિણીની બેઠકમાં વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે પક્ષ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની હાજરીમાં પક્ષનું સંગઠન નબળું હોવાની વાત સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વખાણ કર્યા. ભૂતકાળમાં દિગ્ગીરાજા ઘણીવાર બોલાવામાં બફાટ કરી ચૂક્યા છે, પણ આ વખતે તેમણે કરેલી વાત અને સરખામણી સાથે શશી થરૂર પણ સહમત થયા છે. હાઈકમાન સામે ૨૦૧૯માં માથું ઊંચકનારા જી-૨૩ બાદ આ બીજો પ્રસંગ છે જ્યારે પક્ષના નેતાઓએ પોતાનાં મનની વાત મોકળાશપૂર્વક રજૂ કરી છે. ત્યારની અને અત્યારની કોંગ્રેસની પરિસ્થિતિમાં બહુ ફરક પડ્યો નથી. એ વખતે લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ માથાભેર પટકાયો હતો, રાહુલ ગાંધીએ પક્ષના અધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધું હોવા છતાં પક્ષ તેઓ જ ચલાવી રહ્યા હતા. આ પરિસ્થિતિ જોતાં પક્ષના જૂના જોગીઓએ સોનિયા ગાંધીને પત્ર લખી સંગઠનને મજબૂત કરવા માટેનાં સૂચનો કર્યાં હતાં. આ પત્રથી એ વખતે જેવો ધરતીકંપ મચ્યો હતો, તેની સરખામણીમાં દિગ્વિજય સિંહનું વિધાન તો હળવો આંચકો છે. જી-૨૩ના નેતાઓમાંથી અનેક આજે પક્ષમાં નથી, જે રહી ગયા છે, તેમની વ્યથા અકબંધ છે અને પક્ષની સ્થિતિ છ વર્ષ પહેલાં હતી એના કરતાં વધુ કથડી છે. દિગ્વિજય સિંહે કોંગ્રેસની બીમારી તરફ જ આંગળી ચીંધી છે, આવું જ નિદાન જી-૨૩ના નેતાઓએ પણ કર્યું હતું. રાહુલ ગાંધી હાલમાં જ સંસદના ચાલુ સત્રના છેલ્લા પાંચ દિવસ જર્મનીમાં હતા. જી-૨૩ના નેતાઓએ સોનિયાજીને એ વખતે ફરિયાદ કરી હતી કે, પક્ષને પૂર્ણ સમયના અધ્યક્ષની જરૂર છે. આ ઉપરાંત તેમણે કરેલાં સૂચનોનો સૂર સંગઠનને મજબૂત બનાવવા તરફી હતો. સોનિયાજીએ આ જૂથના નેતાઓને ૧૦, જનપથ ચર્ચા માટે બોલાવ્યા અને પાંચેક કલાક ચાલેલી આ બેઠક સંગઠનને સુદઢ કરવા પગલાં લેવાશે એ વાતની ખાતરી અપાતાં જી-૨૩ વિખેરાઈ ગયું. એ પછી ઉદયપુરમાં કોંગ્રેસના અધિવેશનમાં આ વિષય પર ચર્ચા થઈ, ઠરાવ પસાર કરાયા અને છતાં છ વર્ષ પછી પક્ષ ઠેરનો ઠેર છે. મલ્લિકાર્જુન ખડગે પક્ષ અધ્યક્ષ ચૂંટાયા અને રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા પર નીકળ્યા, જેમાં ભીડ ઊમટી પણ સંગઠન મજબૂત થવાનું કે ચૂંટણીમાં વિજય મેળવવાનું શક્ય ન બન્યું. ટૂંકમાં, જૈસે થે, જહાં થેની સ્થિતિ આજે પણ છે.

**હાઈકમાન સામે ૨૦૧૯માં માથું ઊંચકનારા જી-૨૩ બાદ આ બીજો પ્રસંગ છે જ્યારે પક્ષના નેતાઓએ પોતાનાં મનની વાત મોકળાશપૂર્વક રજૂ કરી છે. ત્યારની અને અત્યારની કોંગ્રેસની પરિસ્થિતિમાં બહુ ફરક પડ્યો નથી.**

**સ્વિટ્ઝર્લેન્ડ પોલીસે સત્તાવાર રીતે આગ કેમ લાગી તેનું કોઈ કારણ આપ્યું નથી**

# સ્વિટ્ઝર્લેન્ડ પણ જિહાદી આતંકવાદની લપેટમાં આવી ગયું?

## યુરોપમાં ફ્રાન્સ, યુકે, સ્વીડન સહિતના દેશોમાં આતંકવાદી હુમલા થયા કરે છે

દુનિયાના સૌથી સુરક્ષિત અને સલામત મનાતા દેશોમાં એક સ્વિટ્ઝર્લેન્ડના એક સ્કી રીસોર્ટમાં ન્યૂ યર સેલિબ્રેશન વખતે લાગેલી આગમાં ૪૦ લોકો જીવતાં ભડથું થઈ ગયાં અને ૧૦૦ કરતાં વધારે લોકો ઘાયલ થયાં એ ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે. જિહાદના નામે ચલાવાતા આતંકવાદે દુનિયાને એ હદે ભરડામાં લીધી છે કે, દુનિયાના કોઈ પણ ખૂણે બ્લાસ્ટ થાય કે આગ લાગે ત્યારે સૌથી પહેલાં લોકોને આતંકવાદી હુમલાનો જ વિચાર આવે છે. સ્વિટ્ઝર્લેન્ડના ક્રાન્સ-મોન્ટાના સ્કી રીસોર્ટમાં લાગેલી આગમાં મોટી સંખ્યામાં લોકો મર્યા તેમાં પણ સૌથી પહેલાં તો લોકોને આતંકવાદી હુમલો થયો હશે એવો જ વિચાર આવેલો ને તેના કારણે ફફડાટ પણ થઈ ગયેલો કેમ કે સ્વિત્ઝરલેન્ડ આતંકવાદથી અલિપ્ત રહેલો દેશ છે.

યુરોપમાં ફ્રાન્સ, યુકે, સ્વીડન સહિતના દેશોમાં આતંકવાદી હુમલા થયા કરે છે, પણ સ્વિટ્ઝર્લેન્ડમાં વરસોથી કોઈ આતંકવાદી હુમલો થયો નથી. ૧૯૫૦ના દાયકામાં ડાબેરી વિચારધારા ધરાવતા આતંકવાદીઓએ નાનાં નાનાં છમકલાં કર્યાં હતાં. ૧૯૬૯માં પેલેસ્ટાઈની આતંકવાદીઓએ પ્લેન ઉડાવી દીધેલું તેમાં નવ લોકો માર્યા ગયેલા, જ્યારે ૧૯૭૦માં સ્વિસ એરનું પ્લેન ઉડાવી દીધું તેમાં ૪૭ લોકોનાં મોત થયાં હતાં. એ પછી સ્વિટ્ઝર્લેન્ડમાં મોટો આતંકવાદી હુમલો થયો નથી, જે બે મોટી ઘટનાઓ બની એ પણ આપણે ત્યાં બનતી ઘટનાઓની સરખામણીમાં કંઈ ના કહેવાય. આપણે ત્યાં આતંકવાદી હુમલાઓમાં ૨૫૦થી વધારે લોકો મર્યાં હોય એવી પણ ઘટનાઓ બની છે. ૫૦થી વધારે લોકોનાં મોતની ઘટનાઓ તો સંખ્યાબંધ છે એ જોતાં સ્વિટ્ઝર્લેન્ડ આતંકવાદથી અલિપ્ત જ કહેવાય.

છેલ્લાં કેટલાંક વરસોમાં યુરોપમાં આતંકવાદ વકર્યો, પણ સ્વિટ્ઝર્લેન્ડને બહુ અસર નથી થઈ. ૨૦૨૦માં અને ૨૦૨૪માં સ્ટેબિંગ એટલે કે છુરાબાજીની ઘટનાઓ બની તેમાં પણ મુસ્લિમો સામેલ હતા પણ તેમાં કોઈ મર્યું નહોતું. ટૂંકમાં છેલ્લા ૫૫ વર્ષથી સ્વિટ્ઝર્લેન્ડમાં મોટો આતંકવાદી હુમલો થયો નથી. હવે અચાનક બ્લાસ્ટ થાય અને ૪૦ લોકો મરી જાય તેથી ચિંતા થવી સ્વાભાવિક છે. પણ સદ્નસીબસ્વિટ્ઝર્લેન્ડમાં થયેલો હુમલો આતંકવાદી હુમલો નથી.

સ્વિટ્ઝર્લેન્ડની સરકારે સત્તાવાર રીતે બ્લાસ્ટ કેમ થયો તેનું કારણ આપ્યું નથી, પણ રીસોર્ટમાં લાગેલી આગ વિસ્ફોટકો દ્વારા કરાયેલા બ્લાસ્ટના કારણે નહોતી લાગી એ સ્પષ્ટ છે તેથી આતંકવાદી હુમલાની શક્યતા તો છે જ નહીં પણ આગ લાગવા માટે જે કારણ બહાર આવ્યું છે એ ગંભીર છે અને સેલિબ્રેશનના અતિરેકમાં કરાતા અખતરા પણ અત્યંત જીવલેણ સાબિત થઈ શકે છે એ તરફ સંકેત કરે છે.

સ્વિટ્ઝર્લેન્ડ પોલીસે સત્તાવાર રીતે આગ કેમ લાગી તેનું કોઈ કારણ આપ્યું નથી ને તપાસ ચાલી રહી છે એવી રેકર્ડ વગાડ્યા કરે છે પણ આગ લાગી ત્યારે બારમાં હાજર સાક્ષીઓના કહેવા પ્રમાણે, શેમ્પેઈનની બોટલોમાં સ્પાર્કલ થાય એટલે કે તણખા ઝરે એ માટે મુકાયેલા સ્પાર્કલર્સના કારણે આગ લાગી હતી. સ્પાર્કલર એક પ્રકારનું દારૂખાનું જ હોય છે. આપણે દિવાળી વખતે તારામંડળ સળગાવીએ છીએ એ સ્પાર્કલર કહેવાય. શેમ્પેઈનની બોટલમાં મૂકાતાં સ્પાર્કલર તારામંડળ જેવાં મોટાં ના હોય પણ બહુ નાનાં હોય. ધીમે ધીમે બળે અને રંગીન જ્વાળાઓ, તણખા પેદા કરે તેથી શેમ્પેઈનની બોટલ કલરફુલ લાગે ને માહોલ રંગીન થઈ જાય. પોટેશિયમ પરક્લોરેટ, ટાઈટેનિયમ અથવા એલ્યુમિનિયમ અને ડેક્સ્ટ્રિનના મિશ્રણથી કોટેડ ધાતુના વાયરમાંથી બનાવાયેલાં સ્પાર્કલર પર ચમક માટે એલ્યુમિનિયમ અથવા મેગ્નેશિયમ પણ લગાવાય છે.

આ સ્પાર્કલર અને શેમ્પેઈન એકબીજાના સંપર્કમાં ના આવે એ રીતે તેનું પેકિંગ કરાતું હોય છે પણ કોઈ રીતે ચૂક થઈ તેમાં શેમ્પેઈનમાં આગ લાગી ગઈ ને બોટલ ફૂટી તેમાં બીજી બોટલોમાં પણ આગ લાગી. આલ્કોહોલ ઝડપથી આગ પકડે ને કોન્સ્ટેલેશન બારમાં ન્યૂ યરની ઉજવણી માટે જામેલી હકડેઠઠ ભીડ માટે થોકબંધ દારૂ મંગાવાયેલો તેથી આખો બાર આગનો ગોળો બની ગયો, લોકો જીવતાં જ ભૂંજાઈ ગયાં.સ્વિટ્ઝર્લેન્ડ પોલીસની તપાસમાં આ વાત બહાર ના આવી હોય એવું ના બને કેમ કે યુરોપની પોલીસ પાસે અત્યાધુનિક ફોરેન્સિક ટેકનોલોજી હોય છે. તેની મદદથી કલાકોમાં આગનું સાચું કારણ જાણી શકાય પણ છતાં પોલીસ એક જ રેકર્ડ વગાડી રહી છે કે હાલ વિસ્ફોટનાં કારણોની તપાસ કરવામાં આવી રહી છે અને બહુ જલદી વિગતો જાહેર કરાશે. પોલીસ વિગતો જાહેર નથી કરતી તેનું કારણ પ્રવાસન પર પડનારી વિપરિત અસરો હોઈ શકે છે. ક્રાન્સ-મોન્ટાના સ્વિટ્ઝર્લેન્ડની આલ્પ્સ પર્વતમાળામાં આવેલું લક્ઝરી સ્કી રિસોર્ટ છે. સ્વિસ રાજધાની બર્નથી લગભગ બે કલાકના અંતરે આવેલા આ રીસોર્ટમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે.

શિયાળો તો કમાણીની સીઝન છે કેમ કે બરફ પર સ્કીઈંગ કરવા માટે યુરોપ જ નહીં પણ અમેરિકા સહિતના દેશોમાંથી લોકો ઉમટે છે. સ્વિટ્ઝર્લેન્ડ મોંઘો દેશ છે ને સામાન્ય માણસનું તો સ્વિટ્ઝર્લેન્ડમાં વેકેશન માણવાનું ગજું જ નથી. તેમાં પણ ક્રાન્સ-મોન્ટાના તો લક્ઝુરીયસ કી રીસોર્ટ છે તેથી ધનિકો સિવાયના કોઈને પરવડે જ નહીં. હવે ધંધાની સીઝનની શરૂઆતમાં જ બ્લાસ્ટ થયો છે તેના કારણે લોકો ડરેલાં છે ત્યાં આ ઘટનાનું પિષ્ટપિંજણ કરીને લોકોને વધારે નહીં ડરાવવા માટે પોલીસ ચુપકીદી સાધી રહી હોય એ શક્ય છે. ભારતમાં આવી કોઈ ઘટના બને ત્યારે મીડિયા અને સોશ્યલ મીડિયા ખણખોદ કરીને અફવાઓને ઉત્તેજન આપીને લોકોને ડરાવે છે. પોલીસ પણ સત્તાવાર રીતે કશું ના કહે પણ બિનસત્તાવાર રીતે અધૂરી માહિતી આપીને ફફડાટ વધારતી હોય છે. સ્વિટ્ઝર્લેન્ડ પોલીસ એવો ભય ફેલાવવાથી દૂર રહીને શાણપણ બતાવી રહી છે. લોકોની યાદદાસ્ત ટૂંકી હોય છે તેથી લોકો આ ઘટનાને શક્ય એટલી ઝડપથી ભૂલી જાય એવો અભિગમ પોલીસે અપનાવ્યો છે.

ભારત માટે સ્વિટ્ઝર્લેન્ડની ઘટના મોટો બોધપાઠ છે. સેલિબ્રેશનમાં કશું ખોટું નથી પણ એ ઘાતક ના નિવડવું જોઈએ એ આ ઘટનાનો બોધપાઠ છે. ભારતમાં પણ છાસવારે સેલિબ્રેશનનું કલ્ચર વિકસી ચૂક્યું છે. પશ્ચિમના દેશોની નકલ કરીને વાર-તહેવારે દારૂની પાર્ટીઓ કરવી, બાર, ક્લબો અને રીસોર્ટ્સમાં જઈને મજા કરવી અત્યારે નવો ટ્રેન્ડ છે. ગ્રાહકોને આકર્ષવા માટે પશ્ચિમના જેવા જ અખતરા કરવાનું વલણ વધતું જાય છે ત્યારે આવા અખતરા કઈ હદે જીવલેણ નિવડી શકે એ સ્વિટ્ઝર્લેન્ડની ઘટનાએ બતાવી આપ્યું છે. ભારતમાં એટલી બધી વસતી છે કે, સેલિબ્રેશન માટે મોટી સંખ્યામાં ભીડ જામી જ જાય છે તેથી વધારે પ્રમાણમાં જાનહાનિ થાય એ સંભાવના પણ વધારે છે. એ જોતાં આપણે સતર્ક થવું પડે.

**અત્યારે તો આ નવીસવી પાર્ટીને આર્થિક સમસ્યાઓ પણ નડી રહી છે.**

# બાંગ્લાદેશમાં હિંદુ પક્ષની રચનાઃ ભારતની પીડા ઘટાડશે કે વકરાવશે?

- બાંગ્લાદેશનો ધાર્મિક કટ્ટરવાદ સમજવા માટે ઇસ ૧૯૦૫માં તત્કાલીન વાઇસરોય લૉર્ડ કર્ઝને પાડેલા બંગાળ રાજ્યના ભાગલા અને એના લાંબા ગાળાનાં પરિણામોને સમજવા પડે. આમ તો એ ભાગલા વહીવટી સરળતાના રૂપકડા ઓઠા હેઠળ થયા

આજકાલ બાંગ્લાદેશથી અરાજકતા અને હિંદુ લઘુમતી પર થતા અત્યાચારોની ખબર નિયમિતપણે આપણને આવતી રહે છે. ગયા વર્ષે ભારત તરફી ગણાતા શેખ હસીનાની સરકાર ઉથલાવી દેવામાં આવી. ત્યાર પછી ભારતનો આ પડોશી દેશ દિવસે દિવસે વધુને વધુ ભારત વિરોધી ખાસ કરીને કટ્ટર હિંદુ વિરોધી વલણ છતું કરી રહ્યો છે. બાંગ્લાદેશ માટે આ નવું નથી, કારણકે એની રચનાના મૂળમાં જ હિન્દુઓથી જુદા હોવાની ભાવના રહેલી છે. આ ભાવના હવે ઘણે અંશે કટ્ટરવાદમાં પરિવર્તિત થઇ ચૂકી છે. આ કટ્ટરવાદના મૂળિયાં બહુ જૂના છે. લગભગ સવાસો વર્ષ જેટલા જૂના.

બાંગ્લાદેશનો ધાર્મિક કટ્ટરવાદ સમજવા માટે ઈસ ૧૯૦૫માં તત્કાલીન વાઈસરોય લોર્ડ કર્ઝને પાડેલા બંગાળ રાજ્યના ભાગલા અને એના લાંબા ગાળાનાં પરિણામોને સમજવા પડે. આમ તો એ ભાગલા વહીવટી સરળતાના રૂપકડા ઓઠા હેઠળ થયા, પરંતુ એમાં આધાર તરીકે હિંદુ અને મુસ્લિમ પ્રજાની ડેમોગ્રાફી – વસ્તી વહેંચણી જ હતી. પશ્ચિમી પ્રદેશમાં જ્યાં હિન્દુઓ બહુમતીમાં હતા, એ વિસ્તારો પશ્ચિમ બંગાળ તરીકે ઓળખાયા. અને મુસ્લિમ પ્રજાની બહુમતીવાળા વિસ્તારોને સાથે રાખીને પૂર્વીય બંગાળ નામક નવું રાજ્ય બનાવી દેવાયું. અંગ્રેજોનો મૂળ હેતુ એક મોટું મુસ્લિમ રાજ્ય ઊભું કરવાનો જ હતો, જેથી હિંદુ-મુસ્લિમ પ્રજા વચ્ચે વૈમનસ્ય વધે અને બંગાળમાં એ સમયે પુરજોશમાં ઊભરી રહેલો રાષ્ટ્રવાદ નબળો પડી જાય. ભારતીયોએ બંગાળના ભાગલાનો પૂરજોશમાં વિરોધ કર્યો અને બંગ ભંગની વિરુદ્ધ ચળવળ શરૂ થઈ. રવીન્દ્રનાથ ટાગોરે ગીત લખી નાખ્યુંપ 'આમાર સોનાર બાંગ્લા'. બંગાળીભાષી પ્રજાની અસ્મિતાસમું આ ગીત પ્રજાને હોઠે વસી ગયું.આખરે ઈસ ૧૯૧૧માં બંગાળના બે ટુકડાઓ ફરી એક બન્યા. જોકે એ પછી પ્રજામાનસમાં જે તિરાડ પડી ગઈ, એ આજની તારીખે ય બાંગ્લાદેશમાં વસતા હિન્દુઓને પીડા આપે છે.બંગાળના વિભાજન અને એકીકરણ વચ્ચેના સમયમાં એક નોંધનીય ઘટના બની. ૩૦ ડિસેમ્બર, ૧૯૦૬ના દિવસે મુસ્લિમો માટેના રાજકીય પક્ષ તરીકે મુસ્લિમ લીગની સ્થાપના થઇ. પાછળથી આ જ મુસ્લિમ લીગે ભારત-પાકિસ્તાનના ભાગલામાં નિર્ણાયક ભૂમિકા ભજવી.ફરી એક વાર ધર્મના આધારે બંગાળના ભાગલા થયા અને પૂર્વીય પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું. એ પછી ૧૯૭૧માં એ બાંગ્લાદેશ નામના સ્વતંત્ર દેશ તરીકે અસ્તિત્વમાં આવ્યું. ટાગોરે રચેલું પેલું બંગાળી ગીત બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત બન્યું.મુસ્લિમ હિતોને બહાને કટ્ટરવાદને પોષવામાં મુસ્લિમ લીગે પાછું વળીને ન જોયું. એ બધું સમજવા માટે ડાયરેક્ટ એક્શન ડે'નું એકમાત્ર ઉદાહરણ પૂરતું થઇ રહેશે. સ્વતંત્રતા અને વિભાજન બાદ બંગાળી ભાષા અને સંસ્કૃતિના અગાધ પ્રેમમાં ડૂબેલો આ દેશ ધીમે ધીમે ઈસ્લામિક કટ્ટરવાદીઓની ચુંગાલમાં ફસાતો ગયો. બીજી તરફ હિન્દુઓનો પક્ષ રજૂ કરે કે એમના મૂળભૂત અધિકારો માટે લડે એવો કોઈ રાજકીય પક્ષ દૂર દૂર સુધી દ્રષ્ટિગોચર નહોતો થતો. જેનું પરિણામ આજની પરિસ્થિતિરૂપે દેખાઈ રહ્યું છે. જો કે મુસ્લિમ લીગની સ્થાપનાના લગભગ એકસો વીસ વર્ષ પછી હિન્દુઓ સહિતની લઘુમતી પ્રજા માટે રચાયેલો એક પક્ષ બાંગ્લાદેશની ક્ષિતિજે ડોકાયો છે. એ છે બાંગ્લાદેશ માઈનોરિટી જનતા પાર્ટી'- (BMJP)હિન્દુઓ સહિતની લઘુમતી પ્રજાઓ છેલ્લા ઘણા સમયથી દમનનો ભોગ બનતી હતી. શેખ હસીનાની અવામી લીગ અને ખાલિદા ઝિયાની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી બીએનપીને લઘુમતીઓના હિત સાચવવા કરતા બહુમતી મુસ્લિમ વોટબેંક સાચવવામાં દેખીતી રીતે જ વધારે રસ હોવાનો. આખરે હિંદુ સમાજના કેટલાક નેતાઓએ પોતાનો રાજકીય પક્ષ રચવાનું નક્કી કર્યું. ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૭માં ઢાકાના નેશનલ પ્રેસ ક્લબમાં ૧૦૧ સ્થાપક સભ્યો દ્વારા નવી પોલિટિકલ પાર્ટી શરૂ કરવામાં આવી હતી. શ્યામલ કુમાર રોય અધ્યક્ષ અને સુકૃતિ કુમાર મંડલ જનરલ સેક્રેટરી બન્યા. પાર્ટીનો મુખ્ય હેતુ ધાર્મિક અલ્પસંખ્યકો (ખાસ કરીને હિંદુ, બૌદ્ધ અને ખ્રિસ્તી સમુદાયો)નાં હિતોનું રક્ષણ કરવાનો હતો, પરંતુ બાંગ્લાદેશના ચૂંટણી કમિશને પાર્ટીને મંજૂરી જ આપી નહીં!આખરે એપ્રિલ, ૨૦૨૫માં માંડ માંડ મંજૂરી મળી અને બાંગ્લાદેશમાં હિન્દુઓનાં હિતોની વાત કરતી સૌપ્રથમ પાર્ટી – બાંગ્લાદેશ માઈનોરિટી જનતા પાર્ટી (BMJP) અસ્તિત્વમાં આવી. પાર્ટીના હાલના અધ્યક્ષ સુકૃતિ કુમાર મંડલ એક અનુભવી રાજનેતા છે અને બાંગ્લાદેશમાં અલ્પસંખ્યકોના અવાજ તરીકે જાણીતા છે.પોલિટિકલ એજન્ડાની વાત કરીએ આ પાર્ટી બાંગ્લાદેશને એક ધરમનિરપેક્ષ દેશ બનાવવા માગે છે, જેમાં અલ્પસંખ્યકોને પણ પૂરતું પ્રતિનિધિત્વ મળતું હોય. પણ ખાટલે મોટી ખોડ એ છે કે બાંગ્લાદેશમાં ઝાઝા હિન્દુઓ બચ્યા નથી. કુલ ૩૦૦ બેઠકો પૈકી માત્ર ૪૦-૪૫ જેટલી સીટ્સ ઉપર જ લઘુમતી પ્રજાનું પ્રભુત્વ છે, પરંતુ ઈસ્લામિક કટ્ટરવાદીઓના ડરને કારણે BMJPને હજી આટલા ઉમેદવારો ય નથી મળ્યા! તેમ છતાં પાર્ટી આગામી ચૂંટણીઓમાં ચાલીસેક સીટ્સ જીતવાની આશા ધરાવે છે.

અત્યારે તો આ નવીસવી પાર્ટીને આર્થિક સમસ્યાઓ પણ નડી રહી છે. પાર્ટી ભવિષ્યમાં બીએનપી સાથે જોડાણની શક્યતાઓ તપાસી રહી છે. આગામી સમયમાં હિન્દુઓની આ પાર્ટી કેવુંક કાઠું કાઢે છે એ જોવાનું રસપ્રદ થઇ રહેશે.ઘણાને ભારતની બીજેપી અને બાંગ્લા.ની બીએમજેપી બે ભગિની સંસ્થાઓ હોવાની શંકા જાય છે, પણ હાલ પૂરતી આવી કોઈ વાતને પુષ્ટિ મળતી નથી. ઊલટાનું 'બીએમજેપી' ઈચ્છે છે કે ભારત સરકાર બદનામ થયેલા શેખ હસીનાને બદલે ખાલિદા ઝિયાની – હવેથી તારિક ઝિયાની પાર્ટી બીએનપીને સમર્થન આપે.શેખ હસીનાના કટ્ટર રાજકીય પ્રતિસ્પર્ધી ખાલિદા ઝીયા અનેકવિધ બીમારીઓ સામેની લડતમાં હારીને આ અઠવાડિયે જન્નતનશીન થયા, એ પછી ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકર ખાલિદાની અંત્યેષ્ઠીમાં હાજરી આપવા ઢાકા ગયા છે. ત્યાં તેમણે બાંગ્લાદેશી રાજકારણમાં રાઈઝિંગ સ્ટાર ગણાતા તારિક રહેમાન ઉર્ફે તારીક ઝિયા સાથે મુલાકાત કરી. ભારતીય વિદેશમંત્રીની આ મુલાકાતને ઘણા બિગ પોલિટિકલ મુવ તરીકે જોઈ રહ્યા છે. ૨૦૨૬ના ફેબ્રુઆરીમાં બાંગ્લાદેશમાં ચૂંટણીઓ યોજાશે અને નવી સરકાર બનશે ત્યારે એ સરકાર સાથે ભારતની દોસ્તી હોય એ ખૂબ જરૂરી છે.

**એસ.ટી.નો ભાડાંવધારો**

# મધ્યમવર્ગની મુસાફરી મોંઘી બની

- **ભલે દશેરા કે દિવાળીના દિવસે નવી મોટરકાર ખરીદાયાના અહેવાલો માધ્યમમાં આવે, પરંતુ બહુ મોટો વર્ગ છે, જેનાં પરિવહનનું માધ્યમ આ એસ.ટી.ની બસ છે.**

રાજ્ય પરિવહન નિગમની બસનાં ભાડાંમાં નવાં વર્ષના પ્રથમ દિવસથી જ વધારો લદાયો છે. સામાન્ય પ્રજામાં આ નિર્ણયનો પડઘો એવો જ છે કે, આને લીધે ખિસ્સાં ઉપર ભારણ વધશે. વિશેષતઃ મધ્યમ, નિમ્ન મધ્યમવર્ગના લોકોની મુસાફરી મોંઘી બનશે. પ્રશાસન કે સરકાર પાસે તેનાં પોતાનાં કારણ છે, છતાં સરકારી સેવા થોડી પણ મોંઘી બને તે જનસામાન્યને ગમે નહીં તે સ્વાભાવિક છે. પ્રજા નારાજ વધારે થાય તેનું કારણ એ છે કે, નવ જ માસના ગાળામાં એસ.ટી. બસનાં ભાડાંમાં કુલ ૧૩ ટકાનો વધારો થયો છે. એસ.ટી. તંત્રની ગંજાવર ખોટ જોતાં ભાડાંવધારો તેના માટે અનિવાર્ય છે, પરંતુ જનતાનાં ખિસ્સાં ઉપર તો ભારણ વધે તે નક્કી છે. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને તેમની તમામ સ્તરની બસનાં ભાડાંમાં ત્રણ ટકાનો ભાવવધારો કર્યો છે. સામાન્ય જનતાને આ ગમ્યું ન હોય તે સ્વાભાવિક છે. ભલે દશેરા કે દિવાળીના દિવસે નવી મોટરકાર ખરીદાયાના અહેવાલો માધ્યમમાં આવે, પરંતુ બહુ મોટો વર્ગ છે, જેનાં પરિવહનનું માધ્યમ આ એસ.ટી.ની બસ છે. નોકરી માટે અપડાઉન કરતા કર્મચારીઓ, વ્યવસાયીઓ, સેલ્સમેનથી લઈને અન્ય મુસાફરો એસ.ટી.માં મુસાફરી કરે છે. વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં એસ.ટી.ની બસોમાં આવન-જાવન કરે છે. માર્ચ ૨૦૨૫માં ભાડાંમાં વધારો થયા પછી ફરી ડિસેમ્બર ૨૦૨૫ના છેલ્લા દિવસે વધારો થયો છે. નવ માસમાં ૧૩ ટકાનો વધારો છે તેથી તેની ચર્ચા છે. એ વાત સાચી છે કે, એસ.ટી. અથવા સરકારની કોઈ પણ સેવા નફાના ઉદ્દેશથી ચાલતી નથી. તેથી નફો લક્ષ્ય ન હોય, પરંતુ ખોટ ઘટે તે જરૂરી છે. એસ.ટી. નિગમ ખોટ કરે છે તે વાસ્તવ છે અને તે સંખ્યા પણ નાની નથી. ૨૦૨૪-૨૫નાં વર્ષમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટની ખોટ ૧૮૦૨ કરોડ રૂપિયા હતી. પ્રીમિયમ બસોમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૧૭૪ કરોડની ખોટ હતી. ૨૦૧૯નું વર્ષ એવું હતું કે, એસ.ટી.ની આવક વધી તો પણ ખોટ તો હતી જ. કોરોના સમયે બંધ રહેલું પરિવહન આમાં સૌથી મોટો ભાગ ભજવી ગયું છે. હવે આ સરકારી સેવા અંતર્ગત પણ વોલ્વો જેવી વાતાનુકૂલિત અને સુવિધાવાળી બસો મળે છે. પરિવહન સુગમ બન્યું છે. નવી, અદ્યતન ટેક્નોલોજીવાળી બસ ખરીદવા અને તેને વ્યવસ્થિત સંચાલિત કરવા માટે નાણાં જોઈએ. કર્મચારીઓના પગાર, વિવિધ વહીવટી ખર્ચ સહિતની બાબતો છે, જેમાં ઘટાડો શક્ય નથી.



એસ.ટી. એવી સેવા છે, જે નાનાં ગામડાં સુધી પહોંચે છે. કચ્છ જેવા દેશના સૌથી વિશાળ ભૂભાગમાં પથરાયેલા જિલ્લામાં પરિવહન માટે એસ.ટી. આધાર છે. એક જમાનો હતો, જ્યારે ખાનગી સેવા નહોતી વિસ્તરી અને બાઈક-કાર શ્રીમંતો પાસે જ હતાં, ત્યારે એસ.ટી. બસના ડ્રાઈવર-કંડક્ટર સાથે ગ્રામજનોનો-મુસાફરોનો ઘરોબો કેળવાઈ જતો. રાત્રિરોકાણ કરતી બસના સ્ટાફ માટે સરપંચ તરફથી ભોજન-રહેવાની વ્યવસ્થા થાય. કાચા રસ્તા, જંગલનો માર્ગ જેવી સ્થિતિમાં ફક્ત બે જ મુસાફર હોય તોય રૂટ ચાલતા રહે છે. આ બધાને પહોંચી વળવા પૈસા તો જોઈએ, જે વધારો થયો છે તેને કારણે હવે દરરોજ રૂા. ૨૭ લાખની આવક વધશે. એસ.ટી. તંત્ર તેને લીધે નફો તો નહીં જ કરે, પણ ખોટ થોડી ઓછી થશે, જે સેવા એસ.ટી. આપે છે તે આખરે એસ.ટી. જ આપી શકે તે પણ સાચી વાત છે, પરંતુ પ્રજાના દૃષ્ટિકોણથી જોઈએ તો પણ વાત એ છે કે, આ સેવા આખરે તો એસ.ટી. જ આપી શકે તેમ છે, તેથી શક્ય તેટલા ઓછા ભાડાંવધારા સાથે તે સેવા મળવી જોઈએ. વિજ્ઞાપનથી લઈને અન્ય રસ્તા એસ.ટી. તંત્ર અપનાવે અને મુસાફરો પ્રત્યે સેવાભાવ ચાલુ રાખી અન્ય રીતે કોમર્શિયલ માર્ગ લે તો ખોટ પણ ભરપાઈ થાય અને પ્રજાની મુસાફરી સસ્તી થઈ શકે.

## PRથી મેગેઝીન કવર પર ચમકવાને બદલે હું મારું સ્થાન કમાવામાં માનું છું : ઝહાન કપૂર

# ઝહાન કપૂરે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પીઆરની અતિશયોક્તિ વિશે વાત કરી

જાન્યુઆરી ૨૦૨૫માં એક સીરિઝ આવી, 'બ્લોક વોરન્ટ' અને કોઈને ધ્યાનમાં પણ નહોતો એવો કપૂર પરિવારનો એક કલાકાર, ઝહાન કપૂર છવાઈ ગયો. ભારતમાં જ નહીં પણ આંતરરાષ્ટ્રિય સ્તરે આ સિરીઝની ચર્ચા હતી. ત્યાર પછી ઝહાન કપૂર કોઈ ફિલ્મ કે સિરીઝમાં દેખાયો નથી.

ત્યારે એક ઈન્ટરવ્યુમાં ઝહાને ઈન્ડસ્ટ્રીમાં થઈ રહેલી પીઆરની અતિશ્યોક્તિ વિશે વાત કરી છે. તેણે જણાવ્યું, "બ્લેક વોરન્ટ એક એવી ગિફ્ટ છે, જે મને હજુ પણ આપ્યા જ કરે છે. તેનાથી જે આંતરરાષ્ટ્રિય સ્તરે નોંધ લેવાઈ છે, તે ખરેખર વિનમ્ર અને ભાવુક કરી દે એવી છે. તમે આવી બાબતોની કોઈ રાહ જોઈને નથી બેસતા, આ તો સરપ્રાઈઝ છે. જ્યારે લોકો મને કહે તે આ સિરીઝે તેમના પર કેટલી અસર કરી એ મારા માટે હંમેશા સરપ્રાઈઝ હોય છે. મને ખબર નથી ભવિષ્યમાં શું થવાનું છે."

હવે ઝહાનની આ સિરીઝની બીજી સીઝન આવી રહી છે, ત્યારે તેણે ઝહાને પીઆર વિશે વાત કરી છે. ઈસ્ડસ્ટ્રીમાં કોઈને એક સારો રોલ મળે તો લોકો સખત પીઆર પાછળ લાગી જાય છે, આ અંગે ઝહાને કહ્યું, "એવી કેટલાક રસપ્રદ કામ છે, મને આશા છે કે, તેમાં કશુંક આગળ વધશે પણ હજુ બધું ધીરે ધીરે ચાલે છે. હકિકત એ છે કે લોકોને તમારું કામ ગમે તો પણ તેની પાછળ ઘણા બીજા કારણો હોય છે. ઘણા લોકો એવું કહેતાં હોય કે એ સિરીઝ વર્ષની શ્રેષ્ઠ સિરીઝ હતી તો પણ બધું પૂરું કરવું અઘરું હતું. મારે પણ વ્યસ્ત રહેવું છે, મને જે લોકોમાં વિશ્વાસ છે એવા લોકો સાથે મારે કામ કરવું છે પરંતુ મે બ્લેક વોરન્ટ પછી કશું જ સાઈન કર્યું નથી."

આગળ ઝહાને કહ્યું, "એવા ઘણા લોકો હોય છે, જેઓ ફિલ્મની જાહેરાત તો કરે છે પણ તેમની ફિલ્મમાં કશું આગળ વધતું નથી. આવા લોકોને માત્ર ચર્ચામાં રહેવા માટે પ્રચારની જ ભુખ હોય છે. તેથી મને કોઈની પાછળ પડવું ગમતું નથી. હું એવા લોકો અને વાર્તાઓનો પીછો કરું છું અને એવા લોકો પર વિશ્વાસ મુકું છું જે લોકો મને જવાબ આપે છે, સપર્ક તોડતા નથી, ઈમાનદારાથી વાર્તા પર કામ કરવા માગે છે, તો મને કામ પણ મળશે, મારું મહત્વ પણ જળવાઈ રહેશે અને હું લોકોની નજરમાં પણ રહી શકીશ. મારી ઈમેજ બનાવવાનો મારો કોઈ એજન્ડા નથી, તેથી હું પીઆર ઉભું કરવાના પ્રયત્ન કરતો નથી. જે મળે એ કામ કરવામાં હું ખુશ છું."

જહાને કહ્યું, "મારો આ મીડિયાની દુનિયા અને મનોરંજનની દુનિયાનો ભાગ બની રહીને શક્ય હોય એટલી મોટી અસર ઉભી કરવાનો હેતુ છે. આમાં મારી જાતને ખુશ કરવા માટે કંઈ નથી, આ ઉદારતાની વાત છે. આટલું કરવામાં પણ દસ વર્ષ લાગી ગયા છે, કદાચ બીજા દસ વર્ષ થઈ જશે પરંતુ કમ સે કમ બધું સહજ રીતે થશે. કોઈ સ્ટ્રેટેજીના ભાગરૂપે મેગેઝિનમાં ઈન્ટરવ્યુ કરાવવાને બદલે હું મારી કાબેલિયતના આધારે મેગેઝિન કવર પરના ફોટો અને એન્ડોર્સમેન્ટ કમાવવામાં માનું છું, તેના પર મને ગર્વ છે. એક કલાકારનો આત્મા અને વ્યક્તિત્વ સચવાઈ રહે તે જરુરી છે, કેટલાક લોકોને આ રમતો રમતા આવડે છે, પણ મને નહીં. કેટલાક લોકો માટે આજે એ જ પ્રાથમિકતા છે."





# 'કેરાલા સ્ટોરી-૨' ફેબ્રુઆરીમાં થિએટરમાં રિલીઝ થશે

આ ફિલ્મમાં પ્રવર્તમાન સ્થિતિની અત્યંત કાળી, ક્રૂર અને અમાનવીય બાજુ દર્શાવતી ફિલ્મ કેરાલા સ્ટોરી ઘણી ચર્ચામાં રહી હતી. હવે આ ફિલ્મનો બીજો ભાગ આવી રહ્યુ છે. જોકે, ફિલ્મના કલાકારો અને સ્ટોરી અંગે સંપૂર્ણ ગોપનિયતા જાળવવામાં આવી છે. પરંતુ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર 'કેરાલા સ્ટોરી-૨'નું શૂટિંગ ઘણું અંકુશ ધરાવતી અને સુનિશ્ચિતતા ધરાવતી પદ્ધતિએ કરવામાં આવ્યું છે

૨૦૨૩ની વર્ષમાં 'કેરાલા સ્ટોરી' આવી ત્યારે તે ફિલ્મ બ્લોકબસ્ટર પૂરવાર થઇ હતી. જોકે પ્રેક્ષકો તરફથી આ ફિલ્મ માટે મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો તેમ છતાં આ ફિલ્મ બેસ્ટ ડિરેક્શન અને બેસ્ટ સિનેમેટોગ્રાફી માટે બે નેશનલ એવોર્ડ જીતી ગઇ હતી. પ્રાપ્ત અહેવાલો મુજબ હવે 'કેરાલા સ્ટોરી-૨' હાલ નિર્માણાધિન છે. એવું કહેવાય છે કે આ ફિલ્મનું શૂટિંગ ખુબ સાવચેતીપૂર્વક અને આકરી સુરક્ષાવ્યવસ્થા વચ્ચે ચાલી રહ્યું છે.


આ અંગેના કેટલાક અહેવાલો મુજબ 'કેરાલા સ્ટોરી-૨'નું તમામ શૂટિંગ કેરળમાં થયું છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ ફિલ્મમાં હાલની સ્થિતિની અત્યંત કાળી, ક્રૂર અને અમાનવીય બાજુ ઉજાગર કરાઇ છે. જો કે આ ફિલ્મના કલાકારો અને સ્ટોરી અંગે સંપૂર્ણ ગોપનિયતા જાળવવામાં આવી છે. સૂત્રોએ કહ્યું હતું કે 'કેરાલા સ્ટોરી-૨'નું ફિલ્માંકન અત્યંત અંકુશ ધરાવતી અને સુનિશ્ચિતતા ધરાવતી પદ્ધતિએ કરવામાં આવ્યું છે. આ ફિલ્મના નિર્માતા વિપુલ શાહ ઈચ્છે છે કે ફિલ્મના શૂટિંગ દરમ્યાન કોઇ અનિચ્છનિય બનાવ કે ઘટના બનવી જોઇએ નહીં.

ફિલ્મના નિર્માણકાર્ય સાથે સંકળીયેલાં સૂત્રોએ કહ્યું હતું કે ફિલ્મના કલાકારો અને ક્રુ મેમ્બરને સેટ ઉપર મોબાઇલ ફોન લઇ જવાની સહેજ પણ છૂટ નથી. આ ફિલ્મની સ્ટોરી અથવા કોઇપણ ઘટના કે બનાવની વિગતો જાહેર ન થઇ જાય તે માટે આ મુજબના પગલાં લેવામાં આવ્યા છે. અહેવાલમાં કરાયેલા દાવા મુજબ આ ફિલ્મ ફેબ્રુઆરી-૨૦૨૬માં થિયેટરમાં રિલીઝ થશે.

૨૦૨૩માં આવેલી કેરાલા સ્ટોરી ફિલ્મનું ડિરેકશન સુદિપ્તો સેને કર્યું હતું, અને ફિલ્મમાં અદા શર્મા, યોગીતા બિહાની, સોનિયા બાલાની અને સિદ્ધિ ઈદનાની નામની ચાર નવોદિત અભિનેત્રીઓએ લાજવાબ અભિનય કર્યો હતો. આ ફિલ્મની સ્ટોરી કેરળની ચાર યુવતિઓને કેવી રીતે બળજબરીપૂર્વક ઈસ્લામ અંગિકાર કરી લેવાની ફરજ પાડવામાં આવી હતી? બાદમાં તેઓને કેવી રીતે ઈસ્લામિક સ્સેટ (આઇએસઆઇએસ) નામના ત્રાસવાદી જૂથો માટે નિયુક્ત કરાઇ હતી? તે ઘટનાની આસપાસ ગૂંથાયેલી હતી.આ ફિલ્મને કેટલાંક વિવેચકો અને ટીકાકારોએ પ્રોપગેન્ડા ગણાવી હતી. મીડિયામાં પણ આ ફિલ્મમાં જે કાંઇ દર્શાવવામાં આવ્યું છે તે સાચુ છે કે ખોટુ? તે વિષયે અનેક ડિબેટ યોજાઇ હતી. જો કે ફિલ્મ નિર્માતાએ તો ભારપૂર્વક કહ્યું હતું કે આખી ફિલ્મ સત્ય ઘટના ઉપર આધારિત હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ ઉપર ૩૦૦ કરોડની કમાણી કરી હતી.

# ધુરંધરને 'બલોચ' શબ્દ દૂર કરવા આઈ એન્ડ બી મંત્રાલયનો આદેશ

૨૦૨૫ની બોલિવૂડની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ ધુરંધર ખુબ સારી ચાલી છે. ફિલ્મે ૨૬ દિવસની અંદર ભારતમાં ૭૫૪.૫૦ કરોડની કમાણી કરી લીધી છે. છતાં હજુ આ ફિલ્મ વધુ આગળ દોડી શકે એવી શક્યતા છે, ૨૦૨૬માં પણ આ ફિલ્મ કમાણીના નવા રેકોર્ડ બનાવશે. પરંતુ ૧ જાન્યુઆરીએ આ ફિલ્મ ફરી રિલીઝ કરવામાં આવી છે, તેની પાછળનું કારણ, ઈન્ફર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ મિનિસ્ટ્રીનો આદેશ છે. ફિલ્મ એક્ઝિબિઝન સાથે સંકળાયેલા એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "દેશભરના થિએટરને ડિસ્ટ્રીબ્યુટર્સ તરફથી ૩૧ ડિસેમ્બરે એક ઈમેઈલ મળ્યો છે, જેમાં જાણ કરવામાં આવી છે કે, તેઓ ફિલ્મનું ડીસીપી બદલી રહ્યા છે. આ ફેરફારનું કારણ એ છે કે તેમણે મિનિસ્ટ્રી ઓફ ઈન્ફર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ તરફથી મળેલી સુચના અનુસાર, ફિલ્મમાં બે શબ્દ મ્યુટ કર્યા છે અને ફિલ્મના એક ડાયલોગમાં ફેરફાર કર્યા છે. તેથી દરેક સિનેમાને ૧ જાન્યુઆરીથી ફિલ્મનું નવું વર્ઝન ડાઉનલોડ કરીને તે બતાવવા કહેવાયું છે."ઈન્ડસ્ટ્રીના એક સુત્રના જણાવ્યા અનુસાર, "ધુરંધર ફિલ્મના નવા વર્ઝનમાંથી એક શબ્દ દૂર કરાયો છે, બલોચ." આ ફિલ્મમાં રણવીર સિંહ, અક્ષય ખન્ના, આર.માધવન, અર્જૂન રામપાલ, સારા અર્જૂન સહિતના કલાકારો છે અને ફિલ્મ દેશભરમાં ધૂમ મચાવી રહી છે.આ ફિલ્મમાં ભારતમાં પાકિસ્તાનના એજન્ટની વાર્તા છે, આ ફિલ્મ આદિત્ય ધર દ્વારા લખવામાં અને ડિરેક્ટ કરવામાં આવી છે. આ ફિલ્મ ૫ ડિસેમ્બરે રિલીઝ થઈ હતી અને ધીમી શરુઆત થઈ હતી. પરંતુ ધીરે ધીરે ફિલ્મ ચાલી ગઈ છે અને કમાણીના રેકોર્ડ તોડી નાખ્યા છે. પહેલા અઠવાડિયે આ ફિલ્મે માત્ર ૨૧૮ કરોડની કમાણી કરી હતી અને હાલ આ ફિલ્મ ૮૦૦ કરોડનો આંકડો પાર કરવાની તૈયારીમાં છે.ફરહાન અક્તરની ડોન ૩ છેલ્લાં કેટલાંક દિવસથી સતત ચર્ચામાં છે, પહેલાં આ ફિલ્મમાંથી કિઆરા નીકળી, ત્યાર પછી આ ફિલ્મ વિક્રાંત મેસ્સીએ છોડી અને છેલ્લે રનવીર સિંહે ફિલ્મ છોડી હોવાના અહેવાલો છે. તેથી હવે ફિલ્મની ટીમ ફરી બધા રોલમાં ચર્ચા વિચારણાઓ કરીને નવા કાસ્ટિંગની તૈયારી કરી રહ્યા છે. કારણ કે લાંબા સમયથી મોડી પડી રહેલી આ ફિલ્મ હવે તેઓ ટૂંક સમયમાં શરૂ કરવા માગે છે. આ અંગે સુત્રો દ્વારા મળતી માહિતિ અનુસાર, ફરહાન અખ્તરે વિક્રાંત મેસ્સીના રોલ માટે રજત બેદી સાથે વાટાઘાટો શરૂ કરી છે. તેને એક ગંભીર રોલ માટે સંપર્ક કરાયો છે, જે રોલ પહેલાં વિક્રાંસ મેસ્સીને મળ્યો હતો. આર્યન ખાનની બૅડ્ઝ ઓફ બોલિવૂડથી રજત બેદી ફરી ચર્ચામાં આવ્યો છે. હવે તેને એક મહત્વના રોલ માટે લેવાય એવી શક્યતા છે. રજત બેદી અને ફરહાન તેમજ ફિલ્મના પ્રોડ્યુસર રિતેશ સિદ્ધવાની વચ્ચે આ અંગે વાટાઘાટો અને ચર્ચાઓ ચાલી રહી છે.સુત્રએ જણાવ્યું, "ફરહાન અને રજત વચ્ચે કેટલીક ચર્ચાઓ થઈ છે. ફરી તેઓ જાન્યુઆરીના અંત સુધીમાં ફરહાનની ખારમાં આવેલી ઓફિસમાં મળવાના છે, જેમાં તેઓ રોલ વિશે વિગતે ચર્ચા કરશે." આ રોલ ફિલ્મના કેન્દ્રમાં છે અને ઘણો મહત્વનો છે. જુલાઈ ૨૦૨૫માં વિક્રાંત મેસ્સીએ આ રોલ છોડ્યો હતો કારણ કે વિક્રાંતને ઈચ્છા હતી એ રીતે આ રોલ આગળ વધતો નહોતો. તે ઈચ્છતો હતો કે તેના પાત્રમાં થોડું પરિવર્તન અને ઊંડાણ આવે, પરંતુ ફિલ્મના અંતિમ ડ્રાફ્ટમાં એવું પરિવર્તન જોવા




મળ્યું નહોતું. આ રોલ માટે આદિત્ય રોય કપૂર અને વિજય દેવરકોંડા સહિતના કલાકારોના નામ પર વિચાર કરવામાં આવ્યો હતો.

ડોન ૩ સાથે રનવીર સિંહ જોડાણ ખતમ થઈ ગયું કે હજુ પણ તે આ રોલ કરે છે, તે મુદ્દે ચિત્ર હજુ અસ્પષ્ટ છે. પરંતુ ધુરંધરની સફળતા પછી તેણે આ ફિલ્મ છોડી હોવાની ચર્ચા છે.

# બીટીએસ બેન્ડ ચાર વર્ષ પછી માર્ચમાં કમબેક કરશે

બીટીએસના ફેન્સની આતુરતાનો આખરે અંત આવી ગયો છે. બીટીએસનું સંપુર્ણ ગ્રુપ આખરે ૨૦ માર્ચ, ૨૦૨૬ના દિવસે પાછું ફરી રહ્યું છે. ત્રણ વર્ષ અને નવ મહિના પછી તેઓ પાછા ફરી રહ્યા છે, ગ્રુપની એજન્સી દ્વારા આ વાત જાહેર કરવામાં આવ્યું છે. આ અંગેની જાહેરાત પણ અનોખી અને વ્યક્તિગત રીતે કરવામાં આવી છે, તેમણે નવા વર્ષે બેન્ડના સાતે સભ્યએ તેમના કેટલાંક ફેન્સ, આર્મી અને ફોલોવર્સને હાથથી લખેલા પત્રો મોકલ્યા છે. તેમણે આ પત્રોમાં કમ બૅક વિશે વાત કરવા ઉપરાંત તેમના બ્રેક દરમિયાન સહકાર આપ્યો તે બદલ આભાર પણ માન્યો હતો. આ પત્રોમાં ૨૦૨૬.૦૨.૨૦ તારીખ લખવામાં આવી છે, તેના કારણે બેન્ડ વિશે ચર્ચા શરૂ થઈ હતી. હવે આ વાત ઓફિશિયલી કન્ફર્મ થઈ ગઈ છે.આ પત્રોમાં બેન્ડના દરેક સભ્યએ હાથથી વ્યક્તિગત મેસેજ લખ્યા છે. આરએમએ લખ્યું કે ગ્રુપે કોઈના પણ કરતાં વધુ ઉત્કંઠાથી રાહ જોઈ છે. જ્યારે જિને ફોલોવર્સનો ધીરજ માટે આભાર માન્યો હતો. સુગાએ આ વર્ષ તેમની સાથે મળીને માણવા વિનંતિ કરી હતી. જ્યારે જેહોપે આ ક્ષણને લાંબા સમયથી સેવેલા સપનાને સાકાર થતું ગણાવ્યું હતું, જ્યારે જિમિને ૨૦૨૬ના વર્ષને આપણે ફરી મળવાના છીએ એવું વર્ષ ગણાવ્યું હતું. જ્યારે વીએ વધારે અને બહેતર યાદો બનાવવાનું વચન આપ્યું હતું, આગળ જંકૂકે લખ્યું હતું કે આઇ મિસ યુ. છેલ્લા ત્રણ વર્ષમાં આર્મીના સભ્યોએ બેન્ડનું સભ્યપદ જાળવી રાખવા બદલ તેને ખાસ અલગ ગિફ્ટ પણ મોકલવામાં આવી હતી. કારણ કે તેઓ એવા ફેન્સ છે જેઓ બીટીએસના પોઝ દરમિયાન પણ તેમની સાથે જોડાયેલા રહ્યા હતા. જે ફેન્સને આ પત્રો ઘરમાં નથી મળ્યા,



# લા ફેમિલા બેલિરની હિન્દી રિમેકમાં અલીઝે અને સિદ્ધાંત

સિદ્ધાંત ચતુર્વેદી અને અલીઝે અગ્નિહોત્રી જાણીતી ફ્રેન્ચ ફિલ્મ લા ફેમિલા બેલિરની હિન્દી રીમેક માટે કાસ્ટ થયાં છે. આ મ્યુઝિકલ ડ્રામા ફિલ્મ વિકાસ બ્હલ ડિરેક્ટ કરશે, જેમાં ટેલેન્ટ અને પરિવારના આધારીત વાર્તા હશે. મૂળ લા ફેમિલા બેલિર ફિલ્મ ૨૦૧૪માં રિલીઝ થઈ હતી અને આ એક ફ્રેન્ચ- બેલ્જિયન કોમેડી ફિલ્મ હતી, જે એરિક લાર્ટીગોએ ડિરેક્ટ કરી હતી. આ ફિલ્મમાં ૧૬ વર્ષની છોકરીની વાત છે, જે પોતાનાં બધિર માતા પિતા માટે દુભાષિયાનું કામ કરે છે. તેના સંગીત શિક્ષકને એક વખત તેની ગાયકી વિશે ખબર પડે છે અને તેના જીવનમાં વળાંક આવે છે. તે પોતાના પરિવાર અને કૅરિઅરમાંથી એક વિકલ્પ પસંદ કરવાની મુશ્કેલીમાં મુકાય છે.

આ ફિલ્મ સાથે સંકળાયેલા એક સુત્રએ પીટીઆઈને જણાવ્યા અનુસાર, "વિકાસ બ્હલ સિદ્ધાંત ચતુર્વેદી અને અલિઝે અગ્નિહોત્રી સાથે એક સુંદર ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે. આ ફ્રેન્ચ ફિલ્મ લા ફએમિલા બિલેરની રીમેક છે. જેની કોડા તરીકે રીમેક બની હતી અને તેને ઓસ્કાર પણ મળ્યો હતો, આ એક મ્યુઝિકલ ફિલ્મ છે. સંજય લીલા ભણસાલીની ખામોશી ફિલ્મ જેવી જ આ ફિલ્મની વાર્તા છે. પણ અમે મૂળ ફ્રેન્ચ ફિલ્મની રીમેક બનાવી રહ્યા છીએ."

સિદ્ધાંત ચતુર્વેદી છેલ્લે ૨૦૨૫માં ધડક ૨માં જોવા મળ્યો હતો, જેમા તેની સાથે તૃપ્તિ ડિમરી લીડ રોલમાં હતી. જ્યારે અલીઝેએ ૨૦૨૩માં થ્રિલર ફિલ્મ ફર્રેથી ડેબ્યુ કર્યું હતું. જૂનથી ઓગસ્ટ વચ્ચે તેઓ આ નવી ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. તેઓ મૂળ ફિલ્મની વાર્તાને વળગી રહીને આ ફિલ્મ બનાવશે, તેમાં મૂળ ભારતીય કલ્ચરલ એલિમેન્ટ ઉરીને તેને ભારતીય ઓડિયન્સ માટે તૈયાર કરાશે. સિદ્ધાંત આ ઉપરાંત વધુ એક ફેમિલી ફિલ્મમાં વિકાસ બ્હલ સાથે કામ કરી રહ્યો છે, જેમાં જયા બચ્ચન અને વામિકા ગબ્બી પણ છે.

# પ્રભાસની સ્પિરિટના લૂકને સોશિયલ મીડિયા પર એનિમલની 'કોપી-પેસ્ટ' ગણાવાયો

એક તરફ પ્રભાસની રાજાસાબનું ટ્રેલર લોંચ થઈ ગયું છે, જેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે, બીજી તરફ પ્રભાસ અને તૃપ્તિ ડિમરીની સંદીપ રેડ્ડી વાંગાની 'સ્પિરિટ'નો ફર્સ્ટ લૂક જાહેર કરવામાં આવ્યો છે અને સોશિયલ મીડિયા પર આ લૂકની ઘણા લોકોએ ટીકા કરી છે. પ્રભાસના આ લૂકની રણબીરની એનિમલના લૂક સાથે સરખામણી કરવામાં આવી રહી છે. ઘણા લોકોએ સોશિયલ મીડિયા પર પ્રભાસના લૂકને રણબીરના લૂકની કોપી અને પેસ્ટ ગણાવાઈ રહ્યો છે.

સંદીપ રેડ્ડી વાંગાએ નવા વર્ષની શરૂઆતમાં જ ૩૧ ડિસેમ્બરે રાત્રે ફિલ્મનો ફર્સ્ટ લૂક શેર કર્યો છે. જેમાં પ્રભાસ અને તૃપ્તિ ડિમરી દેખાય છે. તરત જ આ લૂક વિશે ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. રણબીરની જેમ જ પ્રભાસના પણ લાંબા વાળ, વધેલી દાઢી અને ઘાયલ શરીર જોઈને લોકોને રણબીરની યાદ આવી ગઈ હતી. લોકોએ કહ્યું હતું કે તેમને આ લૂક જોઈને વાંગાએ જાણે એનિમલ પાર્કનો લૂક જાહેર કર્યો હોય એવું લાગ્યું હતું. લોકોએ કહ્યું હતું કે દેખાવ, સ્પિરિટ અને પોસ્ચર બધું રણબીર જેવું લાગતું હતું. તો ઘણા લોકોએ એવું પણ કહ્યું હતું કે રણબીર આ લૂકમાં જેટલો સારો લાગતો હતો એટલો પ્રભાસને આ લૂક શોભતો નથી. લોકોએ સંદીપ રેડ્ડી વાંગાની પણ ટીકા કરી હતી કે તેણે વધુ મહેનત કરવાની જરૂર છે. લોકોએ કહ્યું હતું કે જો છ કલાક પહેલાં વાંગાએ તેઓ પોસ્ટર જાહેર કરવાના છે એવી જાહેરાત ન કરી હોત તો એવું જ લાગ્યું હોત કે એનિમલનું પોસ્ટર ફરી રિલીઝ થયું છે.

સાથે જ હવે પ્રભાસની બહુ લોકપ્રિય અને કમાણીના રેકોર્ડ તોડનારી ફિલ્મ કલકીના બીજા ભાગની પણ અપડેટ આવી ગઈ છે. ફેબ્રુઆરી ૨૦૨૬થી આ ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ રહ્યું છે. સાઇ ફાઇ એપિક કલકિ ૨૮૯૮ એડીને ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો અને આ એક અલગ જોનરની ફિલ્મ હતી. હવે કલકિ યુનિવર્સની સિક્વલનું કામ શરૂ થઈ રહ્યું છે. તેલુગુ અખબારોના અહેવાલો અનુસાર આ ફિલ્મના શૂટમાં એક મહિનો ડિલે થયું છે, તેથી હવે તે ફેબ્રુઆરી ૨૦૨૬માં



શરૂ થશે.

નાગ અશ્વિનની આ ફિલ્મ પર લાંબા સમયથી પ્રી પ્રોડક્શનનું કામ ચાલે છે. ફિલ્મની ટીમ બારીકીથી તેના સ્કેલ, એક્શન, વિઝયુઅલ ઈફેક્ટ્સના ભારે હિસ્સા પર મહેનત કરી રહી છે. પહેલી ફિલ્મને સફળતા મળવાથી સિક્વલની જવાબદારી પણ ઘણી વધી ગઈ છે. તેથી મેકર્સ તેની સ્ક્રિપ્ટની પણ નાની નાની બાબતો પર કામ કરી રહ્યા છે. તેઓ સ્ક્રિપ્ટની દરેક બાબતનું ટેક્નિકલ એક્ઝિક્યુશન યોગ્ય રીતે થાય તેની કાળજી રાખી રહ્યા છે. તેઓ બીજો ભાગ એવો બનાવવા માગે છે, જેની સફળતા અને અસર પહેલા ભાગને પણ વટાવી જાય.

પ્રભાસ હાલ એકથી વધુ મોટા પ્રોજેક્ટ વચ્ચે તારીખો વહેંચવા મથામણ કરી રહ્યો છે. તેથી તે ૨૦૨૬માં જ આ ફિલ્મ માટે તારીખો આપી દે એવી અપેક્ષા હતી.

દીપિકા પાદુકોણને જ્યારે આ ફિલ્મમાંથી દૂર કરવામાં આવી તો તેની ઘણી ચર્ચા હતી, તેના કારણે ફિલ્મના શૂટ પર પણ સવાલ ઉઠ્યા હતા. બધું કામ અટકી પડ્યું હતું. એવા અહેવાલો હતા કે તેની વધારે પડતી ફીની માગણી અને કામના કલાકો બાબતની તેની દૃઢતાને કારણે તેને ફિલ્મમાંથી દુર કરાઈ હતી. ફિલ્મના પહેલા ભાગમાં દીપિકાનો રોલ ઘણો મહત્વનો હતો. હાલ મેકર્સ કોઈ નવી એક્ટ્રેસની શોધમાં છે, એવી પણ ચર્ચા હતી કે વારાણસીની ચર્ચા અને સફળતા પછી પ્રિયંકાને દીપિકાના રોલ માટે પસંદ કરવામાં આવશે. જોકે, તેની ફી મુદ્દે પણ કેટલીક વાટાઘાટો ચાલી રહી હોવાના અહેવાલો હતા. તેથી હવે મેકર્સ નવી જાહેરાત કરે, તેની રાહ જોવાઈ રહી છે.

કલકી એક ઘણો મહત્વાંક્ષી પ્રોજેક્ટ હતો, તેથી તેના બીજા ભાગ પાસે આકાશને આંબે એટલી અપેક્ષાઓ છે. પ્રભાસની આ ફિલ્મની દર્શકો પણ ખુબ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેથી આ ફિલ્મની ઓફિશિયલ અનાઉન્સમેન્ટની રાહ જોવાઈ રહી છે. વયજયંતિ મુવીઝની આ ફિલ્મમાં કમલ હસન, અમિતાભ બચ્ચન, દિશા પટ્ટણી, કિર્તી સુરેશ, શાશ્વતા ચેટર્જી સહિતના કલાકારો મહત્વના રોલમાં છે.

# ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝ માટે આજે ભારતીય ટીમની જાહેરાત

## મોહમ્મદ સિરાઝ અને રિશભ પંતની વન-ડે કારકિર્દી ફોકસમાં રહેશે, કોહલી-રોહિત આકર્ષણ

પ્રવાસી ન્યૂઝીલેન્ડ સામે રમાનારી વન-ડે ક્રિકેટ સિરીઝ માટેની ભારતીય ટીમની શનિવારે જાહેરાત થનારી છે ત્યારે પસંદગી સમિતિની બેઠકમાં સૌથી વધુ ચર્ચા ઝડપી બોલર મોહમ્મદ સિરાઝ અને વિકેટકીપર બેટર રિશભ પંતને સામેલ કરવા અંગે થશે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ત્રણ મેચની વન-ડે સિરીઝનો ૧૧મી જાન્યુઆરીથી વડોદરાના કોટામ્બી સ્ટેડિયમ ખાતે પ્રારંભ થશે.

તાજેતરમાં સાઉથ આફ્રિકા સામે રમેલી ભારતીય ટીમમાં કોઈ મોટા ફેરફાર થવાની કોઈ શક્યતા જણાતી નથી કેમ કે વિરાટ કોહલી અને રોહિત શર્માનો સમાવેશ નિશ્ચિત છે. આ ઉપરાંત કેટલાક ખેલાડી એવા છે જેમને પડતા મુકાય તેવી શક્યતા નથી. જોકે ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને સ્ટાર બોલર જસપ્રિત બુમરાહને આ સિરીઝમાંથી આરામ અપાય તેવી પણ શક્યતા રહેલી છે.

આમ છતાં અજિત અગરકર એન્ડ કંપની શનિવારે મળશે ત્યારે તેમને રિશભ પંત અને સિરાઝ અંગે ચર્ચા કરવાની રહેશે અને તેમનો સમાવેશ સમિતિ માટે ચિંતાનો વિષય બની શકે છે. પહેલો મુદ્દો રિશભ પંતની વર્તમાન પોઝિશનનો રહેશે કેમ કે હાલમાં રમાઈ રહેલી વિજય હઝારે ટ્રોફી વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઈશાન કિશને શાનદાર પ્રદર્શન કર્યું છે અને તેની પહેલી જ મેચમાં તેણે ૩૩ બોલમાં સદી ફટકારી હતી તો ધ્રુવ જુરેલ છેલ્લે રમેલી ભારતીય ટીમનો હિસ્સો હતો. ઈશાન કિશન




હાલમાં ઝારખંડ માટે રમી રહ્યો છે તો જુરેલ ઉત્તર પ્રદેશની ટીમનો મહત્વનો સદસ્ય છે.

ચાહે અગરકર હોય કે ચીફ કોચ ગૌતમ ગંભીર હોય. આ બંનેએ ટીમની સંરચનાને વધારે મહત્વ આપ્યું છે અને તેથી જ તેમણે ટી૨૦માં એવા વિકેટકીપરની પસંદગી કરી છે જેઓ ઓપનર હોય જેમાં સંજુ સેમસન અને ઈશાન કિશન સામેલ છે. યોગાનુયોગે શનિવાર અમદાવાદમાં રમાનારી કેરળ અને ઝારખંડ વચ્ચેની હઝારે ટ્રોફીની મેચમાં આ બંને રમવાના છે.

વન-ડેમાં સામાન્ય રીતે વિકેટકીપર એવો હોય છે જે મિડલ ઓર્ડરમાં બેટિંગ કરતો હોય જેથી પાંચમા કે છઠ્ઠા ક્રમના બેટરનું સ્થાન ભરી શકાય. જોકે આ બાબત રિશભ પંત માટે વધુ બંધ બેસે છે તેમ છતાં એ હકીકતને પણ ધ્યાનમાં રાખવી પડશે કે ગૌતમ ગંભીર ભારતીય ટીમનો કોચ બન્યો ત્યાર બાદ રિશભ પંત માત્ર એક જ વન-ડે રમ્યો છે. આમ જુલાઈ ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન એક જ મેચ રમેલા પંતને જાન્યુઆરી ૨૦૨૬માં ૫૦ ઓવરના ફોર્મેટ માટેની ટીમમાં સામેલ કરવા અંગે પસંદગીકારો બે વાર વિચાર કરશે.

આઠ વર્ષની કારકિર્દીમાં રિશભ પંત માત્ર ૩૧ વન-ડે રમ્યો છે તે જોતાં ખુદ પંત પણ કબૂલશે કે તેના કરતાં ઈશાન કિશન અને ધ્રુવ જુરેલ આ પાસામાં વધુ માર્ક લઈ જાય છે.

જોકે સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટમાં ઈજા થતાં અગાઉ પંતે જે રીતે બેટિંગ કરી હતી તે નિરાશાજનક રહી હતી. આ સંજોગોમાં પંતને બાકાત રાખવો અન્યાય ગણાતો હોય તો તેને પસંદ કરવા માટે અગરકર પાસે યોગ્ય કારણો હોવા જરૂરી છે.

દરમિયાન ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને ઝડપી બોલર જસપ્રિત બુમરાહને આ સિરીઝમાંથી આરામ અપાય તેવી શક્યતા છે. આવતા મહિને ભારતમાં જ ટી૨૦ વર્લ્ડ કપનું આયોજન થનારું છે અને તેમાં આ બંનેની ભારતને ઘણી જરૂર પડવાની છે. હવે અન્ય બે ઝડપી બોલર હર્ષિત રાણા અને અર્શદીપસિંઘમાંથી એકને આરામ અપાશે કે નહીં તે જોવાનું રહેશે. બંને તાજેતરમાં સાઉથ આફ્રિકા સામેની સિરીઝમાં રમ્યા હાતા.

આ બંને કરતાં મહત્વનો બોલર મોહમ્મદ સિરાઝ છે. તેને ચેમ્પિયન્સ ટ્રોફીમાં સ્થાન આપવામાં આવ્યું ન હતું પરંતુ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે મોકલવામાં આવ્યો હતો અને ત્યાર બાદ સાઉથ આફ્રિકા સામેની સિરીઝમાંથી ફરીથી નજરઅંદાજ કરી દેવાયો હતો.

સિરાઝ હાલમાં વિજય હઝારે ટ્રોફીની પ્રથમ ચાર મેચમાં રમ્યો નથી પરંતુ એવી શક્યતા છે કે બાકીની બે મેચમાં તે હૈદરાબાદ માટે રમશે. ૨૦૨૩ના વર્લ્ડ કપ બાદ સિરાઝ નિયમિતપણે વન-ડેમાં રમી રહ્યો હતો પરતું અચાનક તેને બાકાત રખાયો છે ત્યારે ન્યૂઝીલેન્ડ સામે તેને તક મળે છે કે નહીં તે જોવાનું રહેશે.

મોહમ્મદ શમીને પણ તક મળી શકે છે અને તે બંગાળ માટે તમામ ફોર્મેટમાં રમી રહ્યો હોવા છતાં એક અભિપ્રાય એવો પણ છે કે જ્યાં સુધી ઈન્ટરનેશનલ ક્રિકેટને લાગે વળગે છે ત્યાં સુધી શમી હવે તેનો અગાઉ જેવા કરિશ્મા ગુમાવી ચૂક્યો છે.

---

# ભારતીય મહિલા હોકી ટીમના કોચપદે સોજોર્ડ મેરિજીનની પુનઃ વરણી


## ચાર વર્ષ બાદ મેરિજીન ભારતીય હોકીમાં પરત ફર્યા

નેધરલેન્ડ્સના સોજોર્ડ મેરીજિનની ભારતીય મહિલા હોકી ટીમના ચીફ કોચ તરીકે શુક્રવારે ફરથી વરણી કરવામાં આવી હતી. ટોક્યો ઓલિમ્પિક્સમાં મેરિજીનના કોચિંગ હેઠળ ભારતે ઐતિહાસિક ચોથ ક્રમ હાંસલ કર્યો હતો. જોકે ત્યાર બાદ ટીમ પરિવર્તનના સમયમાંથી પસાર થઈ રહી હતી.

ગયા વર્ષે ડિસેમ્બરમાં હરેન્દ્રસિંઘે ચીફ કોચ પદેથી રાજીનામુ આપી દીધા બાદ હવે મેરિજીન તેમનું સ્થાન લેશે. હરેન્દ્રસિંઘના વડપણમાં ભારતીય મહિલા ટીમે કંગાળ પ્રદર્શન કર્યું હતું અને તેમની સામે ઉચ્ચ કોચિંગ અભિગમના આક્ષેપો થયા હતા.

૫૧ વર્ષીય મેરિજીન અગાઉ ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન ભારતીય મહિલા હોકી ટીમના કોચ રહી ચૂક્યા હતા. આ વખતે તેમની સાથે ટીમના સમીક્ષક કોચ તરીકે મેટિયસ વિલા રહેશે. આ ઉપરાંત સાઉથ આફ્રિકાના વાયને લોમ્બાર્ડ પણ ભારતીય હોકીમાં પરત ફર્યા છે. તેઓ એથ્લેટિક પરફોર્મન્સ અને સાયન્ટિફિક એડવાઈઝરની ભૂમિકા અદા કરશે.

મેરિજીને આ પ્રસંગે જણાવ્યું હતું કે ચારથી પાંચ વર્ષ બાદ પરત ફરવાથી આનંદ થાય છે. હવે હું નવી જ તાકાત અને ઉર્જા સાથે પરત ફરી રહ્યો છું. આ વખતે ભારતીય હોકી ટીમના વિકાસ અને તેને આગળ



લઈ જવા માટે હું સ્પષ્ટ વિઝન સાથે આવ્યો છું.

મેરિજીન ભારતીય મહિલા ટીમમાં સારો આદર ધરાવે છે અને ભારતીય ખેલાડીઓની સફળતામાં તેમણે મહત્વપૂર્ણ યોગદાન આપેલું છે. ટોક્યો ઓલિમ્પિક્સ બાદ અંગત કારણોસર તેમણે હોદ્દો છોડી દીધો હતો. તેમના કાર્યકાળ દરમિયાન ભારતે વિશ્વક્રમાંકમાં મોખરાની દસ ટીમમાં સ્થાન હાંસલ કર્યું હતું.

---

# વિમેન્સ અંડર-૧૯ વન-ડેમાં ગુજરાતની ટીમ રનર્સ અપ

## ફાઇનલમાં મહારાષ્ટ્ર સામે ગુજરાતનો સાત વિકેટે પરાજય, ચાર્લી-દિયાની અડધી સદી



બીસીસીઆઈની વિમેન્સ વન-ડે અંડર-૧૯ ક્રિકેટ ટ્રોફીમાં ગુરુવારે રમાયેલી ફાઈનલ મેચ જીતીને મહારાષ્ટ્રની ટીમ ચેમ્પિયન બની હતી જ્યારે ગુજરાતની અંડર-૧૯ વિમેન્સ ટીમ રનર્સ અપ રહી હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં શાનદાર દેખાવ કરનારી ગુજરાતની ટીમ ગુરુવારની ફાઈનલમાં સાત વિકેટે હારી ગઈ હતી.

પૂણેને ગહુંજી ખાતેના એમસીએ સ્ટેડિયમ પર રમાયેલી ફાઈનલમાં મહારાષ્ટ્રએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ગુજરાતે ૪૬.૫ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ ૨૨૩ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં મહારાષ્ટ્રની ટીમે ૩૯.૪ ઓવરમાં ત્રણ વિકેટે ૨૨૬ રન કરીને સાત વિકેટથી મેચ જીતી લીધી હતી.

ગુજરાતની ઓપનર અને વિકેટકીપર ચાર્લી સોલંકીએ શાનદાર પ્રારંભ કરીને ૬૩ બોલમાં દસ ચોગ્ગા સાથે ૫૬ રન ફટકાર્યા હતા. જોકે સિયા પટેલ (૧), કેપ્ટન અચસહા પરમાર (૦૦) અને યશ્વી માલમ (૦૪) સસ્તામાં આઉટ થઈ જતાં ગુજરાતની રનરેટ પર અસર પડી હતી. શ્રેયા ખલાસીએ નોંધપાત્ર બેટિંગ કરીને ૨૨ રનનું યોગદાન આપ્યું હતું.

---

# 'પુજારા અને રહાણેની જેમ ધીરજ રાખો', મેલબોર્નમાં નિષ્ફળ ગયેલા ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોને સલાહ

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ચોથી એશિઝ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાની બેટિંગ હારથી ટીમની રણનીતિ અને ટેકનિક પર પ્રશ્નો ઉભા થયા છે. ઓસ્ટ્રેલિયા પ્રથમ ઈનિંગમાં ૧૫૨ રનમાં અને બીજા ઈનિંગમાં ફક્ત ૧૩૨ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું, જેના પરિણામે ૧૫ વર્ષથી વધુ સમયમાં ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે તેનો પ્રથમ ટેસ્ટ પરાજય થયો હતો.

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રોબિન ઉથપ્પાએ ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોને ચેતેશ્વર પૂજારા અને અજિંક્ય રહાણેની જેમ મુશ્કેલ પિચો પર ધીરજથી બેટિંગ કરવાની સલાહ આપી છે.

પોતાની યુટ્યુબ ચેનલ પર બોલતા, ઉથપ્પાએ કહ્યું, "આ પરિસ્થિતિ થોડી વિરોધાભાસી છે. તે અશક્ય વિકેટ નથી. મેલબોર્નમાં એવી પિચો છે જે ઝડપી બોલરોને અનુકૂળ છે.''

તેમણે ઉમેર્યું, "મને લાગે છે કે આ આજકાલ ક્રિકેટ જે રીતે રમાય છે તેનું પરિણામ છે. આ પિચો મુશ્કેલ લાગી શકે છે, પરંતુ યોગ્ય ટેકનિક, યોગ્ય માનસિકતા અને લડાઈની ભાવનાથી ઉકેલ શોધી શકાય છે.''

રોબિન ઉથપ્પાએ ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટનું ઉદાહરણ આપતા કહ્યું કે આવી વિકેટ પર બેટિંગ કરવી કોઈ માટે પણ સરળ નથી. તેમણે કહ્યું, "જો રૂટ પણ તે ટેસ્ટમાં મૂંઝવણમાં દેખાતો હતો. તે અનિશ્ચિત હતો કે આક્રમક રીતે રમવું કે પોતાની કુદરતી શૈલીમાં બેટિંગ કરવી.''




---

# ભારતીય ટીમ આ વર્ષે બાંગ્લાદેશનો પ્રવાસ કરી શકે : સપ્ટેમ્બરમાં ODI - T20 શ્રેણીની શક્યતા!

## બંને ટીમો ત્રણ ODI અને સમાન સંખ્યામાં T20 આંતરરાષ્ટ્રીય મેચ રમશે



**નવી દિલ્લી, તા.3**

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ એ શુક્રવારે જાહેરાત કરી હતી કે ભારતીય ટીમ આ વર્ષે સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશનો પ્રવાસ કરશે, જ્યાં બંને ટીમો ત્રણ ODI અને સમાન સંખ્યામાં T20 આંતરરાષ્ટ્રીય મેચ રમશે.

જોકે, વર્તમાન પરિસ્થિતિને જોતાં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ આ પ્રવાસ માટે અંતિમ મંજૂરી આપશે કે નહી તે સ્પષ્ટ નથી, કારણ કે બાંગ્લાદેશમાં હાલમાં સ્થિર સરકારનો અભાવ છે.

BCB દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ, બંને ટીમો ૧, ૩ અને ૬ સપ્ટેમ્બરે ODI રમશે. ત્યારબાદ ૯, ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે T20I શ્રેણી રમાશે. ભારતીય ટીમ ૨૮ ઓગસ્ટે બાંગ્લાદેશ પહોંચશે.

ગયા વર્ષે જુલાઈમાં, ભારતનો બાંગ્લાદેશ પ્રવાસ અનિશ્ચિત સમય માટે રદ કરવામાં આવ્યો હતો, અને છ મેચની સફેદ બોલ શ્રેણી એક વર્ષથી વધુ સમય માટે મુલતવી રાખવામાં આવી હતી.

તે સમયે, BCCI એ એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે, "બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એ પરસ્પર સંમતિથી ઓગસ્ટ ૨૦૨૫ થી સપ્ટેમ્બર ૨૦૨૬ માટે નિર્ધારિત ત્રણ મેચની ODI અને ત્રણ મેચની T20I શ્રેણી મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.''

નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, આ નિર્ણય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સમયપત્રક અને બંને ટીમોના સમયપત્રકની સુવિધાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. મ્ઝ્મ એ સપ્ટેમ્બર ૨૦૨૬ માં ભારતની યજમાની કરવાની આશા પણ વ્યક્ત કરી હતી.કહ્યું હતું કે, સુધારેલ સમયપત્રક પછીથી જાહેર કરવામાં આવશે. વર્તમાન પરિસ્થિતિઓમાં BCCI આ પ્રસ્તાવિત સપ્ટેમ્બર પ્રવાસ અંગે શું અંતિમ નિર્ણય લે છે તે જોવાનું બાકી છે.

---

# ગુજરાત ટાઇટન્સને આઈપીએલ પહેલા મોટો ઝટકો : સ્ટાર ઓપનર સાઇ સુદર્શન ઈજાગ્રસ્ત

ગુજરાત ટાઈટન્સના ઓપનર સાઈ સુદર્શનને વિજય હજારે ટ્રોફી મેચ દરમિયાન ઈજા થઈ હતી. તેને પાંસળીમાં ઈજા થઈ હતી અને તેને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સેન્ટર ઓફ એક્સેલન્સમાં દાખલ કરવામાં આવ્યો હતો. સુદર્શન વિજય હજારે ટ્રોફીમાં તમિલનાડુ તરફથી રમી રહ્યો છે. ૨૬ ડિસેમ્બરે મધ્યપ્રદેશ સામેની મેચ દરમિયાન તેને ઈજા થઈ હતી.

મળતી માહિતી મુજબ વિજય હજારે ટ્રોફી દરમિયાન સાઈ સુદર્શનને પાંસળીમાં ફ્રેક્ચર થયું હતું, જેના કારણે તે છ થી આઠ અઠવાડિયા સુધી ક્રિકેટથી દૂર રહી શકે છે. અમદાવાદમાં તમિલનાડુ અને મધ્યપ્રદેશ વચ્ચે વિજય હજારે ટ્રોફી મેચ દરમિયાન સાઈ સુદર્શનને ઈજા થઈ હતી. દોડ પૂર્ણ કરવા માટે ડાઈવ કરતી વખતે તેને જમણી સાતમી પાંસળીના આગળના ભાગમાં ફ્રેક્ચર થયું હતું. COE રિપોર્ટમાં જણાવાયું છે કે, સાઈ હાલમાં પાંસળીને સુરક્ષિત રાખવા અને તેને સાજા




કરવામાં મદદ કરવા માટે શરીરની નીચલા સ્તરની તાકાત અને કન્ડીશનીંગ તાલીમ લઈ રહ્યો છે.રિપોર્ટ અનુસાર, આગામી ૭-૧૦ દિવસમાં, દુખાવો અને સોજો ઓછો થયા પછી, તેને ધીમે ધીમે શરીરના ઉપરના ભાગની તાલીમમાં સામેલ કરવામાં આવશે. આ ઈજાને કારણે, સાઈ સુદર્શન તમિલનાડુ માટે બાકીની મેચો રમે તેવી શક્યતા નથી.

---

# ૨૦૨૫માં ભારતીય વુમન્સ ટીમની વનડેમાં ૬૫.૨૨% જીત

વર્ષ ૨૦૨૫ ભારતીય મહિલા ક્રિકેટના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં અંકિત થઈ ગયું. હરમનપ્રીત કૌરની કપ્તાની હેઠળ ભારતીય મહિલા ક્રિકેટ ટીમે પ્રથમ વખત ICC મહિલા વર્લ્ડ કપનો ખિતાબ જીતીને દાયકાઓનો ઈંતજાર સમાપ્ત કર્યો. ફાઈનલ મુકાબલામાં ભારતે સાઉથ આફ્રિકાને ૫૨ રનથી હરાવીને ૨૦૦૫ અને ૨૦૧૭ના ફાઈનલમાં મળેલી નિરાશાનો બદલો લીધો.

વર્ષ ૨૦૨૫માં ભારતનું વનડે પ્રદર્શન પણ શાનદાર રહ્યું. ટીમ ઈન્ડિયાએ કુલ ૨૩ વનડે મેચ રમી, જેમાં ૧૫માં જીત, ૭માં હાર અને ૧ મેચ અનિર્ણિત રહી. આ દરમિયાન ભારતની જીતની ટકાવારી ૬૫.૨૨ રહી, જે ટીમની સાતત્યતા અને મજબૂતી દર્શાવે છે.વર્લ્ડ કપની વચ્ચે ભારતીય ટીમ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ. સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ સામે સતત ત્રણ મેચ હાર્યા પછી ભારતને લગભગ ટુર્નામેન્ટમાંથી બહાર માનવામાં આવી રહ્યું હતું. પરંતુ ન્યુઝીલેન્ડ સામે ૫૩ રનની જીતે ટીમનું નસીબ બદલી નાખ્યું.સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતે ૩૩૯ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો, જે પુરુષ કે મહિલામાં કોઈપણ વર્લ્ડ કપ નોકઆઉટ મુકાબલામાં અત્યાર સુધીનો સૌથી મોટો રન ચેઝ રહ્યો.વર્ષ ૨૦૨૫ સ્મૃતિ મંધાનાના કરિયરનું સૌથી યાદગાર વર્ષ સાબિત થયું. તેણે ૨૩ વનડે મેચોમાં ૧૩૬૨ રન બનાવ્યા. આ દરમિયાન તેમની સરેરાશ ૬૧.૯૦ અને સ્ટ્રાઈક રેટ ૧૦૯.૯૨ રહ્યો. મંધાનાએ વર્ષમાં ૫ સદી અને ૫ અડધી સદી ફટકારી.






# તાપી જિલ્લાના પોલીસ કર્મચારીઓને એનડીપીએસ એક્ટ સંદર્ભે માર્ગદર્શન

## રેઈડ તેમજ તપાસ અંગેની મેન્ડેટરી પ્રોસિજર અંગેની સ્પેશિયલ ટ્રેનીંગ

સુરત, તા.૩

તાપી જિલ્લાના પોલીસ સ્ટેશનના રાઈટર, પોલીસ કર્મચારી તેમજ એલસીબી શાખાના પોલીસ કર્મચારી ઓને નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઈકો ટ્રોપીક્સ સબસ્ટન્સીસ એક્ટ ૧૯૮૫ (NDPS) ના કાયદા અંતર્ગત રેઈડ તેમજ તપાસ અંગેની મેન્ડેટરી પ્રોસિજર અંગેની સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામ નું આયોજન પી.આઈ શ્રી કે. જી. લીમ્બાચીયા પોલીસ ઈન્સ્પેક્ટર એસ. ઓ. જી. શાખા, જિલ્લો તાપી વ્યારા નાઓ દ્વારા પોલીસ અધિક્ષક શ્રી તાપીનાઓની કચેરી ના મીટીંગ હોલમાં કરવામાં આવેલ. જેમા મુખ્ય વક્તા તરીકે એ.જી.પી. શ્રી રમેશભાઈ ચૌહાણ, ચીફ લીગલ એડ ડિફેન્સ કાઉન્સિલ શ્રી નિલેશભાઈ જે. પટેલ , ડેપ્યુટી લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલ શ્રી અવસર દવે, પી. આઈ. શ્રી ગોહિલ (એલ.સી.બી. વક્તા) ઈન્વેસ્ટિગેશન બાબતે સૂચનો કરેલ, પી.એસ.આઇ. શ્રી ડી. આર. પ્રજાપતિ પી.એસ.આઇ. શ્રી એન. પી. ગરાસીયા દ્વારા બાતમી કઈ રીતે મળે તેની નોંધ કરવી, કોને જાણ કરવી, ડ્રગ્સ મળે તેનું કઈ રીતે સીઝ કરવું, પંચોની હાજરી રાખવી, ટોલમાપ વાળા તૈયાર રાખવા, એફએસએલ અધિકારીઓને સાથે રાખવા, કેસ પત્યા પછી પકડાયેલ ગાંજો, ચરસ, અફીણ વિગેરેનો કઈ રીતે નાશ કરવો તેમજ હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટ ના જજમેન્ટો યુનિયન ઓફ ઈન્ડિયા વિ. મોહનલાલ, કૈલાશ બાજીરાવ પવાર વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ના જજમેન્ટ નો પણ ઉલ્લેખ કરી તેનું વિસ્તૃત કાયદાકીય માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ. કાર્યક્રમના અંતે પી.આઈ. શ્રી કે. જી. લીમ્બાચીયા પોલીસ ઈન્સ્પેક્ટર એસ. ઓ. જી. શાખા દ્વારા કાયદાને અંતર્ગત સૂચનો કરેલ તથા આભાર વિધિ કરેલ.

# અશોક પંજવાનીની એપીઓ નેશનલ એવોર્ડ માટે પસંદગી

અંકલેશ્વર, તા.૩

અશોક પંજવાનીને ઉત્પાદકતા હિમાયતી શ્રેણી હેઠળ એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશન (APO) નેશનલ એવોર્ડ ૨૦૨૫ માટે પસંદ કરવામાં આવ્યા છે. APO એવોર્ડ સમિતિએ ટકાઉપણું અને કચરા વ્યવસ્થાપનમાં તેમની સમર્પિત હિમાયતને માન્યતા આપતા અનેક પ્રતિષ્ઠિત નામાંકિત વ્યક્તિઓમાંથી તેમની પસંદગી કરી છે. એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશન (APO) એ એક આંતર-સરકારી સંસ્થા છે જેની સ્થાપના ૧૯૬૧ માં પરસ્પર સહયોગ દ્વારા એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ઉત્પાદકતા વધારવા માટે કરવામાં આવી હતી. APO ના ૨૧ દેશો સભ્યો છે અને મુખ્ય કાર્યાલય ટોક્યો ખાતે છે. એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશન (APO) નેશનલ એવોર્ડ એ એક પ્રતિષ્ઠિત વ્યક્તિગત સન્માન છે, જે



એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશન દ્વારા દર વર્ષે આપવામાં આવે છે જેથી તેમના સંગઠનોમાં અને તેનાથી આગળ ઉત્પાદકતાને આગળ વધારવામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા અનુકરણીય વ્યક્તિઓને ઓળખી શકાય. શ્રી અશોક પંજવાનીને ઉત્પાદકતા હિમાયતીઓ માટે APO નેશનલ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.



# કેવીઆઈસી દ્વારા ૨૫ દિવસીય કુશળતા વિકાસ તાલીમ યોજાઈ

## એફડીડીઆઈ અંકલેશ્વરના સહયોગથી કાર્યક્રમનું સફળ સમાપન

અંકલેશ્વર, તા.૩

ફૂટવેર ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (એફડીડીઆઈ), અંકલેશ્વરે ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી)ના સહયોગથી ચામડાના ફૂટવેર રિપેરિંગ વિષય પર ૨૫ દિવસીય કુશળતા વિકાસ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કર્યું. આ કાર્યક્રમમાં ૩૦ સ્થાનિક કારીગરોએ ભાગ લીધો હતો, જેનો હેતુ તેમની રોજગાર ક્ષમતા વધારવો અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો હતો.

કાર્યક્રમનો સમાપન શુક્રવાર, ૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યોજાયેલ પ્રમાણપત્ર અને મશીન વિતરણ સમારોહ સાથે થયો. સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી જય તરૈયા, પ્રમુખ, ભાજપ અંકલેશ્વર નોટિફાઈડ એરિયા (જી.આઈ.ડી.સી.) ઉપસ્થિત રહ્યા. વિશેષ અતિથિ તરીકે શ્રી મનીષ ટંડેલ, મહાસચિવ, ભાજપ અંકલેશ્વર નોટિફાઈડ એરિયા (જી.આઈ.ડી.સી.) હાજર રહ્યા. આ પ્રસંગે શ્રી લલિત પ્રકાશ જાંગરા, કાર્યકારી નિયામક, એફડીડીઆઈ પણ ઉપસ્થિત રહ્યા. સમારોહ દરમિયાન તાલીમ પૂર્ણ કરનાર તમામ કારીગરોને પ્રમાણપત્રો આપવામાં આવ્યા તેમજ સ્વરોજગાર અને ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવા જરૂરી મશીનોનું વિતરણ કરવામાં આવ્યું. ઉપસ્થિત મહેમાનોએ એફડીડીઆઈ અને કેવીઆઈસીના સંયુક્ત પ્રયત્નોની પ્રશંસા કરી અને આવા કાર્યક્રમોને સ્થાનિક કારીગરોને સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું. આ પહેલ એફડીડીઆઈ અંકલેશ્વરની સામાજિક જવાબદારી અને કુશળતા વિકાસ દ્વારા સર્વાંગી અને સમાવેશી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

# સામાજિક ન્યાય રાજ્યમંત્રી ડો. મનીષાબેન વકીલ આંબોલી 'જનની ધામ'ની મુલાકાતે

## મંત્રીશ્રીએ નારી સંરક્ષણ ગૃહની સુવિધાઓનું નિરીક્ષણ કરી બહેનો સાથે સંવાદ સાધ્યો

સુરત, તા.૩

ગુજરાત રાજયના સામાજિક ન્યાય અને અધિકારીકતા રાજ્યમંત્રી ડો. મનીષાબેન વકીલે કામરેજના આંબોલી ખાતે ગુજરાત રાજ્ય કમિશ્નર મહિલા અને બાળ વિકાસ ગાંધીનગર હેઠળ 'જનની ધામ' નારી સંરક્ષણ ગૃહની ઔપચારિક મુલાકાત લીધી હતી. આ ઉપરાંત કામરેજના ખોલવડ સ્થિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વાત્સલ્યધામની મંત્રીશ્રી ડો.મનીષાબેન વકીલે મુલાકાત લીધી હતી.

આ અવસરે મંત્રીએ મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી આંબોલી સ્થિત જનનીધામમાં કાર્યરત નારી સંરક્ષણગૃહમાં આશ્રય લઈ રહેલી મહિલાઓને મળતી સુવિધાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. નારી સંરક્ષણ ગૃહના મેડિકલ રૂમ અને કિચનની મુલાકાત લઈને ત્યાંની સ્વચ્છતા અને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે આશ્રય લઈ રહેલી દરેક બહેનો સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરી તેમની દૈનિક દિનચર્યા, મળતી સુવિધાઓ અને તેમની જરૂરિયાતો વિશે જાણકારી મેળવી હતી.

સંસ્થાની કામગીરીની સમીક્ષા કરતા મંત્રીશ્રીએ સંચાલકો અને અધિકારીઓને બહેનોના કલ્યાણ માટેના જરૂરી સૂચનો આપ્યા હતા. તેમણે મહિલાઓની સુરક્ષામાં કોઈ કચાસ ન રહે અને સુવિધાઓમાં સતત સુધારો થતો રહે તે બાબતે ખાસ ભાર મૂક્યો હતો. સુરતના ઉદ્યોગપતિ અને સમાજસેવક વસંતભાઈ ગજેરાએ સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી ડો.મનીષાબેન વકીલના વિચારો અને સામાજિક કાર્યોની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. અનાથ આશ્રમ અને દિવ્યાંગ સંસ્થાની મુલાકાત દરમિયાન તેમણે સરકારના સકારાત્મક અભિગમ અને સેવાકીય વિઝનની ચર્ચા કરી હતી. ઉદ્યોગપતિ અને સમાજસેવક વસંતભાઈ ગજેરાએ નિ.સહાય અને નિરાધાર બાળકોના કલ્યાણ માટે સરકારની વિવિધ યોજનાઓ અને કાર્યોની પ્રશંસા કરી હતી. સરકારના સકારાત્મક વિઝન અને સંસ્થાઓના સહયોગથી એવો સમય ચોક્કસ આવશે જ્યારે રાજ્યમાં એક પણ બાળક અનાથ નહી રહે એમ કહ્યું હતું. સંસ્થાની મુલાકાત વેળાએ ડો.મનીષાબેન વકીલે પ્રતિભાવ આપતા જણાવ્યું કે, આ સંસ્થામાં અહી સાચા સંસ્કારના દર્શન થયા છે. બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરવાના હેતુથી, ડો.મનીષાબેને ધો. ૧૦ અને ૧૨ પછી કઈ ફેકલ્ટીમાં જવું, કયા ક્ષેત્રમાં ઉજ્જવળ તકો રહેલી છે અને જીવનનું લક્ષ્ય કેવી રીતે નક્કી કરવું તે અંગે બાળકોને ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મુલાકાત પ્રસંગે સુરત જિલ્લા મહિલા અને બાળ અધિકારી આર. એન. ગામીત, દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી ડી. પી. વસાવા સહિત મહિલા અને બાળ વિકાસ વિભાગના અન્ય અધિકારીઓ તેમજ સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# પારડી ખાતે આંગણવાડી કેન્દ્રની મુલાકાત લેતા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડો. મનીષાબેન વકીલ

## મંત્રીશ્રીએ બાળકો સાથે ભાવનાત્મક સંવાદ સાધી શૈક્ષણિક અને પોષણક્ષમ આહારની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું

સુરત, તા.૩

સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના રાજયમંત્રી ડો.મનીષાબેન વકીલે સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ધોરણપારડી ખાતે આંગણવાડી કેન્દ્ર-૧ અને ૨ની મુલાકાત લીધી હતી. આ અવસરે મંત્રીશ્રી ડો. મનીષાબેન વકીલે બાળકોને મળતા આહારની ગુણવત્તા અને તેના પોષણ મૂલ્યો અંગે ઝીણવટભરી તપાસ કરી જરૂરી સૂચનો આપ્યા હતા. આંગણવાડી કેન્દ્રની ભૌતિક સુવિધાઓ, સ્વચ્છતા અને શૈક્ષણિક માહોલની સમીક્ષા કરી હતી. આ તકે આંગણવાડીના ભૂલકાઓ સાથે ભાવનાત્મક સંવાદ સાધી તેમણે આંગણવાડીના બાળકોને શ્રેષ્ઠ વાતાવરણ મળી રહે તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા. બાળકોના સર્વાંગી વિકાસ માટે 'પોષણ' સૌથી મહત્વનું પાસું ગણાવી મંત્રીશ્રીએ ધોરણપારડી ખાતેની આંગણવાડી-૧ અને આંગણવાડી-૨ માં અભ્યાસ કરતા ૪૪ બાળકોને અપાતા પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અને રમત-ગમતની પ્રવૃત્તિઓમાં તેમણે રસ દાખવ્યો અને બાળકોની ક્ષમતાને બિરદાવી હતી. આંગણવાડીની કામગીરી, બાળકોના સ્વાસ્થ્ય અને શિક્ષણ સ્તરની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આ પ્રસંગે સુરતના મહિલા અને બાળ અધિકારી આર.એન.ગામીત, દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી ડી.પી. વસાવા સહિત આંગણવાડીની બહેનો, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાણંદ, કલોલ, સાવલી, બારડોલી અને હીરાસરને સેટેલાઇટ ટાઉન તરીકે વિકસિત કરવામાં આવશે

## રાજ્યમાં ૫ સેટેલાઇટ ટાઉનના માસ્ટર પ્લાન બનાવવા માટે અર્બન પ્લાનર્સને આમંત્રણ

ગાંધીનગર, તા.૩

વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા અને ભારતના દરેક રાજ્યના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ટિયર-૨ અને ટિયર-૩ શહેરોના વ્યૂહાત્મક વિકાસને વેગ આપવાનું વિઝન રજૂ કર્યું છે. આ વિઝનને અનુરૂપ રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ઓક્ટોબર ૨૦૨૫માં પાંચ સેટેલાઈટ ટાઉન વિકસિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયના અમલીકરણના ભાગરૂપે હવે શહેરોના માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે અર્બન પ્લાનર્સને આમંત્રિત કરવામાં આવ્યા છે. તેના માટે ટેન્ડર દ્વારા અર્બન પ્લાનર્સની નિમણૂક કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં આ શહેરોમાં મહાનગરો જેવી સુવિધાઓ વિકસિત કરીને તેમને આર્થિક રીતે સશક્ત બનાવવાનું આયોજન છે, જેથી મોટા શહેરો પરથી ભારણ ઘટાડી શકાય.

શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫માં 'અર્નિંગ વેલ-લિવિંગ વેલ'નો મંત્ર સાકાર કરવાના ઉદ્દેશથી રાજ્ય સરકારે અમદાવાદ પાસે સાણંદ, વડોદરા પાસે સાવલી, ગાંધીનગર પાસે કલોલ, સુરત પાસે બારડોલી અને રાજકોટ પાસે હીરાસરને 'સેટેલાઈટ ટાઉન' તરીકે વિકસિત કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારે દરખાસ્ત રજૂ કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના અનુભવ ધરાવતા અર્બન પ્લાનર્સને માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે આમંત્રિત કર્યા છે. આગામી બે મહિનામાં કન્સલટન્ટની નિમણૂક કરવામાં આવશે, જેઓ એક વર્ષની અંદર શહેરો માટે માસ્ટર પ્લાન તૈયાર કરીને રજૂ કરશે.

### શું છે સેટેલાઈટ ટાઉન ?

સેટેલાઈટ ટાઉન એટલે મોટા શહેર અથવા મહાનગરની નજીક સ્થિત એવું શહેર જ્યાં મોટા શહેરથી એક કલાકમાં પહોંચી શકાય છે. આવા શહેરોની ઓળખ કરીને તેમને આર્થિક રીતે ધમધમતા કેન્દ્રો બનાવવાનો ઉદ્દેશ છે, જેથી મોટા શહેરો પર ભારણ ઘટે અને આ શહેરોમાં રોજગારીની નવી તકો ખુલે. આ શહેરોમાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નાગરિક કેન્દ્રિત સુવિધાઓ વિકસિત કરવામાં આવશે.

### વેનેઝુએલા પર
પહેલા પાનાનું ચાલુ

તેમના મતે, અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે લશ્કરી ટકરાવની સ્થિતિ બની શકે છે અને રાષ્ટ્રપતિ તેને ભાષણમાં સાર્વજનિક કરી શકે છે.

આ દાવો એવા સમયે આવ્યો છે, જ્યારે અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે વેનેઝુએલા અમારા તેલ અને ઊર્જા અધિકારોને પાછા જેમને ગેરકાયદેસર રીતે છીનવી લેવામાં આવ્યા હતા.

ટ્રમ્પે કહ્યું કે વેનેઝુએલાએ ૧૯૭૬માં અમેરિકી તેલ કંપનીઓને બળજબરીથી હાંકી કાઢી હતી અને તેમની સંપત્તિ પણ જપ્ત કરી લીધી હતી.

### પ્રયાગરાજમાં ત્રિવેણી
પહેલા પાનાનું ચાલુ

પોલીસ, NDRF અને GRF ની ટીમો તેમના ફરજ બિંદુઓ પર તૈનાત છે અને સંપૂર્ણ સતર્કતા સાથે તેમની ફરજો બજાવી રહી છે. માઘ મેળામાં સ્નાન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે.

સ્નાન કર્યા પછી બોલતા એક ભક્તે કહ્યું, "આ મારી ત્રીજી મુલાકાત છે. હું અહીં પહેલા પણ આવ્યો છું, અને હું ૧૪૪ વર્ષ પછી યોજાયેલા કુંભ મેળામાં પણ હાજર હતો. હું આજે ફરી આવ્યો છું. અહી વ્યવસ્થા ખૂબ સારી છે, અને બધું જ સુવ્યવસ્થિત છે." વહીવટીતંત્રે આરોગ્ય માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ પણ કરી છે. બીમાર પડેલા કોઈપણ વ્યક્તિને મદદ કરવા માટે ડોકટરો ઉપલબ્ધ છે.

### ઓપરેશન સિન્દુર રોકવા
પહેલા પાનાનું ચાલુ

ઓફ મિલિટરી ઓપરેશન્સે ભારતીય દળ્ર્સ સાથે વાત કરી અને ત્યારબાદ બંને દેશો ૧૦ મેથી જમીન, હવા અને સમુદ્રમાં તમામ પ્રકારની સૈન્ય કાર્યવાહી રોકવા પર સહમત થયા.

ચીનના આ નવા દાવા પછી તેની ભૂમિકા અંગે ફરીથી ચર્ચા શરૂ થઈ ગઈ છે, કારણ કે ચીન અને પાકિસ્તાનના સંબંધો ખૂબ નજીકના માનવામાં આવે છે.

ચીન, પાકિસ્તાનને સૌથી વધુ હથિયારો આપનારો દેશ છે, તેથી તેના પર સવાલો ઉભા થતા રહ્યા છે કે તે આ મામલામાં કેટલુ નિષ્પક્ષ રહી શકે છે.

### નેપાળમાં વિમાન
પહેલા પાનાનું ચાલુ

વિમાન ઝાપાના ભદ્રપુર એરપોર્ટ પર રાત્રે લગભગ ૯:૦૮ વાગ્યે ઊતર્યું. લેન્ડિંગ દરમિયાન વિમાને કાબૂ ગુમાવ્યો અને રનવે પાર કરીને બાજુના ઘાસના મેદાનમાં જઈને અટકી ગયું.

વિમાન રનવે પરથી ઊતરતાંની સાથે જ મુસાફરો ભયભીત થઈ ગયા હતા, પરંતુ પાઈલટની સતર્કતાને કારણે કોઈને ગંભીર ઈજા થઈ ન હતી. ઝાપાના મુખ્ય જિલ્લા અધિકારી (સીડીઓ) શિવરામ ગેલાલે જણાવ્યું હતું કે અકસ્માતમાં કોઈ ઈજા થઈ નથી. દરેકને વિમાનમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

બુદ્ધ એરએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે વિમાનનું ટેક્નિકલ નિરીક્ષણ કરવા માટે કાઠમંડુથી નિષ્ણાતોની એક ટીમ ભદ્રપુર મોકલી છે. જણાવાયું છે કે એ ક્ષેત્રમાં વિમાનની છેલ્લી ઉડાન હતી. તેણે ભદ્રપુર એરપોર્ટ પર રાત રોકાવાનું હતું અને બીજા દિવસે સવારે પહેલી ફ્લાઈટ દ્વારા કાઠમંડુ પાછા ફરવાનું હતું.

### જનતાએ ચૂંટીને
પહેલા પાનાનું ચાલુ

મીનીટ, ૫૦ સેકન્ડ બોલેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કુલ ૩ કલાક ૫૦ મીનીટ બોલેલા વિપક્ષ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૪ કલાક ૧૪ મીનીટ ૬ સેકેન્ડ બોલેલા, સપા નેતા અખિલેશ યાદવ ૪ કલાક ૪૮ મીનીટ બોલેલા, પ્રિયંકા ગાંધી ૧ કલાક ૪૦ મીનીટ ૩૨ સેકન્ડ બોલેલા.

આ ઉપરાંત એઆઈએમઆઈના નેતા અસદુદીન ઓવૈસી ૨ કલાક ૪૦ મીનીટ ૧૮ સેકન્ડ બોલેલા. ભાજપ નેતા મનોજ તિવારી ૩૨ મીનીટ ૨૩ સેકન્ડ બોલેલા, સપા નેતા ડિમ્પલ યાદવ ૨૭ મીનીટ ૫૨ સેકન્ડ બોલેલા, ભાજપ નેતા કંગના રનૌત ૨૧ મિનિટ ૫૦ સેકન્ડ બોલેલા, કોંગ્રેસ નેતા શશિ થરૂર ૨ મિનિટ ૧૩ સેકન્ડ બોલેલા.

૧૦ સાંસદોએ લેખિતમાં સવાલ પૂછ્યા હતા જેમાં રાહુલ ગાંધીએ ૩૪, પ્રિયંકા ગાંધીએ ૧૪, ડિમ્પલ યાદવે ૮, અસદુદીન ઓવૈસીએ ૮૭, શશિ થરૂર-૯૩, હેમામાલિનીએ ૨૩, રવિ કિશન ૧૮૩, શત્રુઘ્નસિંહાએ ૬, કંગના રનૌતે ૧૨૯, મનોજ તિવારીએ ૧૮૨ સવાલો લેખિતમાં પૂછ્યા હતા, અનેક સાંસદોએ હાજરીની વિધિ પૂરી કરી હતી.

### દિલ્હીમાં વાંદરાઓનો
પહેલા પાનાનું ચાલુ

પર કૂદે છે અને તેમને તોડી નાખે છે. વાંદરાઓથી દિલ્હી વિધાનસભામાં મંત્રીઓ, ધારાસભ્યો અને અધિકારીઓની સુરક્ષાને લઈને પણ ચિંતા રહે છે.

એક અધિકારીએ જણાવ્યું કે પહેલાં વિધાનસભા પરિસરમાં લંગૂરના પૂતળાં લગાવવાની પણ યોજના હતી, પરંતુ વાંદરાઓએ તેમનાથી ડરવાનું બંધ કરી દીધું છે. ઉલટાનું, તેઓ તે પૂતળાઓ ઉપર બેસી જાય છે. આથી વાંદરાઓને ભગાડવા માટે લોકોની ભરતી કરવાની યોજના બનાવવામાં આવી છે.

આ પદ્ધતિ અસરકારક અને માનવીય માનવામાં આવે છે, કારણ કે તેમાં વાંદરાઓને નુકસાન પહોંચાડવામાં આવતું નથી. આ દરમિયાન કર્મચારી યોગ્ય સાધનો, શિસ્ત અને સુરક્ષા ધોરણોના પાલનની ખાતરી કરવા માટે પણ જવાબદાર રહેશે. કર્મચારીઓ માટે દેખરેખ અને વીમા કવચની વ્યવસ્થા પણ હશે.

### લક્ષણ વિના પેંક્રિયાઝ
પહેલા પાનાનું ચાલુ

જોબ્સનું મૃત્યુ થયું હતું.આ દુનિયામાં પહેલીવાર નથી જ્યારે AI દ્વારા સ્વાદુપિંડના કેન્સરની ઓળખ થઈ હોય. અમેરિકા, બ્રિટન અને ચીનમાં છેલ્લા કેટલાક વર્ષોથી AI ટૂલ્સ પર સંશોધન ચાલી રહ્યું છે, જે CT સ્કેન, MRI, બ્લડ ટેસ્ટ પેટર્ન, મેડિકલ રેકોર્ડ દ્વારા સ્વાદુપિંડના કેન્સરની ઓળખ કરે છે. પરંતુ રૂટિન ડાયાબિટીસ ટેસ્ટના ડેટામાંથી ખૂબ જ પ્રારંભિક તબક્કામાં કેન્સરની ઓળખ કરવી એ ચમત્કારિક માનવામાં આવી રહ્યું છે.

કિયુ સિજુન હવે સ્વસ્થ છે અને પોતાના ખેતરમાં શાકભાજી ઉગાડી રહ્યા છે. તેમણે કહ્યું કે તેમને AI ની વધુ સમજ નથી, પરંતુ સમયસર મળેલી ચેતવણીએ તેમનો જીવ બચાવી લીધો.

આ કિસ્સો ઉદાહરણ છે કે કેવી રીતે ચીનની ટેક કંપનીઓ અને હોસ્પિટલો, કેન્સર ટ્રીટમેન્ટની સૌથી મુશ્કેલ સમસ્યાઓને હલ કરવા માટે AI નો ઉપયોગ કરી રહી છે.સામાન્ય રીતે સ્વાદુપિંડના કેન્સરમાં લક્ષણો ત્યારે જ દેખાય છે, જ્યારે તે ઘણું વધી ગયું હોય છે. આ કેન્સરની તપાસ માટે જે પણ ટેસ્ટ થાય છે, જેમ કે કોન્ટ્રાસ્ટ સીટી સ્કેન, તેમાં ખૂબ જ વધારે રેડિયેશન હોય છે. તેથી ઘણા નિષ્ણાતો મોટા પાયે સ્ક્રીનિંગની સલાહ આપતા નથી.

ઓછા રેડિયેશનવાળા વિકલ્પો, જેમ કે નોન-કોન્ટ્રાસ્ટ સીટી સ્કેનમાં તેની જાણ થતી નથી. આ કારણે રેડિયોલોજિસ્ટ માટે ગડબડી ઓળખવી મુશ્કેલ બની જાય છે. હવે AI આમાં બદલાવ લાવી રહ્યું છે. AI નાના-નાના બદલાવોને ઓળખી રહ્યું છે, જેને માનવીય આંખો ઘણીવાર જોઈ શકતી નથી.

ચીનની પીપલ્સ હોસ્પિટલમાં ઉપયોગમાં લેવાઈ રહેલું ટૂલ નોન-કોન્ટ્રાસ્ટ સીટી સ્કેનમાં જ સ્વાદુપિંડના કેન્સરની ઓળખ કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. આ ટૂલનું નામ 'PANDA' છે, એટલે કે 'પેન્ક્રિએટિક કેન્સર ડિટેક્શન વિથ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સ્વાદુપિંડના કેન્સરની ઓળખ).

### કાંકરીયામાં
પેજ-૨ પાનાનું ચાલુ

કરતાં, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા તપાસ કરવામાં આવી હતી. જીપીસીબીએ આ કચરો પાછો સુરત મહાનગર પાલિકાને મોકલી આપવાની સૂચના આપી છે. આ ઘટના અત્યંત ગંભીર છે, કારણ કે આવા ઘન કચરા અને બાયો-મેડિકલ વેસ્ટના કારણે કાંકરીયા ગામનું પર્યાવરણ બગડ્યું છે, ગામલોકોના આરોગ્યને નુકસાન થયું છે અને આસપાસના ખેતરોને પણ અસર થઈ છે.

ગામલોકોની ફરિયાદ પર, ગ્રામ પંચાયત કાંકરીયાએ મહુવા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી છે. વધુમાં, ગ્રામ પંચાયતે મામલતદારશ્રી અંબિકા તાલુકા, ટીડીઓ અંબિકા અને તાલુકા આરોગ્ય અધિકારી અંબિકાને જાવક નંબર ૧૮/૨૦૨૫ થી રજૂઆત કરી છે. તા. ૨૩-૧૨-૨૦૨૫ના રોજ મામલતદારશ્રી અંબિકાએ જીપીસીબીને જાણ કરીને પગલાં લેવા અને મહુવા પોલીસ સ્ટેશનમાં નિયમ અનુસાર કાર્યવાહી કરવા રજૂઆત કરી છે. તા. ૩૧-૧૨-૨૦૨૫ના રોજ જીપીસીબી દ્વારા સુરત મહાનગર પાલિકાને આ કચરા બાબતે સુધારાત્મક પગલાં લેવા જણાવવામાં આવેલ છે.

### ઉત્થાન ટ્રસ્ટ
પેજ-૨ પાનાનું ચાલુ

અવસરે વૈશાલી ચંદેલ, નીતા બારસાકવાળા, અમિતા રાણા સહિતના સભ્યો તથા મોટી સંખ્યામાં તાલીમાર્થી બહેનો હાજર રહ્યા હતા. ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજમાં મહિલા સશક્તિકરણ અને શિક્ષણ માટે આવા પ્રેરણાદાયી કાર્યક્રમો સતત યોજવામાં આવે છે

### પાટીદાર સમાજની
પેજ-૨ પાનાનું ચાલુ

નથી. પાયલ સાકરિયાએ વધુમાં જણાવ્યું હતું કે, રાજયના વિધાર્થીઓ તેમજ યુવાનોને યોગ્ય શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રકચર નબળી પુરવાર થયેલ છે ત્યારે સરકારના કાર્યમાં મદદરૂપ થવા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરતના નેજા હેઠળ નિર્માણાધિન શૈક્ષણિક સંકુલ માટે સરકારને તેમની ફરજ નિભાવવા બદલ અંદાજે ૩ કરોડનું ચુકવણું કરવાની ફરજ પડી રહેલ છે, જે શરમજનક હકીકત છે, ત્યારે અમારે મેયરશ્રીના માધ્યમથી સરકારશ્રીને જણાવવાનું કે, સરકાર દ્વારા તમામ સમાજ દ્વારા આ પ્રકારે ચલાવાતી સામાજીક પ્રવૃતિઓને પ્રોત્સાહન પુરૂ પાડવા ખાસ કેસમાં પેઈડ એફ.એસ.આઈ.માંથી મુકતિ આપવા દિશાનિર્દેશ બહાર પાડવાની જરૂરિયાત છે જે હકીકત સમજી તે મુજબની નીતિ નકકી કરવા અમારી મેયરશ્રીના માધ્યમથી માંગણી છે. જેની તેમના દ્વારા સરકારશ્રીમાં યોગ્ય સ્થળે રજુઆત કરવા જણાવ્યું હતું.

વધુમાં, વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ મેયર માવાણી જણાવ્યું કે, તેઓને સુરત શહેરના પ્રથમ નાગરિક તરીકેની જવાબદારી મળેલ છે જે સમાજને આભારી છે. મેયર સમાજના નામે જ ચુંટાયેલ છે અને સમાજના નામે જ તેઓને મેયર તરીકેનું પદ મળેલ છે ત્યારે સમાજનું ઋણ અદા કરવા સહિત સમગ્ર સુરત શહેર તેમજ રાજય સરકારના તમામ વિસ્તારોમાં વિધાર્થીઓના શૈક્ષણિક વિકાસ અને સંવર્ધન અર્થે આવા સેવાકીય કાર્યોને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર પેઇડ એફ.એસ.આઇ. માંથી સંપુર્ણ મુકિત મળે તે મુજબની નીતિ બનાવવા સરકારશ્રીમાં આગ્રહભરી રજુઆત કરી શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરતના સેવાયજ્ઞમાં અંદાજે રૂ.૩ કરોડની સરકારશ્રીમાંથી પેઇડ એફ.એસ.આઇ. રૂપી મદદની આહુતિ અર્પણ કરવા સાર્થક પ્રયાસ કરે.

### નિરંકારની
પેજ-૨ પાનાનું ચાલુ

જીવન મા સકારાત્મક પરિવર્તન લાવે છે અને નિરંકારને સર્વોચ્ચ તરીકે ઓળખીને, તેમના જીવનમાં સેવા, સુમિરણ અને સત્સંગને પ્રાથમિકતા આપે છે.

સત્ગુરુ માતાજીએ જણાવ્યું કે ભક્તની ઈચ્છા એ છે કે દરેક નવું વર્ષ તેમને પહેલા કરતાં વધુ સેવા, સુમિરણ અને સત્સંગ સાથે જોડે, સાથે સાથે તેમની સાંસારિક જવાબદારીઓ પણ પુરી નિષ્ઠા થી નિભાવે. જ્યારે જીવન પોતે એક સંદેશ બની જાય છે અને કર્મ શબ્દો કરતાં વધારે બોલે, ત્યારે જ સાચી સાધનાનો સ્વરૂપ પ્રગટ થાય છે. આ જ ક્ષણમાં, પુરી ચેતન અવસ્થા સાથે, નિરંકારના એહસાસમાં જીવવું જ વાસ્તવિક જીવન છે, કારણ કે ભૂતકાળ અને ભવિષ્ય ફક્ત માયાનું રૂપ છે. જ્યારે મનને વિશ્વાસ દ્રઢ થાય કે કાલે પણ દાતારની ઈચ્છા હતી અને આજે પણ તેમની કૃપા છે, ત્યારે ચિંતાઓ આપમેળે સમાપ્ત થઈ જાય છે, અને જીવન સરળ અને સંતુલિત બને છે.નવું વર્ષ ફક્ત તારીખ બદલવાનું નથી, પરંતુ પ્રેમ, મીઠાસ, સૌમ્યતા અને સમજણને સ્વીકારવાની તક છે. નફરત અને દુશ્મનાવટથી દૂર રહીને, બીજાઓની લાગણીઓને સમજવા અને ખામીઓને ઢાંકીને સદ્ગુણોને સ્વીકારવામાં સાચી ભક્તિ છે. દરેક શ્વાસ સુમિરણ થાય, દરેક ક્ષણમાં નિરંકાર નો વાસ રહે - આ જ નવા વર્ષનો સાચો અર્થ અને સંદેશ છે. નવા વર્ષ નિમિત્તે, સત્ગુરુ માતાજીએ અંતમાં બધા શ્રધ્ધાળુઓ માટે સુખ, સમૃદ્ધિ અને આનંદમય જીવનની શુભકામનાઓ પાઠવી.

### પ્રાથમિક શાળાઓના
પેજ-૨ પાનાનું ચાલુ

સુરતની સુમુલ ડેરી, સાયન્સ સેન્ટર, AM/NS (સ્ટીલ ઉદ્યોગ) અને SVNIT કોલેજ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની વિશેષ મુલાકાત કરાવવામાં આવી હતી. જેના થકી વિદ્યાર્થીઓને વિવિધ ઔદ્યોગિક પ્રક્રિયાઓનું પ્રત્યક્ષ જ્ઞાન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ, આધુનિક ટેકનોલોજી અને સંશોધન ક્ષેત્રની કામગીરીનો પરિચય મેળવ્યો હતો. જેનાથી બાળકોને શૈક્ષણિક સાથે વાસ્તવિક જ્ઞાન મેળવી તેઓમાં વૈજ્ઞાનિક વિચારશક્તિ, તર્કશક્તિ અને ટેકનોલોજી પ્રત્યે ઊંડો રસ વિકસાવવામાં મદદરૂપ સાબિત થશે.

પ્રોજેક્ટ કલ્પના હેઠળ વિદ્યાર્થીઓને મળતાં ફિલ્ડ એક્સપોઝરથી બાળકોનો ઉત્સાહ અને જિજ્ઞાસાવૃત્તિ વધવાની સાથે તેઓને ભવિષ્યના અભ્યાસ અને કારકિર્દી અંગે પ્રેરણા મળે છે. પ્રોજેક્ટ કલ્પના અંતર્ગત વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક રસ વધે, નવી ટેકનોલોજી પ્રત્યે સમજ વિકસે તેમજ સ્થાનિક ઔદ્યોગિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે શાળા સ્તરે સંકલન મજબૂત બને તે દિશામાં જિલ્લા પંચાયત સુરત દ્વારા સકારાત્મક પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૦૩ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫





નેશનલ રોડ સેફ્ટી ઓથોરિટી પ્રેરીત સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આયોજિત રોડ સેફ્ટી મંથના ઉદ્દઘાટન પ્રસંગે આજે સવારે પોલીસ પરેડ ગ્રાઉન્ડ, અઠવાલાઈન્સ સુરત ખાતે મુખ્ય મહેતમાન તરીકે મેયર દક્ષેશ માવાણી ઉપસ્થિત રહ્યા હતાં. સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત દ્વારા રોડ સેફ્ટી મંથ કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે સુરત શહેરના ટ્રાફિક શાખાના સંયુક્ત પોલીસ કમિશનર રાઘવેન્દ્ર વત્સ, ટ્રાફિક સેક્ટર-૨ના નાયબ પોલીસ કમિશનર અનુપમ, ટ્રાફિક સેક્ટર-૧ના નાયબ પોલીસ કમિશનર મન્ના મોમાયા વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હનીફ મલેક)

## ભેસ્તાનમાં છૂટા પૈસાના મુદ્દે મહિલા પર ટપોરીઓનો હુમલો

### ચાની લારી ચલાવતી મહિલાને માર મરાતા પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

ભેસ્તાન એસએમસી આવાસ નવાબ વાડી નવજીવન મીલની સામે ચાની લારી ચલાવતી મહિલા પાસે સિગારેટ લીધા બાદ છુટા પૈસા નહોવાને કારણે મહિલાએ પૈસા પરત કરતા વાર લાગતા ઉશ્કેરાયેલા ત્રણ લુખ્ખાઓએ મહિલાને ઢીક મુક્કીનો માર માર્યો હતો. આ મામલે ગઈકાલે ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

ભેસ્તાન પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ભેસ્તાન એસએમસી આવાસ કાલીપીચની બાજુમાં રહેતી સલમા ઝમીર શેખ ઉ.વ.૪૦ તેના ઘર નજીક ચાની લારી ચલાવે છે. દરમિયાન ગઈકાલે તેમની ચાની લારી પર સલમાન ઉર્ફે જસ્સી, સાહિલ ઉર્ફે મુસા અને મુજ્જુ નામના ત્રણ અસામાજીક તત્વો સિગારેટ પીવા ગયા હતા. સીગારેટના પૈસા સલમા શેખને આપ્યા બાદ છુટા પૈસા ન હોય બાકીના પૈસા પરત આપવામાં મોડુ થતા ઉશ્કેરાયેલા સલમાન ઉર્ફે જસ્સીએ ૪૦ વર્ષિય મહિલા સલમા શેખ સાથે ગાળા ગાળી કરી તેને ઢીક મુક્કીનો માર માર્યો હતો. ત્રણેય જણાએ બખેડો કરી મહિલાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં ત્રણેય સામે ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

## ભેસ્તાનમાં ટેરેસ પર પેશાબ કરવા બાબતે ઝઘડામાં બે ભાઈઓ પર હુમલામાં એકનું મોત

### પાંચ જેટલા સગીર છોકરાઓએ દેરાણી-જેઠાણીને પણ ફટકારી : હુમલામાં ઘાયલ એકની હાલત ગંભીર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

ભેસ્તાન વિસ્તારમાં ગઈ મોડી રાત્રે લોહીયાળ જંગ ખેલાયો હતો. નવાબ રેસીડેન્સીમાં રહેતા બે સગાભાઈઓ ઉપર જીવલેણ હુમલામાં એકનું મોત નિપજ્યું હતું. જ્યારે બીજાને ગંભીર હાલતમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયો હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. વધુમાં ટેરેસ પર પેશાબ કરવા બાબતે ઝઘડો થયો હતો. આરોપીઓ સગીર વયના હોવાનું જાણવા મળ્યું છે.



નવી સિવિલ હોસ્પિટલ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ બિહારના મુઝ્ઝફરપુર જિલ્લાના અઈયાપુર થાણા જમાલાબાદ ગામના વતની અને હાલ ઉન દારૂઉલ મસ્જીદની ગલીમાં કાલીપીચ રેલવે ફાટક પાસે તિરૂપતિનગરમાં રહેતા અજમેરી ખાતુન મુઝફ્ફરહુસેન અંસારી ઉ.વ.૨૮ ઘરકામ કરે છે. દરમિયાન ગઈકાલે સાંજના સમયે તિરૂપતિનગરના પ્લોટ નં.૨૧ થી ૨૪ના ટેરેસ પરત આવેલી રૂમની બહાર પેશાબ કરવાના મુદ્દે ૫ સગીરોએ ભેગા મળી અજમેરી ખાતુન તેમજ તેની દેરાણી સજીદાખાતુનને ગડદા પાટુનો માર મારી તેમજ દિયર મોહમદ ઝફર હુસેન મોહમદ અસગરઅલી અંસારી તથા પતિ મુઝફરહુસેન પર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં મોહમદ ઝફર હુસેનનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે મુઝફર હુસેનને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

આ લખાઈ રહ્યું છે ત્યારે ભેસ્તાન પોલીસે હત્યામાં સંડોવાયેલા પાંચેય સગીરોને ઝડપી પાડ્યા છે.

## તાપમાન ૧.૪ ડિગ્રી ગગડતા સુરતમાં ઠંડીની અસર વધી

### ઉત્તર દિશાથી પવન ફૂંકાતા ઠંડીના પ્રમાણમાં વધારો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

ઉત્તર દિશા તરફથી પવન ફૂંકાતા સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઠંડીના પ્રમામમાં વધારો થયો છે. સુરતમાં આજે સવારે તાપમાનમાં દોઢ ડિગ્રી જેટલો ઘટાડો થતા ઠંડીના પ્રમામમાં વધારો થઈ રહ્યો છે.

હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યા મુજબ સુરતમાં આજે સવારે તાપમાન ૧૬.૦ ડિગ્રી નોંધાયું છે. જે ગઈ કાલે સવારે ૧૭.૪ ડિગ્રી હતું. એટલે આજે સવારે તાપમાન ૧.૪ ડિગ્રી ઘટીને નોંધાયું છે. જ્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાન ૨૯.૪ ડિગ્રી જળવાયેલું છે. અનો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૬ ટકા નોધાયું છે. સુરતમાં ડિસેમ્બર મહિનામાં ઠંડીનું પ્રમાણ સાધારણ રહ્યું છે. હવે જાન્યુઆરી મહિનો શરૂ થતા ક્રમશઃ તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. સુરતમાં આજે સવારે ઉત્તર દિશા તરફથી ચાર કિમીની ઝડપે પવન ફૂંકાતા ઠંડીના પ્રમાણમાં વધારો થયો છે.



**અંબિકા નિકેતન :** આજે પોષ પૂર્ણિમા સાથે માઘ મેળાનો પણ આરંભ થયો છે. પોષ પૂનમ નિમિતે આજે સુરતના અઠવાલાઈન્સ ખાતે આવેલા અંબિકા નિકેતન મંદિરમાં શાકંભરી ઉત્સવમાં માતાજીને વિવિધ શાકનો ભોગ ધરાવવામાં આવ્યો હતો.

## સરથાણામાં પિતા-પુત્રએ પડોશી ત્રણ બહેનો પર કરેલો હુમલો

### કોમન દિવાલના પૈસા બાબતે મારામારી થતા મામલો પોલીસમાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

સરથાણા ખાતે કાનાણી પિતા-પુત્રએ પડોશમાં રહેતી ત્રણ ગોયાણી બહેનોને દિવાલના ભાગના પેટે પૈસા આપ્યા બાદ મારમારતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

સરથાણા ખાતે ધનલક્ષ્મી સોસાયટીમાં રહેતા નયના રાજેશ ગોયાણી મૂળ સુખરપરગામ ગારીયાધાર અમરેલીના વતની છે. નયના ગોયાણીએ તેમની સોસાયટીમાં રહેતા ગીરધર કાનાણી અને તેના પુત્ર ઉમેશ ગીરધરભાઈ કાનાણી સામે પોલીસ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, નયના ગોયાણી તેમના ઘરે હાજર હતા. તે વખતે ગીરધર કાનાણી નયનાબેનના ઘરે આવી દિવાલના ભાગ પેટે પૈસા આપ્યા હતા અને તેના કાગળો અમારા મોઢા ઉપર

ફેંકી નયનાબેનને લાફો માર્યો હતો ત્યારબાદ દિકરા ઉમેશે પણ લાફો માર્યો હતો. તદ્દુપરાંત નયનાબેનના બેન સુધાબેનને પીઠના ભાગે પેચ્યા મારી તેમજ ગીરધરએ પોતાની પાસેની પ્લાસ્ટીકની પાઈપથી નાની બહેન ઉષાને માથાના ભાગે મુંઢ ઈજા પહોંચાડી હતી. આ અંગે નયના ગોયાણીએ આપેલી ફરિયાદ મુજબ ગીરધર કાનાણી અને તેના પુત્ર ઉમેશ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## ગ્લોબલ માર્કેટના વેપારી પાસેથી માલ ખરીદી રૂા.૭૩ લાખની ઠગાઈ

### માલ મેળવી પેમેન્ટ નહીં ચૂકવતા કાંદીવલીના ઠગ વેપારી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

ગ્લોબલ માર્કેટના વેપારી પાસેથી દલાલ ધ્રુવ અગ્રવાલ મારફતે કાંદીવલીના વેપારી તારીક ખાને કાપડનો મોટો જથ્થો મંગાવી રૂ.૭૨ લાખ નહી ચૂકવી વિશ્વાસઘાત કર્યો હતો. વરાછા પોલીસે દલાલ અને વેપારી સામે વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. મૂળ જોધપુરના વતની અને હાલ પર્વત પાટીયા ન્યુ યર સમ્રાટ હાઈસ્કુલ પાસે સમ્રાટ ટાઉનશીપમાં રહેતા રૂપેશ રામસ્વરૂપ રાઠીએ તારીક તૈયબ ખાન( ધંધો કાપડનો વેપાર રહે.કાંદીવલી મહારાષ્ટ્ર) અને દલાલ ધ્રુવ અગ્રવાલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે, રૂપેશ રાઠી ગ્લોબલ માર્કેટમાં ગારમેન્ટસ ફેબ્રીક્સ નામની દુકાન ધરાવે છે. દલાલ ધ્રુવ અગ્રવાલ મારફતે કાંદીવલીના વેપારી તારીક તૈયબ ખાને રૂપેશભાઈ પાસેથી કાપડનો માલ ખરીધ્યો હતો. જેના પેમેન્ટ પેટે ૭૨,૦૦,૦૦૦ લેવાના નિકળ્તા હતા. અવાર નવાર માંગવા છતા રૂપેશભાઈને આપતા ન હોય છેતરપિંડી કરી હતી. આ અંગે રૂપેશ રાઠીએ તારીક અને દલાલ ધ્રુવ સામે વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

**માલના સાટામાં રૂા.૬૦ લાખના ચેક રિટર્ન થતા પોલીસ ફરિયાદ**

પર્વત પાટીયા રૂપેશ રાઠી સાથે સુરતના શ્યામ ટેક્સટાઈલ્સના વેપારી પંકજ અગ્રવાલ અને રીકલ પંકજ અગ્રવાલ(રહે.સ્ટાઈલ હોમ હાઈટ્સ, પર્વત દેવધ રોડ)એ પણ વિશ્વાસઘાત કર્યો હતો. પંકજ અને રીકલે રૂપેશ રાઠી પાસેથી પણ કાપડનો માલ ઉઠાવ્યો હતો. જેના પેમેન્ટ પેટે પંકજ અને રીકલે ચેક પણ આપ્યા હતા. જે ચેક રિટર્ન થયા હતા. ત્યારબાદ પેમેન્ટ રૂ.૬૦ લાખ નહી ચૂકવી પંકજ અને રીકલે છેતરપિંડી કરી હીત.

## વરાછા કો-ઓપ બેંકની લોનના હપ્તાના ચેક રિટર્ન થતા આરોપીને એક વર્ષની કેદ

### આરોપીએ બેંકમાંથી રૂા. એક લાખની શૈક્ષણિક લોન લીધી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

શૈક્ષણિક હેતુ માટે લીધેલી લોનના હપ્તાની ચુકવણી પેટે આપેલા ચેક રીટર્ન કેસમાં જલાલપુરના ડાયમંડ વર્કર હસમુખ સાગધરાને કોર્ટે એક વર્ષની કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

સુરતની ધી વરાછા કો.ઓ. બેંક લિ. પાસેથી આરોપી હસમુખ ખોડા સાગધરાએ શૈક્ષણિક હેતુ માટે રૂ. ૧,૦૦,૦૦૦/- ની લોન લીધી હતી. લોન હપ્તાની ચુકવણીમાં અનિયમિતતા જણાતા, બાકી લેણી રકમ રૂ. ૬૨,૭૮૩/- ના ચુકવણા માટે આરોપીએ તા. ૦૭-૦૬-૨૦૨૪ નો ચેક આપ્યો હતો, જે બેંકમાં રજૂ કરતા 'અપૂરતા ભંડોળ' ના કારણે પરત થયો હતો.

બેંકના એડવોકેટ રમેશ વી. સાનેપરા મારફતે લીગલ નોટિસ આપવા છતાં રકમ ન ચુકવાતા સુરત કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. કેસની સુનાવણી બાદ, નામદાર કોર્ટે પુરાવા અને રજૂઆતોને ગ્રાહ્ય રાખી આરોપીને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ તકસીરવાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. ઉપરાંત, ૬૦ દિવસમાં વળતર પેટે રૂ. ૬૨,૭૮૩/- ચુકવવાનો આદેશ કર્યો છે, જે ન ચુકવે તો વધુ ૩ મહિનાની સજાનો હુકમ કર્યો છે.

## આસારામ જહાંગીરપુરા આશ્રમમાં પહોંચતા અંધ ભક્તો ઉમટી પડ્યા

### બળાત્કાર કેસમાં દોષિત આસારામનું સુરતના આશ્રમમાં ઢોલ-નગારા સાથે સ્વાગત

**સુરત, તા.૦૩**

દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા અને તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્વાસ્થ્યના કારણોસર શરતી જામીન મેળવનાર આસારામ લગભગ ૧૩ વર્ષ બાદ સુરત પહોંચ્યા છે. ભાવનગરથી રો-રો ફેરી મારફત આગમન કરનાર આસારામના જહાંગીરપુરા આશ્રમમાં પહોંચતાની સાથે જ હજારો અનુયાયીઓમાં ભારે ઉત્સાહ અને ભક્તિભાવ જોવા મળ્યો હતો. ઢોલ-નગારા સાથે સ્વાગત માટે અંધ ભક્તો આશ્રમના ગેટ પર જ હાથમાં દીવડાં લઈને ઊભા રહી ગયા હતા.

આસારામ આગામી ત્રણ દિવસ સુરત આશ્રમમાં રોકાશે અને આયુર્વેદિક સારવાર લેશે તેમજ સાધકો સાથે મુલાકાત કરશે. આસારામના સમર્થકોએ તેમને ભવ્ય સ્વાગત આપ્યું હતું અને તેમના વિરુદ્ધના આરોપોને ષડયંત્ર ગણાવીને બચાવ કર્યો હતો. આશ્રમની બહાર અને અંદર ભક્તોની ભીડને લીધે કાયદો-વ્યવસ્થા જાળવવા તંત્ર સતર્ક બન્યું છે.

વર્ષના પ્રથમ દિવસે એટલે કે પહેલી જાન્યુઆરીએ સુરતના જહાંગીરપુરા આશ્રમમાં એક ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો. આસારામ ખાસ બસ દ્વારા આશ્રમ પહોંચતા જ મોટી સંખ્યામાં એકત્ર થયેલા તેમના અનુયાયીઓએ હર્ષોલ્લાસ સાથે તેમનું સ્વાગત કર્યું હતું. આશ્રમના પ્રવેશદ્વારથી લઈને અંદરના પરિસર સુધી ઢોલ-નગારાથી સ્વાગત કરાયું હતું અને ભક્તોએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. આ ખાસ પ્રસંગે આખા આશ્રમને રોશનીથી શણગારવામાં આવ્યો હતો અને મુખ્ય માર્ગો પર આકર્ષક રંગોળીઓ પણ બનાવવામાં આવી હતી.

## ઉધનાની એન્જીનીયરિંગ કંપનીમાંથી રોકડ રૂપિયા ૧૧.૭૦ લાખની ચોરી

### રોકડા રૂપિયા ઉપરાંત મહત્વના ડેટા સાથેની હાર્ડડિસ્કની પણ ચોરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

ઉધના ખાતે આવેલી ઈસ્ટન એન્જીનીયરીગ કંપનીમાંથી રોકડા રૂ.૧૧.૭૦ લાખ અને અગત્યના ડેટાવાળી હાર્ડ ડિસ્ક ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ ઉધના પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

ઉધના ખાતે રોડ નં.૦૬ ઈસ્ટન એન્જીનીયરીગ કંપની આવેલી છે. જેના સંચાલક અફરોઝ જીમી પાટલવાલા છે. ૩૦ ડિસેમ્બરની મોડી સાંજથી બીજા દિવસે વહેલી સવાર દરમિયાન અફરોઝભાઈની કંપનીમાં અજાણ્યા તસ્કરો ધસી આવ્યા હતા. તસ્કરોએ કંપનીની જાળી કાપી અંદર પ્રવેશ્યા હતા. ત્યારબાદ કંપનીના પ્રથમ માળે ઓફીસના દરવાજાનું તાળુ કોઈ સાધનથી તોડી અંદર ઓફીસમાં પ્રવેશ કરી ખાનામાંથી રુપીયા ૧૧,૭૦,૨૪૮ તેમજ એક્ષટર્નલ હાર્ડ ડીસ્ક જેમા અગત્ય ના ડેટા સંગ્રહ કરેલ હોય તે ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે અફરોઝ પાટલવાલાને જાણ થતા તેઓએ ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ કે.એ.પટેલ કરી રહ્યા છે.


## પશ્ચિમ રેલવે વિકલી સ્પેશિયલ ટ્રેનોની ટ્રીપ વધારશે

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | સેવાનો દિવસ | વધારાશે |
|---|---|---|---|---|
| ૦૪૭૨૮ | વલસાડ | હિસ્સાર | ગુરૂવાર | ૨૯.૦૧.૨૦૨૬ |
| ૦૪૭૨૭ | હિસ્સાર | વલસાડ | બુધવાર | ૨૮.૦૧.૨૦૨૬ |
| ૦૯૫૭૫ | રાજકોટ | મહેબુબનગર | સોમવાર | ૨૩.૦૨.૨૦૨૬ |
| ૦૯૫૭૬ | મહેબુબનગર | રાજકોટ | મંગળવાર | ૨૪.૦૨.૨૦૨૬ |

ટ્રેનોના સમય બંધારણ અને સ્ટોપેજ વિશે વધુ જાણકારી માટે કૃપયા મુલાકાત લો: www.enquiry.indianrail.gov.in

ટ્રેન નં.૦૪૭૨૮ અને ૦૯૫૭૫ ની લંબાવેલી ટ્રીપનું બુકિંગ ૦૪-૦૧-૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ હોવાથી ભાડુ પણ સ્પેશિયલ રહેશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

મહેરબાની કરી રીઝર્વ ટીકીટ માટેના ઓળખના તમામ પુરાવાઓ સાથે રાખો



## જાહેર નોટીસ

મહેરબાન સુરતના મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સાહેબની (સહાયક) કોર્ટમાં, સુરત. કોર્ટ રૂમ નં.૩૦૮, ત્રીજા માળે, નવી કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત. શ્રી બી.કે.અવસીયા સાહેબની કોર્ટમાં, (૯માં એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જડજ)

અરજદાર:- પાર્થ પરેશકુમાર મહેતા — એમ.એ.સી.પી.નં. ૧૧૫/૨૦૨૫

વિરૂધ્ધ

સામાવાળા:- (૬) મનહરભાઈ કરસનભાઈ પટેલ
રહે. એ/૧૦૧, સરગમ કોમ્પલેક્ષ, ભુલકાભવન સ્કુલ પાસે, સુરત.

આથી તમો સામાવાળા નં.૬ ને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, તમો સામાવાળા નં.૬ ની માલીકીની કાર નં.જી.જે.૨૧.સી.એ.૮૨૯૯ સદર કામના સામાવાળા નં.૪ ગફલતભરી રીતે હંકારી તા.૦૫/૦૯/૨૦૨૪ ના રોજ પાલ ઉમરા બ્રીજ, પાલ મુકામે અકસ્માત કરેલ, જેમા અરજદાર પાર્થ પરેશકુમાર મહેતાને ગંભીર ઈજાઓ થયેલ, જે બદલ સદર કામના અરજદારે એમ.એ.સી.પી.નં.૧૧૫/૨૦૨૫ થી રૂા.૨,૦૦,૦૦,૦૦૦/- ની વળતર મેળવવા અરજી દાખલ કરેલ છે.

તમો સામાવાળા નં.૬ ને તમારા ઉપરોકત સરનામે વારંવાર કોર્ટ દ્વારા નોટીસની બજવણી કરાવડાવવા છતાં નોટીસની બજવણી થતી નથી, જેથી આ જાહેર નોટીસથી તમોને જણાવવાનું કે તમો સામાવાળાનાઓ તારીખ ૧૬મી જાન્યુઆરી સને ૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તમો જાતે અથવા માહીતગાર વકીલશ્રી મારફતે રૂબરૂ હાજર થવું અને જો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરી ગણી સદરહું અરજીનો તમારી ગેરહાજરીમાં નિકાલ કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તા.૧ લી જાન્યુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યુ.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| (એમ.જી.ચાવડા) આસીસ્ટન્ટ (૯માં એડી.ડીસ્ટ્રી.એન્ડ સેસન્સ જડજ) | (ટી.જે.મોદી) સુપ્રિન્ટેન્ડન્ટ (૯માં એડી.ડીસ્ટ્રી.એન્ડ સેસન્સ જડજ) | (એલ.પી.પારેખ) ઈ.ચા.ડેપ્યુટી રજીસ્ટાર ડીસ્ટ્રીકટ કોર્ટ સુરત |